## - પગદંડીએ પામીએ પ્રકાશ

જીવનમાં ચોપાસ ગાઢ વિષાદનો અંધકાર વીંટળાઈ ગયો હોય. વિષમતાથી ચિત્ત વિક્ષુબ્ધ બન્યું હોય, એવે સમયે કોઈ એક વિચાર કે પ્રસંગ એવો મળીજાય, કે આપણે પ્રેરણાની પગદંડીએ પહોંચી જઈએ.

વર્તમાન સમયે સમગ્ર માનવજાત કોરોના મહામારીના ભયના ઓથાર હેઠળ જીવી રહી છે, ત્યારે જીવનમાં પ્રેરણાનું બળ સિંચતા દૃષ્ટાંતો અને પ્રસંગોનો સંચય આપવા માટે, શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના આપણે આભારી છીએ.

"પ્રેરણાની પગદંડી" સહુને પ્રેરણાદાયી બની રહેશે.

– પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પ્રેરણાની પગદંડી ~ ગુણવંત બરવાળિયા



# પ્રેરણાની પગદંડી

- ગુણવંત બરવાળિયા

# પ્રેરણાની પગદંડી

**ગુણવંત બરવાળિયા**

**પ્રાપ્તિ સ્થાન**


## અશોક પ્રકાશન મંદિર

**પહેલે માળે, કસ્તૂરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, ગાંધી રોડ,**
**અમદાવાદ - ૩૮૦૦૦૧. ફોનઃ ૦૭૯-૨૨૧૪ ૦૭૭૦ * ફેક્સઃ ૨૨૧૪૦૭૭૧**
E-mail : hareshshah42@yahoo.co.in
apmbooks42@yahoo.in

## નવભારત સાહિત્ય મંદિર

**૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.**
**ફોન : ૨૨૦૧ ૭૨૧૩, ૨૨૦૮ ૫૫૯૩**
E-mail : nsmmum@yahoo.co,in

## નવભારત સાહિત્ય મંદિર

**જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૧.**

**૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ - ૯.**

**૧૬, સિટી સેન્ટર, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯**

Prernani Pagdandi
**by Gunvant Barvalia**
September - 2020

© **Dr. Madhuben G. Barvalia**

પ્રથમ આવૃત્તિ :
**સપ્ટેમ્બર ૨૦૨૦**

**પ્રેરણાની પગદંડી**
**ગુણવંત બરવાળિયા**

મૂલ્ય : રૂા. ૧૫૦/-

**આવરણ**
**દેવલ મેહૂલ મહેતા**

**પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન**

* **Arham Spiritual Centre**
**SKPG Jain Centre**
716 Gold Crest, L. B. S. Road,
Mumbai - 400 086.
Tel : 91-22-2500 0900

* **Navbharat Sahitya Mandir**
134 Princess St. Mumbai - 2

મુદ્રણ વ્યવસ્થા : **અરિહંત પ્રિંટીંગ પ્રેસ**
પંતનગર, મુંબઈ - ૪૦૦૦૭૫.
મો. : ૯૨૨૩૪૩૦૪૧૫

# ઉપહાર


પાંચ માતાને પ્રણામ
વાત્સલ્યનું અસ્ખલિત ઝરણું વહાવનાર
જન્મદાત્રી માતા, વિદ્યાનું દાન દેનાર વિદ્યાગુરુ,
આત્માની ઓળખ કરાવી બીજો જન્મ આપનાર
માતા સમાન ગુરુ ભગવંત,
સમગ્ર જીવસૃષ્ટિને જીવાડનાર ધરતી માતા,
કામધેનુ સ્વરૂપા ગાયમાતા, જળપ્રદાતા નદી -
સરીતા રૂપ લોકમાતા ને વિનય ભાવે વંદના!

## પ્રસ્તાવના

'' પ્રેરણાની પગદંડી'' પ્રગટ કરતાં આનંદ થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં મારા પ્રગટ થયેલા પુસ્તકોમાંના લેખોમાં આપેલ દૃષ્ટાંતોના પ્રસંગો, ઉપરાંત સંતોના પ્રવચનમાં અને સત્સંગમાં સાંભળેલા પ્રેરક પ્રસંગો ગ્રંથસ્થ કર્યા છે.

કેટલાંક મિત્રોનો આગ્રહ હતો કે માત્ર આવા પ્રસંગોનો જ સંગ્રહ પ્રગટ કરવો. ટુંકા ટુંકા લખાણો સચિત્ર આપવા કે જે સ્નેહી, મિત્રો, સંસ્થાઓને અને નાના પુસ્તકાલયો અને વાંચનાલયોને ભેટમાં આપી શકાય.

અહીં આપેલા પ્રસંગો રામાયણ, મહાભારત, ઉપનિષદ વેદ, જાતક કથાઓ જૈન કથાનકોમાંથી લીધેલા છે. કેટલાંક સંતો અને મહાપુરુષોના જીવનના છે. તો વળી કેટલીક સામાન્ય વ્યક્તિના જીવનમાં બનતી અસામાન્ય પ્રેરક ઘટનાનું પણ આલેખન કર્યું છે.

પ્રસ્તાવના લખી આપવા બદલ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો આભાર તથા પ્રકાશન માટે નવભારત સાહિત્ય મંદિરનો આભાર.

આ પ્રસંગો વાંચતા દયાધર્મ, સદાચાર, નિતી, દાનભાવના અને કૌટુંબિક સાંમજસ્યની પ્રેરણા મળશે. તેવી આશા છે.

કોરોનાની આ મહામારીમાંથી વિશ્વ મૂક્ત થાય તેવી પરમાત્માને પ્રાંજલ પ્રાર્થના.

**– ગુણવંત બરવાળિયા**

સ્વાતંત્ર્ય દિવસ - ૨૦૨૦
૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ,
ઉપાશ્રયલેન,
ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૭
**મો. ૯૮૨૦૨૧૫૫૪૨**

## - પગદંડીએ પામીએ પ્રકાશ

જીવનમાં ચોપાસ ગાઢ વિષાદનો અંધકાર વીંટળાઈ ગયો હોય, મનમાં ભારે બોજ સમી ઉદાસીનતા છવાઈ ગઈ હોય, ચિત્ત વેદના કે વિષમતાથી ક્ષુબ્ધ બન્યું હોય, મનમાં નકારાત્મક (નૅગેટિવ) વિચારોનું ચગડોળ પૂરા વેગથી ઉપર-નીચે ઘૂમતું હોય, એવે સમયે કોઈ એક વિચાર, પ્રસંગ કે ઘટના એવી મળી જાય કે જેથી આપણે પ્રેરણાની પ્રકાશિત પગદંડીએ પહોંચી જઈએ. એ પ્રેરણા વિષાદને આશાવાદમાં, ઉદાસીનતાને ઉત્સાહમાં, ઉપાધિને સમાધિમાં, વિફળતાને સફળતામાં અને નકારાત્મકતાને સકારાત્મકતા (પોઝિટિવ)માં ફેરવી નાખે, ત્યારે વ્યક્તિની સમગ્ર જીવનશૈલીમાં હજાર સૂરજનાં અજવાળાં પથરાઈ જાય છે.

શાસ્ત્રોના સાગરમાંથી કોઈ મોતી શોધી લાવવું, સંતો અને વિભૂતિના જીવનમાંથી કોઈ સદ્‌બોધ તારવી લેવો કે કોઈ સામાન્ય માનવીએ જીવનમાં બતાવેલી અસાધારણ ક્ષમતાનું આલેખન કરવું, એ આ પ્રેરણાની પગદંડી પર આપણને મળતો આશાનો છાંડયો છે, સદાચારની પરબ છે, દયાધર્મનું વારિ છે અને કૌટુંબિક સામંજસ્યનો સથવારો છે. માનવહૃદયમાં રહેલા અગાધ સામર્થ્યની જ્યોતને સંકોરવાનું કામ પ્રેરણા કરે છે, અને એની અભિવ્યક્તિમાંથી વ્યક્તિને જીવનબળ અને પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે.

વર્તમાન સમયે સમગ્ર માનવજાત કોરોના મહામારીના ભયના ઓથાર હેઠળ જીવી રહી છે, ત્યારે જીવનમાં પ્રેરણાનું બળ સીંચતા દૃષ્ટાંતો અને પ્રસંગોનો સંચય આપવા માટે શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના આપણે આભારી છીએ. મને શ્રદ્ધા છે કે લેખક, સંપાદક અને જ્ઞાનસત્રના આયોજક એવા શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ એમના અગાઉના ગ્રંથોમાં આલેખેલી ઘટનાઓમાંથી રચેલી ''પ્રેરણાની પગદંડી'' સહુને પ્રેરણાદાયી બની રહેશે.

**- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

# અનુક્રમણિકા


૧. ખજાનો ........................................................ ૯
૨. સદ્‌ગતિ કે દુર્ગતિ માનવના અંતરમનને આભારી છે ............... ૧૧
૩. અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ ........................... ૧૩
૪. દુઃખનું મૂળ આસક્તિ ............................................ ૧૫
૫. જન્મદાત્રી માઃ અસ્ખલિત વાત્સલ્યનું ઝરણું ........................ ૧૬
૬. ખેતરના બીજથી રોપાણ આત્મબીજ
સ્વગુણ ગુપ્તિ નીજદોષદર્શન ......................................... ૨૦
૭. જીવનમાં ક્રિયાન્વિત થાય તે જ સાચી વિદ્યા ......................... ૨૨
૮. આદર સત્કાર .................................................. ૨૪
૯. સત્યના માર્ગે મુક્તિની યાત્રાઃ
સત્યની સંપત્તિ અંદર છે, બહાર નથી ................................. ૨૫
૧૦. સત્યને માર્ગે મુક્તિની યાત્રાઃ સત્યનો પ્રભાવ ....................... ૨૭
૧૧. મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય .................................. ૨૯
૧૨. લોભઃ ઝાંઝવાનાં જળ સમાન ....................................... ૩૧
૧૩. આવા માણસ થઈને શું લાભ? ...................................... ૩૩
૧૪. વૈરાગ્યનો દીવો ................................................ ૩૫
૧૫. દિવ્ય સુખનો અલૌકિક પ્રદેશ ...................................... ૩૭
૧૬. અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં? ............................. ૪૧
૧૭. સમાજનું કડવું સત્યઃ પ્રમોદભાવનાનો લોપઃ ........................ ૪૩
૧૮. સાદગી અને સરળતાનું સૌંદર્ય ..................................... ૪૫
૧૯. પ્રભુનું પ્રતીક .................................................. ૪૭
૨૦. પ્રવૃત્તિઓ ઘણી બદલી, હવે વૃત્તિને બદલીએ ......................... ૪૮
૨૧. પિતૃહૃદયની વત્સલ્યતાનું દર્શન ................................... ૫૦
૨૨. વિનય સાથે વિવેકનું સાયુજ્યઃ કાંચનમણિ યોગ ..................... ૫૨
૨૩. ત્યારે નરેશની આંખ ખૂલી ગઈ ..................................... ૫૪
૨૪. સારપની ખેતીનું સાફલ્ય .......................................... ૫૫
૨૫. ઈશ્વર જ બચાવી શકે ............................................. ૫૬
૨૬. પ્રતિભાબીજની માવજત ........................................... ૫૮

# અનુક્રમણિકા


૨૭. શરણાગતિ ........ ૫૯
૨૮. જીવદયાના જ્યોતિર્ધર ........ ૬૧
૨૯. અભયદાનનું મૂલ્ય ........ ૬૩
૩૦. સંકલ્પનું બળ ........ ૬૪
૩૧. વૃક્ષ મંદિર ........ ૬૬
૩૨. ઠંડી ગરમી ........ ૬૮
૩૩. મહાત્માનો જવાબ ........ ૬૯
૩૪. સાધનશુદ્ધિના પ્રયોગવીર ........ ૭૧
૭૫. ચેતનાનું જાગરણ ........ ૭૫
૭૬. નિઃસ્પૃહતા ........ ૭૭
૭૭. લતાજીના કંઠનું માધુર્ય ........ ૭૮
૭૮. અંધાપો કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે ........ ૭૯
૭૯. દાનમાં ધનના પસીનાની સુગંધ હોય! ........ ૮૧
૮૦. માણસ જો જોડાઈ જાય, તો દુનિયા જોડાયેલી જ છે ........ ૮૩
૮૧. ત્રીજો ચૂલો ........ ૮૪
૮૨. પ્રામાણિકતાથી પરમતત્ત્વ વશમાં વર્તે ........ ૮૬
૮૩. દિવ્ય વિશ્વબેંકનો ચેક ........ ૮૭
૮૪. સુગંધનું મૂલ્ય ........ ૮૯
૮૫. કન્યાદાન ........ ૯૧
૮૬. પરંપરાનું રહસ્ય ........ ૯૪
૮૭. કાલની કોને ખબર છે? ........ ૯૬
૮૮. જ્ઞાન, સાધના અને વિનય ........ ૯૮
૮૯. મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે? ........ ૧૦૦
૯૦. ભૂમિનો પ્રભાવ ........ ૧૦૨
૯૧. આપઘાઈ પશુ ........ ૧૦૪
૯૨. યજ્ઞનું રહસ્ય ........ ૧૦૬
૯૩. મૃત્યુનો પગરવ ........ ૧૦૮
૯૪. ગુરુજીની વિશિષ્ટ કસોટી ........ ૧૧૦



# ખજાનો

નાનુડી ગામને પાદરે દસ-બાર ઝૂંપડાંના ઝૂંડમાં ગરીબ કાના કુંભારનું એક નાનુંસરખું ઝૂંપડું ! ઘરમાં માટીનો ચૂલો અને થોડાં વાસણો, માટીના ઠામ-ઠીકરા અને ફાટેલી ગોદડીઓના ગાભા, દરિદ્રનારાયણનાં દર્શન કરાવે. ગરીબીમાં જીવે, મહેનત-મજૂરી કરતાં રોટલો પૂરતા પૈસા માંડ રળી ખાય !

એના મનમાં હંમેશા શ્રીમંત થવાના વિચારો ઘૂમ્યા કરે. એક રાત્રે ઊંઘમાં એણે એક સ્વપ્ન જોયું. બાજુમાં ખાંભાનગરમાં ઘાતરવડી નદીના પૂલ પાસે ઘણું બધું ધન દાટેલું પડ્યું છે. કાનાએ સ્વપ્નની વાત પર ધ્યાન આપ્યું નહીં. બીજી વાર રાત્રે એ જ સ્વપ્ન આવ્યું. જાણે કોઈ ત્યાં જવાની પ્રેરણા કરતું હોય, પરંતુ માંડી વાળ્યું. ત્રીજી રાત્રે ફરી એ જ સ્વપ્ન, જાણે તેને કોઈ ત્યાં જવાની આજ્ઞા કરતું હતું.

કાનો હવે અધીરો બન્યો, ખાંભા જઈ ઘાતરવડી પૂલ પાસે જવાનો નિશ્ચય કર્યો.

એ દિવસોમાં ભારત સરકાર દીવ-દમણ અને ગોવાને પોર્ટુગિઝ-ફીરંગીઓથી મુક્ત કરવા કૃતિશ્ચયી બની હતી. દીવ, દમણ અને ગોવામાં ત્રીરંગો લહેરાવવાની નહેરુની હાકલનો પ્રતિછંદ જાણે હવામાં ધ્રૂજી રહ્યો. સૈનિકોએ કૂચ કરી. ખાંભા, ઉના, દીવ સુધી મિલીટરીએ તંબૂઓ તાણી પડાવ નાખ્યા. ખાંભા, ઉના, દીવ સુધી જવાના દરેક પૂલ પર સૈનિકો પહેરો ભરતા. ખાંભામાં રાજપૂતાના રેજિમેન્ટની રાવટીઓમાં સૈનિકોની છાવણી હતી.

સંધ્યા સમયે ચોરીછુપીથી લપાતોછુપાતો કાનો ઘાતરવડી નદીના પુલ પાસે પહોંચ્યો. આવ્યો. પ્રેમના પૂજારી , ઘાતરવડના ધણી, **વીર માંગડાવાળાની લુપ્ત થયેલી નગરીનો કોઈ ખજાનો નદીમાં તણાઈને આ પૂલ નીચે દટાયેલો હશે** તેવી આશામાં બીજા નાળા પાસે પહોંચ્યો. ધીરે ધીરે બીજા એક સૈનિકની નજર એના પર પડી. તરત જ એને પકડ્યો અને પૂછ્યું, કેમ અહીં આંટા મારે છે? કાનાએ ડરના માર્યા પોતાના સપનાંની સાચી વાત કરી દીધી. સપનાંની વાત, ખજાનાની વાત સાંભળીને પેલો સૈનિક ખડખડાટ હસી પડ્યો. કાનાને ખોટું લાગ્યું. એ ખીજવાઈ ગયો. શું હસો છો, આમ પાલગની જેમ ?

હસુ નહીં તો શું કરું ? આવાં સપનાં તે કંઈ સાચાં થતાં હશે ? જો આવા સપનાં સાચાં પડતાં હોત તો હું અત્યારે અહીં પહેરો ભરતો ન હોત, પણ નાનુડી ગામના કાના કુંભારના ઘરે હોત !

કેમ ? કાનો ચમકી ઊઠ્યો....

કારણ કે મને એવું સપનું આવેલું કે કાના કુંભારની ઝૂંપડીમાં પાણિયારા પાસે, બ્રિટિશકાળના ચાંદીના રાણીસિક્કા, સોનામહોરો અને ઘરેણાથી ભરેલા બે ચરૂ દટાયેલા પડ્યા છે. બોલ ! તો તો હું જઈને કાઢી ન લાવત, પણ સપનાં ઈ તો ભાઈ સપનાં, હું એ ભ્રમણામાં નથી પડતો, સારું, સારું ત્યારે મારો ધક્કો નકામો થયો, કહી કાનો કુંભાર ઝડપભેર પોતાને ગામ આવ્યો. ઘરમાં જઈ બારણું બંધ કરી, કોશ લઈ, પાણિયારું ખોદવા લાગ્યો, થોડી વારમાં કોશ, ચરુ સાથે અથડાવવાથી ખડીંગ કરતો અવાજ આવ્યો ને કાનો કાનજીભાઈ થઈ ગયો...

**ખજાનો આપણી ભીતરમાં છે ... ને આપણે બહાર શોધવા ભટકીએ છીએ.**

ભૌતિક ખજાનો મળતાં, આ ઉપનય કથાના નાયક, કાનાનું આ ભવનું દારિદ્રય ટળ્યું, પરંતુ આપણી ભીતર તો તેજપૂંજ રૂપ આત્મખજાનો પડ્યો છે. તેને પામતા આપણી ભવપરંપરા સુધરી જાય.

અજ્ઞાન-દારિદ્રય ટળે ને જ્ઞાનસમૃદ્ધિ સંપ્રાપ્ત થાય. કસ્તુરી શોધતા મૃગની જેમ આપણે બહાર ભટકીએ છીએ. કારણકે આપણી અંદર રહેલી દિવ્ય સુગંધનું સરનામું આપણી પાસે નથી, જે ક્ષણે એ સ્થળની ભાળ મળે એ દિન આપણે માટે સુગંધ પર્વ બની જશે.



# સદ્‌ગતિ કે દુર્ગતિ માનવના અંતરમનને આભારી છે

એ નગરમાં એક જ દિવસે બે મૃત્યુ થયાં. એક સંત મહાત્માનું અને એક ગણિકાનું બંને એક જ સમયે વિદાય થયાં. બંનેના ઘર સામ સામે, એક બીજાના ઘરમાં શું થઇ રહ્યું છે તે બંને સારી રીતે જાણતાં હતાં.

પરંતુ યમદૂતો જ્યારે બંનેના આત્માને લેવા આવ્યા ત્યારે આશ્ચર્યકારક ઘટના ઘટી, એક યમદૂત ગણિકાનો જીવ લઇ સ્વર્ગ તરફ જવા લાગ્યો બીજો યમદૂત યોગીનો આત્મા લઇ નર્ક તરફ જવા લાગ્યો. યોગીએ યમદૂતને પૂછ્યું, ભાઇ, તમારી કોઇ ભૂલ તો નથી થતી ને ? ગણિકાને બદલે તમે મને ભૂલમાં નરકમાં લઇ જઇ રહ્યા છો આ તે કેવો અન્યાય ? આ તે કેવું અંધેર ?

યોગીએ પૃથ્વી તરફ જોયું તો તેના દેહને પુષ્પહારથી શણગારવામાં આવ્યો હતો. મૃતદેહને મૂકવા માટે ભવ્ય પાલખી બનાવવામાં આવી હતી, અંતિમયાત્રા ધામધૂમથી નીકળવાની તૈયારી ચાલતી હતી. અંતિમદર્શન માટે ભક્તોની ભીડ જામી હતી. ભજનમંડળીઓ વાજિંત્રો સાથે આવી પહોંચી હતી, જ્યારે ગણિકા-વેશ્યાના મૃતદેહને ઉપાડનાર કોઇ હાજર ન હતું, લાશ ઘરની બહાર રસ્તામાં એક ખૂણે પડી હતી, કૂતરા અને ગીધ મિજબાની ઉડાવવા તત્પર હતાં.

આ જોઇને યોગી બોલ્યા, ‘તારાથી તો વધારે વિવેકયુક્ત અને ન્યાયપૂર્ણ વ્યવહાર આ પૃથ્વીલોકના માણસો કરી રહ્યાં છે. એતો જો, કાંઇક સમજ અને સત્વરે તારી ભૂલ

સુધાર !'

યમદૂતે કહ્યું, પૃથ્વીના લોકો તો માત્ર બહાર દેખાય તેટલું જ જાણી શકે છે એમની પાસે માત્ર આંખ છે. શરીર અને બાહ્ય વ્યવહાર જ આંખ દ્વારા જોઈ શકાય છે. દૃષ્ટિ હોય તો શરીરથી આગળ ઊંડાણમાં જોઈ શકાય છે. અમે તો દિવ્યદૃષ્ટિથી સૂક્ષ્મ જોયા પછી જ ન્યાયયુક્ત નિર્ણયો લઈએ છીએ. પ્રશ્ન શરીરનો નથી મનનો છે ! શરીરથી તું સંન્યાસી હતો, પરંતુ તારા અંતરમનમાં શું હતું ? શું તારા સંપૂર્ણ મન પર વાસનાનો કબજો ન હતો ? ગણિકાના ઘરમાં થઈ રહેલા નાચ ગાન રંગરાગમાં તારું મન ડૂબી ગયું હતું. તું સતત વિચારતો હતો કે મારું જીવન કેટલું નીરસ વ્યતીત થઈ રહ્યું છે. **આ ગણિકા કેવી રંગરેલી, મોજ-મજા ઉડાવી રહી છે. હાય હું દુર્ભાગી !** આ જ જીવનનો સાચો આનંદ માણી રહી છે. કામવાસનાને તે ઈષ્ટ માની તેમાં આસક્ત હતો. મનથી જ, ઈષ્ટના વિયોગથી તું આર્તધ્યાનમાં રહેતો, શરીર પરનાં ટીલાં, બાહ્ય વહેવારો લોકોને ધર્મમય લાગતાં. તારું ચિત્ત વાસનામાં ભડકે બળતું હતું અને ગણિકાના સાન્નિધ્યની સતત ઝંખના વાંછના અને કલ્પના !

પરંતુ તને ખબર છે કે ગણિકાની માનસિક સ્થિતિ કેવી હતી ? એ ગણિકાને તો તારા સંન્યાસી જીવનમાં જે શાંતિ અને અપૂર્વ આનંદ દેખાતો હતો, તે પામવા માટે, સહરાના રણમાં સુકાયેલા કંઠે પ્રવાસી શીતળ જળને ઝંખે તેવી તીવ્ર ઝંખના કરતી હતી ! રાત્રે જ્યારે તું ભજન ગાતો, અને પ્રાતઃકાળે મધુર મંગળ શ્લોકો ગાતો ત્યારે એ ગણિકા પ્રભુમય બની જતી. તારા બાહ્યરૂપ અને ગાનને પવિત્ર માની ભાવવિભોર બની જતી. આંસુ સાથે પ્રાર્થના કરતી કે પ્રભુ મારાં કૃત્યોને માફ કરી મને આવું નિર્મળ જીવન આપ ! એક બાજુ તારા દંભની ક્ષિતિજોનો વિસ્તાર કરતો તું સંન્યાસી હોવાના અહંકારને પુષ્ટ કરતો હતો તો બીજી બાજુ પેલી ગણિકા-વેશ્યા પોતાના પાપી જીવનનો એકરાર અને પશ્ચાત્તાપથી વિનમ્ર અને પાવન બનતી જતી હતી. પરંતુ તું તારા માનથી ગર્વિષ્ઠ બનતો જતો હતો. તારી વ્યતક્તત્વ ને કલિષ્ટ ભાવનાઓનું અહંકારમાં પરિણમન થયું અને ગણિકાની શુભ ભાવનાઓથી તેનું વ્યક્તિત્વ અહંકારશૂન્ય બની ગયું. ગણિકાના ચિત્તમાં, તેના મૃત્યુ પૂર્વે તેની વાસના અને અહંકાર મૃત્યુ પામી ચૂક્યો હતાં. મૃત્યુ સમયે તેનું સમગ્ર ચિત્તતંત્ર પરમાત્માની પ્રાર્થનામાં લીન હતું.

સંન્યાસી નિરુત્તર રહ્યો !

શાંતસુધારસના ઉપાસક પૂ. વિનયવિજયજીએ કહ્યું છે કે મનુષ્યના મનનું પરિવર્તન, પરિપૂર્ણ પરિવર્તન આવશ્યક છે. **શારીરિક, બાહ્ય, વ્યાવહારિક કે વસ્ત્રપરિવર્તન એ આલંબન છે. માત્ર આંતરિક પરિવર્તનનું જ મૂલ્ય છે.**

માનવીની સદ્‌ગતિ કે દુર્ગતિ તેના અંતરમનને આભારી છે.



# અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ

ઝૂકીને જીતવાની કળા એટલે ક્ષમાપના, ક્ષમાપના એટલે પશ્ચાત્તાપના ભાવો, ક્ષમાપના એટલે ક્રોધ, અહંકાર આદિ કષાયોના ભારથી આત્માને મુક્ત કરવાની ક્રિયા. જૈનો 'મિચ્છામિ દુક્કડમ્'' કહી ક્ષમા માગે છે.

આપણા દોષોની અને બીજાને આપેલ પીડા-દુઃખોને પશ્ચાત્તાપ કરવાનો આ પ્રસંગ છે. આપણી ભૂલોનો એકરાર કરી ક્ષમા માગવાનો અને બીજાની ભૂલોને ભૂલી જઈ ક્ષમા આપવાનો અવસર એટલે ક્ષમાપના.

ક્ષમાના ભાવ હૃદયપરિવર્તન કરાવે છે. વિયેટનામના યુદ્ધનો એક પ્રસંગ છે. બીજા વિશ્વયુદ્ધ પછી જ્યારે પૂર્વએશિયામાં ફ્રેંચ સામ્રાજ્યનો અંત આવ્યો ત્યારે વિયેટનામના બે ભાગલા પડી ગયા. ઉત્તરમાં સામ્યવાદની સરકાર અને દક્ષિણમાં અમેરિકાતરફી હકુમતનું સામ્રાજ્ય. એક જ દેશના ભે ભાગ વચ્ચે લડાઈ ચાલતી હતી, ત્યારે અમેરિકાનું રાક્ષસી શસ્ત્રબળ દક્ષિણ વિયેટનામની પડખે હતું.

૧૯૭૨ના જૂનમાં ઉત્તર વિયેટનામમાં કીમફૂક નામની બાલિકા તેના કુંટુંબ સાથે એક બૌદ્ધમંદિરમાં આશરો લઈ રહી હતી. ત્યારે દક્ષિણના વિમાનોએ આવીને અગનગોળા વરસાવતો બૉંબ મંદિર પર નાખ્યો. બાલિકા કીમનો ભાઈ તત્કાલ મોતને શરણ થયો. પોતાનાં કપડાનેય આગ લાગી. મંદિર તો શું જાણે આખું ગામ અગ્નિકુંડ બંની ગયું. સળગેલાં વસ્ત્રો ઉતારીને વેદનાથી ચીસો પાડતી નવ વર્ષની એ

નગ્નકન્યા રસ્તા પર દોડતી-ભાગતી હતી તેની તસવીર તે વખતે નીક નામના અમેરિકન છબીકારે ઝડપી લીધી. જગતભરના વર્તમાનપત્રોમાં આ તસવીર પ્રગટ થયેલી. અમેરિકન લોકમતને વિયેટનામ યુદ્ધ વિરોધ બનાવવામાં આ તસ્વીરનો ફાળો હતો. પાછળથી અમેરિકાનું સન્માનનીય પુલિત્ઝર પારિતોષિક આ છબીને મળેલું.

યુદ્ધના યાતાનામય દિવસો પછી કીમના જીવનમાં ઘણાં પરિવર્તનો આવ્યાં. ૧૯૮૪માં વતન છોડી ક્યુબામાં અભ્યાસ કરવા ગઈ. લગ્ન થયાં અને તે કેનેડામા ંસ્થાયી થઈ.

થોડા વર્ષ પહેલાં અમેરિકાની મુલાકાતે ગયેલી એ યુવતીએ વૉશિંગ્ટનમાં વિયેટનામના યુદ્ધમાં મરણ પોમલા અમેરિકન સૈનિકના સ્મારક પર ફૂલો ચડાવ્યાં અને પછી સભામાં બોલતાં કહ્યું કે -

'મારા અંતરમાં આજે પણ ક્ષમાનું ઝરણું વહે છે. શરીરથી અને મનથી આટલી બધી વેદના મેં ભોગવી છતાં હું સુખી છું, કારણકે હું ધિક્કાર વગર જીવું છું. મારા ગામ પર બૉંબ ફેંકનાર અમેરિકી વિમાનીનો જો મને ભેટો થાય તો પણ હું તેને ક્ષમા આપું અને કહું કે, **ભાઈ ભૂતકાળના ઇતિહાસને તો આપણે બદલી શકીએ તેમ નથી, પરંતુ શાંતિને ફેલાવવા માટે વર્તમાનમાં અને ભવિષ્યમાં કાંઈક કરવાની કોશીશ આપણે કરવી જોઈએ.'**

કાર્યક્રમ પૂરો થયા પછી કીમના ગામ પર બૉંબમારો કરવાનો હુકમ આપનાર અમેરિકન અફસર ટોળામાંથી બહાર આવીને કીમને ભેટી ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો કે મને માફ કરો, માફ કરો.'

ક્ષમાભાવ ગમે તેવા અપરાધીનું હૃદયપરિવર્તન કરાવી શકે છે. ક્ષમા ક્રોધને જીતે છે અને પ્રેમ દ્વેષીને જીતે છે. મનને સમતા રસના અમૃતકુંડમાં ઝબોળી દેવાથી જીવનમાં ક્ષમાની મહેંક પ્રસરી જશે.

ક્ષમા એ વીરનું આભૂષણ છે.



# દુઃખનું મૂળ આસક્તિ

સ્વામીનારાયણ પરંપરાના પૂ. ગોપાલાનંદ સ્વામી ગામેગામ સત્સંગ યોજે. એક ગામમાં સત્સંગ વેળા સદાશિવ નામના એક ભક્ત આવ્યા અને કહ્યું કે, સ્વામી, મારી હવેલીમાં પગલાં કરો, આજુબાજુના સાત ગામમાં મારા જેવી સુંદર અને વિશાળ હવેલી કોઈની નથી. તેમની વાતોમાં પોતાની હવેલીના મોંફાટ વખાણ અને મમતા પ્રગટ થયા વિના રહે નહીં. જ્ઞાની સંત સમજી ગયા કે ભક્ત, હવેલીની આસક્તિમાં અટવાઈ ગયા છે. ગોપાલાનંદસ્વામીએ સદાશિવ ભક્તને કહ્યું કે, હમણાં થોડા દિવસ સત્સંગ કરો, પછી જરૂર તમારી હવેલીમાં પગલાં કરીશ. આસક્તિને છોડાવવા ખૂબ સુંદર પ્રતિબોધ આપ્યો. સત્સંગમાં બેઠા હતા ત્યારં ચિઠ્ઠી આવી. સ્વામીએ ચિઠ્ઠી વાંચી ગાદી નીચે મૂકી દીધી. સત્સંગ પૂર્ણ થતાં સ્વામીજીએ સદાશિવને પૂછ્યું, કેમ લાગે છે ? આટલા દિવસના સત્સંગ પછી આસક્તિ કાંઈ મોળી પડી ? તો કહે, 'ગઈ'. તમારી હવેલી તમારી પાસેથી ચાલી જાય તો તમને દુઃખ થાય ? તો કહે ના. સ્વામીજીએ ચિઠ્ઠી ગાદી નીચેથી કાઢીને વાંચી, તમારી હવેલી બળી ગઈ છે. સદાશિવે ખૂબ જ સ્વસ્થતાથી કહ્યું કે, મારે માટે તો એ ક્યારનીય બળી ગઈ છે. આસક્તિ જ દુઃખનું મૂળ છે, માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે, આસક્તિ જતાં દુઃખ જાય છે.




# જન્મદાત્રી મા : અસ્ખલિત વાત્સલ્યનું ઝરણું

આર્ય સંસ્કૃતિમાં મા પ્રથમ સ્થાને છે. મા પોતાના વાત્સલ્યના અનંત વહેતા ઝરણામાં નિરંતર સ્નાન કરાવે છે, તો પિતા દક્ષતાના સાગરમાં. માતા-પિતા સંતાનોના જીવન-સંકાર ઘડતરમાં એકબીજાનાં પૂરક છે.

સંતો અને કવિઓ માનો મહિમા ગાતા થાકતા નથી. કવિ સુરેશ દલાલને માતામાં અડીખમ વૃક્ષનાં દર્શન થાય છે, કારણ કે વૃક્ષ રક્ષા, છાયા અને ફળોનું સુખ આપે છે.

*બા,*
*તું એક એવું વૃક્ષ*
*જ્યાં ઝંઝાવાત પણ*
*નિરાંતનો શ્વાસ લે !*

સર્જક રમેશ જોષી બાની 'યાદ'ની ફરિયાદ પણ કવિતામાં કહે છે -

*જિંદગી પણ કેવી કમાલ છે !*
*પહેલાં આંસુ આવતાં ત્યારે, બા યાદ આવતી*
*ને આજે બા યાદ આવે*

માતાના આશીર્વચનને મકરન્દ દવે 'મોરછાપ પરવાનો' ગણાવે છે. તેઓને એક દિવસ પોતાની માતાએ રાજીપો દર્શાવતાં કહ્યું કે-

*'તું પહેલે નંબર પાસ થઈશ'*

*કવિ કહે છે કે –*
*લેખ ચડ્યો કિરપાનો,*
*મળ્યોજી મુને મોરછાપ પરવાનો !*
*હાડહાડમાં હેત ભર્યું જેનું*
*વેણ વેણ વરદાન*
*દેખ ઘરેઘર એ જ બિરાજે, ભૂતળમાં ભગવાન.*

‘અમાસના તારા’માં સર્જક કિશનસિંહ ચાવડાએ પોતાની માતાનો વાત્સલ્ય પ્રસંગ ‘મંગળસૂત્ર’માં ખૂબ સુંદર રીતે આલેખ્યો છે –

‘‘મારા અભ્યાસ અને ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે ભરણ-પોષણની જવાબદારી બા ઉપર આવી પડેલ હતી.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર નવી સાઈકલ પડેલી જોઈ. પ્રફુલ્લિત ચહેરે બાએ કહ્યું : ‘‘કિશન, તારી સાઇકલ આવી ગઈ.’’ મેં કહ્યું –

‘‘બા, હમણાં મારે નહોતી જોઈ.’’ બા કહે : ‘‘ફેરવી તો જો તને કેવીક આવડે છે !’’ મેં નવી સાઇકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બંને ખુશ થઈ ગયાં.

ધનતેરસે અમે પૂજા કરવા બેઠાં ત્યારે બાએ મંગળસૂત્રની પૂજા ન કરી તે વિશે પૂછતાં બાએ કહ્યું કે – ‘‘તને સાઇકલ પર બેસીને જતો જોઉં એ જ મારી પૂજા છે.’’ મારા અંતરમાં ફાળ પડી. મેં કહ્યું : ‘‘બા, તમે મંગળસૂત્ર વેચીને આ સાઈકલ લઈ આવ્યાં ?’’ મારું આ વેણ સાંભળતાં જ મારા ઊતરેલા મુખને બાએ તેમની ડોક પર ઢાળી દીધું. મારાથી ન તો બાથ ભરાઈ, ન તો વહાલ કરી શક્યો.

બાનું એ મુખ આજેય જ્યારે હું સાઇકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ દેખાય છે અને અંતર દ્રવી ઊઠે છે. **સાઇકલો તો મારી ઘણી બદલાઈ છે, પણ બાનો એ ચહેરો નથી બદલાયો.’’**

અમેરિકામાં દર મે મહિનાના બીજા રવિવારે માનું સન્માન કરવા, માનું ઋણ સ્વીકારવા ‘મધર્સ ડે’ રૂપે ઉજવાય છે. ૧૯૦૮માં ફિલોડેલ્ફિયામાં સૌ પ્રથમ આ દિવસ ઉજવાયો હતો. હવે તો એ પશ્ચિમની દુનિયાનો સ્વીકૃત તહેવાર થઈ ગયો છે.

‘તીર્થોત્તમ’માં શ્રી હરીન્દ્ર દવે કહે છે કે – ‘‘માના ઋણને માથે ચડાવવા કોઈ તહેવાર ઉજવાય તે વાત હૃદયસ્પર્શી છે. પશ્ચિમમાંથી આપણે ઘણું બધું લીધું છે. પોષાક, રીતભાત, છિન્નભિન્ન કુટુંબ, ઘરડાઘર વગેરે. હવે પશ્ચિમનો તહેવાર આપણા સંસ્કારને જાગૃત કરવા માટે પણ ઉછીનો લેવાની વેળા આવી પહોંચી છે. ‘મા-બાપે અમને જન્મ આપ્યો છે, અમને મોટા કરે એમાં શું ? એટલી તો તેઓની

ફરજ છે.' આવો મિજાજ ધીરે ધીરે આપણે ત્યાં પણ આવતો જાય છે. હજી માતાનો મહિમા સંસ્કૃતિમાં છે એ તો રહેલો છે, પરંતુ ધીરે ધીરે માનું સ્થાન લોપાઈ જાય એ પહેલાં, વરસમાં એક દિવસ માતૃદિન ઉજવી માના ઋણનો જાહેરમાં સ્વીકાર કરીએ અને બાકીના ત્રણસો ચોસઠ દિવસ એને વ્યવહારમાં મૂકીએ તો કેવું ?

વિદેશમાં રહેતા પોતાના પુત્રને તેડાવવા માતાએ પત્ર લખ્યો. જવાબમાં પુત્રે લખ્યું : ''હું આવું છું, તારા એક સ્મિત માટે હું લાખ લાખ જોજનનું અંતર કાપવા તૈયાર છું મારી મા !'' આવો જવાબ વાંચી માની અમીમય આંખના વાત્સલ્ય સાગરમાં ભરતી ચડે. આવા પ્રસંગે કવિ બોટાદકરની કાવ્યપંક્તિનું સ્મરણ થયા વિના ન રહે –

*''મીઠી મધુ ને મીઠા મેહુલા રે લોલ...*
*એથી મીઠી છે મારી માત રે... જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."*

મુનિશ્રી સંતબાલજી કહે છે : ''વહાલી મૈયા, સ્ત્રી જાતિ તારું જ સ્થૂળ પ્રીતક છે. એ માતા છે એકદા એ પ્રસવિત્રી જનેતા હતી, આજે એ સવિત્રીશા ભર્તા છે.''

માતા દુગ્ધપાન દ્વારા વાત્સલ્યસુધાનો અખંડ સ્રોત પીને જ ભગવાન ભક્તવત્સલનું અભિમાન અને ભક્તહૃદયનો સવોત્તમ અધિકાર પમ્યા છે.

માતાનાં લોચન એ અમીની ખાણ છે. માતાનું મુખ દિવ્ય સૌંદર્ય અને પ્રતિભાનું પુંજ છે. માતાનાં ચરણના અમૃતનો સ્વાદ આપણા જીભ, ત્વચા કે બુદ્ધિ પામી જ ન શકે. એની હૃદયગત અનુભૂતિ માત્ર જગતને અમૃતથી તરબોળ કરી દે છે.

હે માતા ! તું જ મારા આતનું અને અંતરનું આદર્શ અને અમર પ્રતિબિંબ છો. મા, તારી છાયા એજ મર્ત્યલોકનું કલ્પતરુ અને તારી વાણી માનવલોકની મંગલ સ્વરૂપા કામધેનુ છે.''

**માનું વ્યક્તિત્વ એક સંસ્થા જેવું છે. એક હરતીફરતી વિદ્યાપીઠ સમાન છે.** પિતા પોતાનાં પુત્ર-પુત્રીને ભણાવવા અને પરણાવવા દેવું પણ કરે છે. પુત્રને ધંધામાં અને સમાજમાં ઊંચું સ્થાન અપાવવા વૃદ્ધાવસ્થા સુધી પોતાની જાત ઘસી નાખે છે. ઘણાં સંતાનો કહે છે કે – 'અમે દેશમાંથી અહીં આવ્યા ત્યારે અમારા પિતાએ કશું જ આપ્યું ન હતું. આજે અમારી પાસે મોટર-બંગલા બધું જ છે.' તેમના પુરુષાર્થ અને પુણ્યોદયને ધન્યવાદ. પરંતુ આપણે આપણી બનાવેલી જ ઇમારતને ઉન્નત મસ્તકે જોઈએ છીએ. તેના પાયામાં માતાના આશીર્વાદ અને પિતાના સંસ્કારની એમ બે સોનાની ઇંટો દટાયેલી પડી છે તે કદી ભૂલવું જોઈએ નહીં. પુત્રવધૂ અને જમાઈ માટે પોતાનાં સાસુ-સસરા પણ મા-બાપ જ છે, એ લાગણી અને પૂજ્યભાવ હોય તોજ ઉત્કૃષ્ટ આચરણ ગણાય.

પિતાના વચન કાજે ભગવાન શ્રીરામનો વનવાસ, માતા-પિતાની તીર્થરૂપે સંસારમાં સ્થાપના કરનાર શ્રી ગણેશ અને શ્રવણની માતૃપિતૃભક્તિનું પાવન સ્મરણ કરતાં અનુસરવા પ્રેરણા અને બળ મેળવીએ.

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર જ્યારે માતા ત્રિશલાના ગર્ભમાં હતા ત્યારે માને દુઃખ ન થાય તે માટે ગર્ભમાં હલનચલન ન કર્યું. માતાના સુખ માટેની આવી સૂક્ષ્મ સંવેદનાની ભાવનાને આપણે પ્રમાણ કરીએ.

જે માતા-પિતાએ પોતાનાં પુત્ર-પુત્રીને સંયમપંથની અનુમતિ આપી ધર્મ શાસનને પોતાની વહાલસોયી પુત્રી અને લાડકવાયા પુત્રની ભેટ ધરી છે એવાં પૂ. ગુરુભગવંતો અને પૂ. મહાસતીજીઓનાં માતા-પિતા કે જેઓ તીર્થંકર નામકર્મના અધિકારી છે, તેઓના મહાન ત્યાગને આપણે સૌ વંદન કરીએ.

જે મા-બાપે પોતાનાં સંતાનોને સંસારત્યાગી અધ્યાત્મ અને ધર્મમાર્ગે જવાની રજા આપી તે મા-બાપને કારણે જ સાધુ-સંતો-મહાત્માઓ ધર્મ અને અધ્યાત્મ જગતને મળ્યા છે તે માતા-પિતને અભિવંદના !

સંતાનોનું કર્તવ્ય માતા-પિતાને પાછલી વયમાં તેમના સ્વાસ્થ્યની દેખભાળ રાખી સેવા કરવાનું કે માત્ર ભૌતિક સુખો આપવા પૂરતું જ નથી, આદર્શ સંતાનોનું કર્તવ્ય તો એ જોવાનું છે કે મા-બાપનું સ્વમાન જળવાય, તેમના પ્રત્યે આદરભાવ રખાય અને માનસિક ચિંતા કે પરિતાપથી બચે; એટલે કે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનથી મુક્ત રહે અને ધર્મધ્યાનમાં પ્રવૃત્ત રહે. તેઓને સમાધિમરણ પ્રાપ્ત થાય તેવું અંતિમ સમય સુધી વાતાવરણ જળવાઈ રહે તેમાં જ સૌનું શ્રેય અને કલ્યાણ છે.

અંતમાં કાકાસાહેબ કાલેલકરે જે શબ્દોથી સંસ્કૃતિની સ્તુતિ કરી છે, કંઈક એવા જ ભાવથી હું માતૃવંદના કરીશ -

**''જીવન એ પ્રકૃતિ છે તો મા તેનો શણગાર છે,**
**જીવન જો ધરતી હોય તો મા તેનું સ્વર્ગ છે...!!''**



# ખેતરના બીજથી રોપાણા આત્મબીજ

## સ્વગુણ ગુપ્તિ... નીજદોષદર્શન

ચાતુર્માસ અર્થે બિરાજમાન વિદુષી ડૉ. તરુલતાજીના ગુરુણીમૈયા પૂ. બાપજી પ્રતિક્રમણ, ધ્યાન આદિ આવશ્યક અનુષ્ઠાન અને પ્રાતઃ ક્રિયાઓથી પરવારી ઉપાશ્રયના પાછળના ભાગની બાલ્કનીમાં ઊભા હતા. ધર્મસ્થાનકના પાછળના ભાગમાંના ખેતરમાં એક ખેડૂત વાવણી કરી રહ્યો હતો, તે દૃશ્ય સંત બારીકાઈથી જોઈ રહ્યા હતા. વાવણીનું કાર્ય કરતાં કરતાં એ ખેડૂત બાલ્કનીની એકદમ નજીક આવ્યો ત્યારે સંતે તે યુવાનને પૂછયું કે, ભાઈ! તું બીજ વાવી રહ્યો છે એ તો મેં જોયું, પરંતુ બીજ જમીનમાં વાવ્યાં પછી તું શું વિધિ કરતો હતો તે સમજાઈ નહીં. ખેડૂત યુવકે જવાબ આપ્યો કે, બાપજી, બીજ વાવ્યા પછી એ બીજ પર હું માટી નાખતો જતો હતો. સંતે કહ્યું, કે માટી શા માટે નાખવી પડે?

ખેડૂત યુવાનને કહ્યું કે, ખુલ્લાં બીજ ઊગતાં નથી, ફૂલતાં-ફાલતાં નથી. બીજને અંકુરિત કરવાં હોય, એક બીજમાંથી અનેક બીજ ઉત્પન્ન કરવાં હોય તો તેને માટીથી ઢાંકી દેવાં જરૂરી છે, નહીં તો એ તીવ્ર હવાથી

ઊડી જાય કે પક્ષીઓ ચણી જાય, કે સૂર્યના ભયંકર તાપથી શેકાય જાય. શેકાઈ ગયેલાં બીજનો ફાલ થતો નથી એટલે પાક આવતો નથી.

પૂ. બીપજીની ચિંતનધારા ચાલી... આપણે આપણાં અવગુણો, દુષ્કૃત્યો ઢાંકી દઈએ છીએ. આપણને તો આપણાં દોષ કે દુષ્કૃત્યો અવગુણરૂપે દેખાતાં નથી, પરંતુ એને ઢાંકવાથી-છુપાવી દેવાથી એ અન્યને પણ દેખાતાં નથી તેથી આપણો દંભ વધે છે. આપણા દોષો ગુણકની ગતિએ વધે છે, ફૂલ છે, ફાલે છે. એક દોષ અનેક દોષને જન્મ આપે છે. જેમ ઢાકેલા એક બીજમાંથી અનેક બીજ ઉત્પન્ન થાય છે તેમ.

આપણે આપણાં ગુણો, દાન કે સુકૃત્યો ગુપ્ત રાખતાં નથી. તેની વાત બધાને કરીએ છીએ, એ કામની જાહેરાતો કરીએ છીએ, તેને ખુલ્લાં મૂકીએ છીએ જેથી તે ફૂલતાં-ફાલતાં નથી. એકમાંથી અનેકનું સર્જન થતું નથી, કારણકે આત્મશ્લાધામાં ઊડી જાય, વાહવાહમાં વહી જાય, અહંકારમાં ઓગળી જાય. જેને ઢાંકવાં જોઈએ, જેને ગુપ્ત રાખવાં જોઈએ તેને આપણે ખુલ્લાં રાખીએ છીએ, જાહેર કરીએ છીએ અને જેને જાહેર કરવાં જોઈએ તે આપણે ઢાંકીએ છીએ, ગુપ્ત રાખીએ છીએ. આ અંગે આપણે ચિંતન કરી આત્મનિરીક્ષણ કરવું જરૂરી છે.

**આપણા દોષો ખુલ્લા રાખવાથી તેનો એકરાર કરવાની સરળતા રહે છે. નિર્દોષ, પવિત્ર શિખર પર જવાનું પવિત્ર પગથિયું એટલે નિજદોષનો એકરાર.**

સાધ્વી પૂ. સુતિર્થીકાજીએ પ્રવચનમાં જણાવ્યું હતું કે પૂજ્ય બાપજીએ બધીજ શિષ્યાઓને સાથે બોલાવીને કહ્યું કે હું તમારી ગુરુણી છું, પરંતુ મારા પર કોઈ ગુરુ નથી તમને મારો કોઈ દોષ જણાય તો નિઃસંકોચ મને જરૂર કહેજો જેથી હું દોષ નિવારી શકું.

આપણે સહચિંતન કરીએ, ''હું મારા ગુણોને ઢાંકી સદ્‌ગુણોને ગુણક ગતિએ વધારીશ મારા દોષદર્શન કરી પ્રતિક્રમણના ભાવ જગાડી દોષમુક્તિની યાત્રા તરફ પ્રયાણ કરીશ''.




# જીવનમાં ક્રિયાન્વિત થાય તે જ સાચી વિદ્યા

વિદ્યાવાનનું સમકિત જ્ઞાન દુઃખને પચાવવાની શક્તિ આપે છે.

શાસ્ત્ર પર માત્ર ભાષણ કરવાં કે સાંભળવાથી મુક્ત ન બનાય, એ તો માત્ર વાચાજ્ઞાન છે. તેને જીવનમાં ઉતારી વિવેકયુક્ત આચરણ જ માનવીને બંધનમુક્ત બનાવી શકે. આ સંબંધી વેદોમાં કહ્યું છે કે, **'क्रियावान एव ब्रह्माविंदा वरिष्ठ'** – આત્મવંતાઓમાં ક્રિયાવાન આત્મવંતા શ્રેષ્ઠ છે. વેદોએ આત્મવિદ્યાને ક્રિયાની કસોટી પર કસેલ છે.

મહાભારતના એક પ્રાચીન પ્રસંગમાં આ ઉક્તિનું સત્ય અભિપ્રેત છે.

ગુરુ દ્રોણાચાર્ય કૌરવો અને પાંડવોને સરખી રીતે વિદ્યાઓ શીખવતા હતા. એક દિવસ તમામ શિષ્યોની વચ્ચે બેસીને તેઓએ ઉપદેશ આપ્યો કે, 'મનુષ્યોએ કદી ક્રોધ ન કરવો. ક્રોધ કરવાથી વિવેક નાશ પામે છે અને વિવેકશૂન્ય મનુષ્યો યથાર્થ નિર્ણય લઈ શકતા નથી.'

શિષ્યોને તેમણે આ પાઠ, બીજે દિવસે યાદ કરીને લાવવા કહ્યું. નિયત સમયે બીજા દિવસે દ્રાણાચાર્યે નવો સ્વાધ્યાય શરૂ કરાવતાં પહેલાં બધાને સંબોધન કરી કહ્યું કે, કાલનો પાઠ તમે યાદ કરીને લાવ્યા ?' લગભગ બધાએ હા કહી,

પરંતુ યુધિષ્ઠિર ચૂપચાપ નતમસ્તકે બેઠા હતા. આચાર્ય સમજી ગયા. તેથી તેમણે કહ્યું, 'ઠીક છે, કાલે યાદ કરી લાવજે.'

બીજે દિવસે ગુરુએ પૂછ્યું, 'યુધિષ્ઠિર, આજ તો તું પાઠ યાદ કરીને આવ્યો જ હોઈશ ?' પરંતુ યુધિષ્ઠિરનો પ્રત્યુત્તર આજ પણ નકારાત્મક હતો. ગુરુએ રોષપૂર્ણ અવાજે કહ્યું, 'મૂર્ખ ! ત્રણ દિવસમાં એક પંક્તિ યાદ ન કરી શક્યો ? તને તો શરમ આવવી જોઈએ. આજે ક્ષમા કરું છું, કાલે અવશ્ય યાદ કરીને આવજે.'

ત્રીજે દિવસે પણ યુધિષ્ઠિરે કહ્યું, 'ગુરુદેવ ! આ પાઠ મને સંતોષકારક રીતે હજુ યાદ નથી રહ્યો.' ગુરુજીએ ગુસ્સામાં આવી યુધિષ્ઠિરને એક જોરદાર તમાચો માર્યો અને પછી કાન પકડીને કહ્યું કે, 'હવે તો બરાબર યાદ રહ્યો ને ?'

પીડાને સહેતાં સહેતાં ધીમેથી યુધિષ્ઠિર બોલ્યા, 'હા, ગુરુદેવ ! હવે બરાબર યાદ આવી ગયો છે.' ગુરુજી કહે, 'મને ખબર ન હતી કે તને મારવાથી જ પાઠ યાદ રહે છે !'

હવે યુધિષ્ઠિરે શાંતિ અને ધીરજથી કહ્યું, 'ગુરુદેવ ! વાત એમ નથી, પરંતુ આપે કહેલું ને કે મનુષ્યે ક્યારેય ક્રોધ ન કરવો જોઈએ. પહેલે દિવસે મને શંકા હતી કે આપ મને ઊંચા અવાજે પૂછશો અને મને ક્રોધ આવી જશે, બીજે દિવસે પણ મને વિશ્વાસ ન હતો કે આપ માર-પીટ કરીને કદાચ મને ક્રોધ આવી પણ જાય, પરંતુ આવા વિષમ સંજોગોમાં પણ મને ક્રોધ ન આવ્યો, હું સમતામાં રહી શક્યો એટલે હવે હું ચોક્કસ કહી શકું કે મને પાઠ યાદ રહી ગયો છે.'

ગુરુ દ્રોણે યુધિષ્ઠિરને છાતી સરસો લગાવી લીધો અને કહ્યું કે, વત્સ ! સાચા અર્થમાં તું વિદ્યાને પામ્યો છે. જ્ઞાનનું ફળ ક્રિયા છે. આચરણનો ધર્મ જ સાચો ધર્મ છે. જીવનમાં ક્રિયાન્વિત થાય તે જ સાચી વિદ્યા. શુદ્ધ વિદ્યા આત્માને નિર્મળ રાખે છે.



# આદર સત્કાર

મહારાજા યુધિષ્ઠિરે રાજ્યસૂય યજ્ઞ આરંભ્યો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માને તેમણે પૂછ્યું કે, મારે યજ્ઞની પૂર્ણાહુતિ ક્યારે કરવી ? શ્રીકૃષ્ણે ઉત્તરમાં કહ્યું કે, આ મારા પંચજન્ય શંખમાંથી સ્વયં નાદ નીકળે ત્યારે યજ્ઞ પૂરે થયો જાણવો. વિધિ પ્રમાણે યજ્ઞ પૂરો થયો છતાં શંખ ન વાગ્યો. ત્યારે યુધિષ્ઠિરે પૂછ્યું કે શંખ કેમ ન વાગ્યો ? શ્રીકૃષ્ણ બોલ્યા, જુઓ નગરમાં કોઈ ભક્ત ભૂખ્યો હશે. તપાસ કરાવતાં એક આત્મારામ નામનો ભક્ત, પ્રભુભક્તિમાં મગ્ન હોવાને કારણે જમવા નહોતો આવ્યો. યુધિષ્ઠિરે આદર સાથે તે શુદ્રનો બોલાવ્યો. દ્રૌપદીએ પોતાના હાથે બનાવેલી રસોઈ તેને પીરસાવી. તે શુદ્રે એક કોળિયો અલગ કરી પ્રભુને અર્પણ કર્યો. પછી બધું ભેગું કરીને ખાઈ ગયો. આ જોઈ દ્રૌપદી ખિન્ન થઈ બોલી, આખરે ભંગીની જાત ! તેને રસોઈના આવા ઉચ્ચતમ સ્વાદની શું ખબર પડે ? ખાખરાની ખીસકોલી આંબાના રસને શું જાણે ? આથી શંખ થોડો વાગીને બંધ થઈ જતાં શ્રીકૃષ્ણને કારણ પૂછતાં જવાબ આપ્યો કે, ભક્તના આદર સત્કારમાં કાંઈક કચાશ રહી ગઈ છે. ભક્ત પ્રત્યે ધૃણાની ભાવનાનું આ પરિણામ છે. નિખાલસ હૃદયનાં દ્રૌપદીએ ભક્ત આત્મારામ હરિજન પાસે જઈ માફી માગી અને બધું ભેગું કરી જમવાનું કારણ પૂછ્યું. સંતે કહ્યું, અન્ન એ શરીરને પોષવા માટે છે, ઇન્દ્રિયો ઉન્મત બનાવવા માટે નથી. સ્વાદથી જમવાને કારણે આહારમાં આસક્તિ વધે છે જિહ્વા સ્વાદ વધે છે. બધી ઇન્દ્રિયોમાં રસેન્દ્રિય ખતરનાક છે. ધ્યાન અને ભક્તિમાં રૂકાવટ લાવનાર છે. દ્રૌપદી પ્રસન્ન થઈ વંદન કરવા લાગ્યાં ત્યારે પંચજન્ય શંખના મંગળધ્વનિથી વાયુમંડળ પવિત્ર બન્યું.



# સત્યને માર્ગે મુક્તિની યાત્રા :
# સત્યની સંપત્તિ અંદર છે, બહાર નથી

ધર્મરાજ યુધિષ્ઠિર અને હરિશ્ચન્દ્ર એટલે સત્યનો પર્યાય. ગાંધીજી-વિનોબા અને સંતબાલજીનું જીવન એટલે સત્યની પ્રયોગશાળા. સત્યની સંપત્તિ બહાર નથી, અંદર છે. સત્ય અંતરયાત્રા છે.

સત્યને સ્વીકારવાનું છે, અનુભવવાનું છે. કેટલાંક સત્યો આપણે જાણીએ છીએ, છતાં સ્વીકારતા નથી, દાખલા તરીકે મૃત્યુ. પ્રેમ વિષે લખીએ, બોલીએ, વાંચીએ, પરંતુ સાચા પ્રેમની અનુભૂતિમાં સત્ય અભિપ્રેત છે. જે નિજી જીવનમાં સતત સત્યના પ્રયોગો કરતા રહેતા એવા મહાત્મા ગાંધીને પોતાના પુત્રે પૂછેલું કે, સત્ય એટલે શું ? સત્યનાં અનેક પાસાં હોય છે ને ! (ગાંધી વિરુદ્ધ ગાંધી) આ યક્ષપ્રશ્નનો વિધેયાત્મક જવાબ એટલે ભગવાન મહાવીરે પ્રરુપેલ અનેકાંતવાદ.

કોઈ સમાચાર કે સાચી વાત, વ્યક્તિ સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કહેવામાં ન આવે અને કોઈને ધ્રાસકો પડે કે આઘાત લાગે તેવી પરને પીડાકારી નગ્નસત્યની અભિવ્યક્તિને ધર્મ, સત્યરૂપે સ્વીકારી ન શકે. વિવેકપૂર્ણ અભિગમ જ સત્યનું સાચું દર્શન કરાવી શકે.

દરેક વાતમાં કે પ્રસંગમાં મારા વિના ન ચાલે. દરેક જગ્યાએ મારી આવશ્યકતા છે એ ભ્રમમાંથી મુક્ત થવા જેટલું સાદું સત્ય સમજવામાં આપણે જીવનનાં કેટલાંય

વર્ષો ગુમાવી દઈએ છીએ. બીજાના કિંમતી સમયનો ભોગ આપી તેનો વિકાસ રુંધીએ છીએ અને અન્યાય પણ કરીએ છીએ.

પેઢીમાં પિતા કે ઘરના વડીલ, ઘરમાં સાસુ, સામાજિક કે રાજકીય સંસ્થાઓના પીઢ આગેવાનો આ સાદા સત્યને આત્મસાત કરે તો સ્વને હિતકારી અને પરને ઉપકારી બને છે.

ચિંતક ઓશોએ સત્ય વિશે સુંદર વાતો કરી છે. એ કહે છે સત્ય એ મુક્તિનો રાજમાર્ગ છે. વિચારકો, ચિંતકો અને અનુભવી સંતોએ આ જ વાત કહી છે કે મુક્તિની યાત્રાના સત્યના માર્ગ પરથી જ થઈ શકે.

મુક્ત ગગનમાં વિહાર કરતા, ગીતો ગાતા પોપટને એક શેઠે સોનાના પીંજરામાં પૂરી દીધા. પીંજરાને હીરા અને ઝવેરાત જડેલાં હતાં. જેને મુક્ત આકાશની સ્વતંત્રતા જોઈતી હોય તેને સોનાનું શું મૂલ્ય ? પોપટ માથું કૂટીને રડતો હતો. શેઠના માણસોને એમ જ લાગે કે પોપટ ગીતો ગાઈ રહ્યો છે. પક્ષીને એ વાતનો ડર હતો કે ખુલ્લા આકાશના આનંદના અનુભવના મારાં સ્મરણો ખોઈ બેસીશ અને મારી પાંખો ઊડવાનું જ ભૂલી જશે તો હું મુક્ત થઈશ તો પણ શું વળશે ?

વહેલી સવારે શેઠની હવેલીની બહાર એક સંત ગીત ગાતા હતા કે, જેમને મુક્ત થવું હોય તે સત્યનો માર્ગ અપનાવે, **સત્ય જ સ્વતંત્રતાનું દ્વાર છે.** સંતના આ ગીત પર માણસોએ ધ્યાન ન આપ્યું પણ પોપટે આ ગીત ખૂબ ધ્યાનથી સાંભળી લીધું. પોપટે તે દિવસથી સત્યનો એક નાનકડો પ્રયોગ શરૂ કર્યો.

શેઠને ધંધામાં દેવું થઈ ગયું હતું. ઉઘરાણીઓવાળા મળવા આવતા. શેઠ હવેલીની અંદર હોય અને બહાર કોઈક મળવા આવ્યું હોય, નોકરને શેઠ સૂચના આપે કે કહી દો શેઠ ઘરમાં નથી. પોપટે આ અસત્યનું નિરીક્ષણ કરી સત્ય પ્રગટ કરવા નિશ્ચય કર્યો.

શેઠ હવેલીની અંદર હતા અને બહારથી કોઈક મળવા આવ્યું હતું. નોકર સાથે શેઠે કહેવરાવ્યું કે, કહી દે શેઠ ઘરમાં નથી. તે જ સમયે પોપટે બૂમ પાડીને કહ્યું કે શેઠ હવેલીમાં જ છે. જ્યારે શેઠે તો નોકર સાથે કહેવરાવ્યું હતું કે શેઠ હવેલીમાં નથી.

પોપટની સત્યવાણી સાંભળી શેઠ ખૂબ નારાજ થયા. આમેય સત્યથી રાજી થનારા ઓછા હોય છે, નારાજ થનારા વધુ હોય. **શેઠે આજ્ઞા કરી કે, આ પોપટને હમણાં ને હમણાં ઘરમાંથી બહાર કાઢી મૂકો.** પછી તો મુક્ત થતાં જ પોપટ ઊડવા લાગ્યો અને મુક્તગગનું એ પંખી પેલા સંતની સત્યવાણીનું ગીત ગાવા લાગ્યું.



# સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્યનો પ્રભાવ

શક્તિની યાત્રા અંતિમ ચરણેય હતાશા હોઈ શકે જ્યારે સત્યની યાત્રાના પ્રથમથી અંતિમ ચરણ સુધી પ્રસન્નતાનો પાર નથી હોતો.

વ્યવહારિક જીવનમાં સત્યનાં સ્વરૂપો વિધિધતાનું દર્શન થાય છે. એક બાળક પોતાની માતાનાં સંસ્મરણો કહે છે. હું તોફોન કરતો ત્યારે મારી જૂની મા ખાવા નહીં દઉં કહીને પણ બપોર થતાં જ ખાવા આપતી, અને હવે જ્યારે હું તોફાન કરું છું ત્યારે મારી નવી મા કહે છે કે તું તોફાન કરે છે એટલે ખાવા નહીં દઉં અને તે ત્યારે ખાવા દેતી જ નથી.

જૂની મા ખાવાનું નહીં દઉં કહીને ખાવાનું આપે છે એટલે એ અસત્ય વચન થયું અને નવી મા ખાવાનું નહીં દઉં કહીને ખાવાનું આપતી નથી એટલે સત્ય વચન થયું.

બાળક માટે જૂના માનું અસત્ય સુખદ અને મધુર  હતું કારણ કે તે હેત અને વાત્સલ્યસભર હતું. જ્યારે નવી માનું સત્ય વચન પણ દુઃખદ લાગે છે, કારણ કે તેમાં ખડવાશ અને કઠોરતા અભિપ્રેત છે.

આમ, જીવનવ્યવહારમાં સત્યના અનેકવિધ પાસાનું દર્શન થ ાય છે. સત્યનો

પ્રભાવ માત્ર, પણ માનવીના જીવનપરિવર્તન માટે કારણભૂત બની જાય છે. બંગાળની ઘટના છે. મલ્લિક શેઠ બહુ જ મોટા ધાર્મિક વ્યક્તિ હતા. તેઓ ક્યારેય અસત્ય બોલતા નહીં. એકવાર તે પોતાના ચાર વહાણોમાં માલ ભરીને સમુદ્રમાં જઈ રહ્યા હતા. ત્યાં સમુદ્રના ડાકુ ચાંચિયાઓએ મધ્યરાત્રિએ વહાણોને લૂંટી લીધાં. ચાંચિયાના સરદારે પૂછ્યું - શેઠ હવે તમારી પાસે બીજું શું છે ? બસ, હવે મારી પાસે કંઈ નથી રહ્યું.

ચાંચિયાઓ બધો માલ લઈને જવાની તૈયારી કરવા લાગ્યા, ત્યાં શેઠની નજર પોતાની આંગળીમાં રહેલ વીંટી તરફ ગઈ. આ રત્નજડિત અંગૂઠી ઓછામાં ઓછી પચ્ચીસ હજારની તો હશે જ.

શેઠનું મન ગ્લાનિથી ભરાઈ ગયું. આજ અજાણતાં અસત્ય બોલાઈ ગયું કે મારી પાસે કંઈ નથી રહ્યું. આ અંગૂઠી ભૂલથી મારી પાસે રહી ગઈ હતી તે પણ લેતા જાઓ.

સરદારે કિંમતી અંગૂઠી હાથમાં લીધી. તેને ફેરવી જોઈ, તેનો ભાવ પણ કરવા લાગ્યા. વિચારધારા પલટાઈ ગઈ, ક્યાં આ સત્યવાદી શેઠ ! અને ક્યાં અમે પાપી લૂંટારા ? પોતાનું બધું ચાલ્યું ગયું હોવા છતાં શેઠે પોતાનું સત્ય ન છોડ્યું અને ક્યાં અમે અમારા પેટને માટે માનવતા પણ છોડી દઈએ છીએ, લૂંટ ચલાવીએ છીએ અને હત્યાઓ કરીએ છીએ ?

ચિત્તની નિર્મળધારાઓ શુભચિંતનમાં પરિણમી. સરદાર થોડીવાર વિચારતો રહ્યો. પછી શેઠનાં ચરણોમાં પડી ગયા. તેણે સાથીઓને કહ્યું - આ બધો માલ આપણે પચાવી શકીશું નહીં. સત્યના પ્રભાવથી ચાંચિયાઓના હૃદયનું પરિવર્તન થયું. સરદારે ચાંચિયાઓને કહ્યું, શેઠનો માલ પાછો લાવો. આ કાચો પારો હજમ થઈ શકે નહીં. આ સત્યદેવતાનો માલ પાછો આપી દીધો અને સાથે પોતાનાં આ નીચ કાર્યનો પણ શેઠનાં ચરણોનો સ્પર્શ કરી સોગંદ (શપથ) લઈને સદાને માટે ત્યાગ કર્યો.

શેઠે તે સમયે ઉપદેશ ન આપ્યો કે આ તમારો પાપનો ધંધો છે. નરકનો માર્ગ છે, છોડી દો, પરંતુ જે **લાખો-કરોડો ઉપદેશથી પણ અધિક પ્રભાવશાળી તેના સત્યના આચરણે આ પ્રભાવ બતાવ્યો.**

શાસ્ત્રને સત્ય જાણવા માટેનું સાધન ગણીએ તો સત્ય સુધી પહોંચવા માટે શાસ્ત્રને માત્ર સાધન રૂપે જ સ્વીકારી શકાય, પરંતુ શાસ્ત્રને જ સત્ય માની લેવાય નહીં. સત્ય શાસ્ત્રનું ઓશિયાળું નથી. અંતિમ સત્ય તો આચરણ અને અનુભૂતિથી જ પામી શકાય અને એ જ સત્ય માનવીને મુક્તિ સુધી લઈ જવા સમર્થ છે.



# મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય

સૂર્યનાં સૌમ્ય કિરણો રાત્રિનાં અંધારાંને દૂર કરી નગરી પર પ્રકાશનું આધિપત્ય જમાવી રહ્યાં છે. પ્રભાતના રમ્ય વાતાવરણમાં જ્યોતિષવિદ્યાના પ્રખર વિદ્વાન છાયાશાસ્ત્રી વિદ્યાપાળ અને તેમના મિત્ર હર્ષદત્ત ચાલી રહ્યા હતા. શાંત વાતાવરણમાં મૌન તોડતાં હર્ષદત્તે કહ્યું, ''મિત્ર ! થોડી ક્ષણો પહેલાં આ માર્ગ પરથી કોઈ મહાન વ્યક્તિ પસાર થઈ હોવી જોઈએ.''

''મિત્ર, શા કારણે આમ કહે છે ?'' વિદ્યાપાળે પ્રશ્ન કર્યો. કોયલનો ટહુકો અને ખળભળ વહેતાં ઝરણાંના સંગીતનું સામંજસ્ય, મલયાનિલને સુગંધિત બનાવતી ફૂલોની પરાગ, સામેની એક તલાવડીમાં સિંહ અને હરણ બન્ને સાથે મળી પાણી પી રહ્યાં છે. એક જ વૃક્ષની છાયામાં સાપ અને નોળિયો વિશ્રામ કરી રહ્યા છે, માર્ગ નિષ્કંટક છે. મિત્ર ! કોઈ દિવ્ય પુરુષના પરમાણુની ઉપસ્થિતિની અનુભૂતિ કરાવે છે. વાતાવરણનું માધુર્ય અને પ્રસન્નતાની પ્રતીતિ કરાવે છે. આત્મસાધનામાં મસ્ત રહેતા ધર્મનિષ્ઠ હર્ષદત્તે વાત પૂરી કરી.

નતમસ્તક ચાલી રહેલ પંડિત છાયાશાસ્ત્રી નીચે રસ્તા પર જોઈ દંગ થઈ ગયા. થંભી ગયા અને બોલ્યા, મિત્ર, તારી વાતમાં તથ્ય લાગે છે. જો આ પગલાં ! કોઈ સમ્રાટનાં પગલાં...શતદલ કમળની પાંખડીમાંથી જાણે પરાવર્તિત થયેલ રેખાઓ...! સામુદ્રિક લક્ષણ પ્રમાણે એક ચક્રવર્તી સમ્રાટનાં પગલાં જ હોય, પરંતુ પંડિત વિદ્યાપાળ

ક્ષણિક ચમક્યા અને પછી બોલ્યા, ચક્રવર્તી સમ્રાટ... એકલા... અને ખુલ્લે પગે...જો સમ્રાટ જતા હોય તો તેમની સાથે પરિવાર, સેવકો કે સેના પણ હોય, પરંતુ આ પગલાં તો એક જ વ્યક્તિનાં છે. મિત્ર ! શું મારી જ્યોતિષવિદ્યા મને દગો દઈ રહી છે ? શું આ ઉંમરે મારી બુદ્ધિ નષ્ટ થઈ રહી છે ?

હર્ષદત્ત કહે ના, મિત્ર નિરાશ ન થા. મને તારી જ્યોતિષવિદ્યામાં શ્રદ્ધા છે... અને બન્ને મિત્રો પેલાં પગલાંનું અનુસરણ કરતા આગળ ચાલ્યા. આ પગલાં રાજગૃહી નગરના ગુણશીલ ચૈત્યઉદ્યાનમાં કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાન કરી રહેલા એક સાધક પાસે સમાપ્ત થયાં.

ખિન્ન વદને વિદ્યાપાળ બોલ્યા, હર્ષ ! ક્યાં છે સમ્રાટ ? અહીં તો એક ભિક્ષુક...!

હર્ષવિભોર હર્ષદત્ત બોલ્યા, વિદ્યાપાળ તારી વિદ્યાને ગૌરવ અપાવે એવી આ ઘટનાની વાત સાંભળ, ''જેમના મુખારવિંદ પર પ્રશમ ભાવો રમી રહ્યા છે તેવા કલ્યાણમિત્ર ભિક્ષુક બીજા કોઈ નહીં, પરંતુ સ્વયં ભગવાન મહાવીર છે.''

''આંતરકર્મો સામે દારુણ યુદ્ધ કરી વિજય મેળવનાર ચક્રવર્તી છે. અષ્ટકર્મના કાલીનાગને સંયમનાં શસ્ત્રોથી એમણે જીતી લીધો છે. નિર્વિકલ્પ ધ્યાનરૂપી પિતાના ખોળામાં તે ઊભા છે. તે અહિંસારૂપી અષ્ટપ્રવચન માતાની નિશ્રામાં છે. બ્રહ્મચર્યરૂપી ભાઈ, અનાસક્તિરૂપી બહેનને એમનું સદૈવ સાન્નિધ્ય છે. શાંતિરૂપી પ્રિયતમા એના જીવનમાં અભિપ્રેત છે. વિવેકરૂપી પુત્ર અને ક્ષમારૂપી પુત્રી તેની સાથે જ હોય છે. અનેકાંત તેનો મંત્રી છે.''

'રાજાની સેનાને એક નિશ્ચિત્ત સીમા હોય, પરંતુ પ્રભુના આભામંડળમાંથી નીકળેલાં દિવ્ય કિરણો અગણિત લોકોના કલ્યાણનું કારણ બની જાય. અકારણ કરુણા કરનારા આ યુગપુરુષના ઉચ્ચ પુણ્ય અને તીર્થંકરના અતિશયોની અસરને કારણે તેમની ઉપસ્થિતિથી ચોપાસ વૈર-વિખવાદ મરકી-રોગ ન હોય, દુષ્કાળ ન હોય, માલકૌંસ રાગમાં પ્રવાહિત થતી તેમની પાવન વાણી સૃષ્ટિના તમામ જીવો પોતાની ભાષામાં સમજી અને સ્વનું કલ્યાણ સાધી શકે.'

**'એમના શુભ તરંગોની સેના જ ચારેબાજુ સુરક્ષા કરી શકે છે. એમનું ધર્મચક્ર સર્વત્ર આનંદ, શાંતિ અને માધુર્ય ફેલાવતું રહે છે.** તેમને સ્પર્શેલું વાયુમંડળ સર્વત્ર પવિત્રતા અને ચંદન જેવી શીતળતા પ્રસરાવે છે. સંસારનાં તમામ સામ્રાજ્ય કરતાં આ સામ્રાજ્ય ઉત્કૃષ્ટ છે. કોઈ પણ વ્યક્તિ સાથે લડાઈ નથી કરી, હિંસા નથી કરી, છતાં હૃદય-સિંહાસન પર રાજ્ય કરનારા આ રાજાનું જ વાસ્તવિક

રાજ્ય છે, કારણકે આ સામ્રાજ્યમાં, હિંસા નથી, ચોરી નથી, અબ્રહ્મમ્ નથી, જૂઠ નથી અને પરિગ્રહ નથી. અહીં સત્યના સિંહાસન પર અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહને રાજતિલક કરાયું છે.'

હર્ષદત્તે જ્યારે વાત પૂરી કરી ત્યારે બન્ને મિત્રોએ ભગવાનનાં શ્રીચરણોમાં ભાવપૂર્વક વંદના કરી અને છાયાશાસ્ત્રી વિદ્યાપાળે કહ્યું, 'હવે મને સમજાયું કે સામુદ્રિક લક્ષણો માત્ર બાહ્ય ચિહ્નો કે સંકેતો પર આધારિત નથી હોતાં. માનવીની આંતરિક લાક્ષણિકતાઓમાં અગણિત સંભાવના છુપાયેલી પડી હોય છે. આજે હું ભગવાન મહાવીરના આંતરવૈભવના ઘૂઘવતા સાગરનાં પ્રચંડ મોજાંઓ નિહાળી રહ્યો છું.'

મિત્ર ! આજે મારી જ્યોતિષવિદ્યા સાચે જ સાર્થક થઈ. આજે મને સાચા સમ્રાટનું દર્શન થયું. પંચમહાવ્રતનું માહાત્મ્ય સમજાયું.

પ્રણામ હો અનેકાંત દષ્ટાને, વંદન હો ! મંગલમય કરુણાના દિવ્ય સામ્રાજ્યને !

## લોભ : ઝાંઝવાનાં જળ સમાન

કેટલાક વેપારીઓ ધન કમાવા માટે વિદેશ જવા રવાના થયા. રસ્તામાં ખાવા-પીવાની સામગ્રી સાથે લીધી. ગાઢ જંગલમાંથી કાફલો પસાર થઈ રહ્યો હતો. તૃષાતુર વેપારીઓ પાણીની શોધમાં વ્યાકુળ થઈ ગયા હતા. તરસને કારણે ગળું સુકાઈ ગયું હતું. હવે પાગલની જેમ પાણીની શોધ શરૂ થઈ. આગળ જતાં રમ્ય વન દેખાયું, જેમાં ચાર શિખરો દેખાયાં, જે નીચેથી અર્ધસર્પાકાર વિસ્તારાયેલાં હતાં. ઉપરથી પાતળાં શિખરો જાણે કેસરી સિંહ ડોક ઊંચી કરીને ઊભાં હોય તેવાં સુંદર દેખાતાં હતાં.

પાણીની અભિલાષામાં વેપારીઓએ આ નાનકડા શિખરને તોડી પાડ્યું. પહેલું શિખર તૂટતાં તેમાંથી સ્વચ્છ, સ્ફટિક જેવા શીતળ જળની ધારા વહેવા માંડી. વેપારીઓએ આનંદિત થઈ ધરાઈને પાણી પીધું અને સાથેનાં ખાલી વાસણોમાં ભરી પણ લીધું. ગાડાંના બળદોને પણ પાણી પાયું.

વેપારીઓએ વિચાર્યું કે, આ પ્રથમ શિખર તોડતાં તો પાણી મળ્યું. હવે આ બીજા શિખરમાં શું હશે ? જિજ્ઞાસાવશ બીજું શિખર તોડી પાડ્યું. તેમાંથી દેદીપ્યમાન શુદ્ધ સુવર્ણ મળ્યું. બધા વેપારીઓએ સોનાને ગાડામાં ભરી લીધું. માત્ર બેસવાની જગ્યા બચી હતી. બાકી સમગ્ર બળદગાડામાં સોનું ભરાઈ ગયું હતું. હવે ! વેપારીઓએ વિચાર્યું કે આ ત્રીજા શિખરમાંથી પણ જો ધનસામગ્રી મળી જાય તો પછી પરદેશ કમાવા જવાની જરૂર નથી. અહીંથી આપણે આપણા વતનમાં પાછા ફરીશું. આ



વિચારે એમણે ત્રીજું શિખર તોડી પાડ્યું. વેપારીઓના આશ્ચર્ય વચ્ચે તેમાંથી વિમલ, નિર્મલ મણિરત્નરાશિ સાંપડી. વેપારીઓ ખૂબ ખુશ થયા. ભોજનસામગ્રીનાં ખાલી પડેલાં વાસણો બહુમૂલ્યવાન રત્નોથી ભરી લીધાં.

હવે વેપારીઓના મનમાં લોભનો કીડો વધુ સળવળ્યો. તેમણે વિચાર્યું કે, ચોથું શિખર તોડીશું તો મહામૂલ્ય અને સર્વસફળતા પ્રદાન કરવાવાળું મહાપુરુષોને યોગ્ય વજ્રરત્ન-પારસમણિ મળશે, માટે ચાલો આપણે સૌ મળીને આ ચોથા શિખરને પણ તોડી પાડીએ. આ બધા વેપારીઓમાં આંશિક શ્રાવક, ધર્મનું પાલન કરવાવાળો સંતોષીવૃત્તિનો એક વેપારી પણ હતો. તેણે બધા વેપારીઓને ભેગા કરી કહ્યું,

''રાત પડવા આવી છે, હવે આવા ભયંકર જંગલમાં વધુ રોકાઈ ચોથું શિખર તોડવાની જરૂર નથી. વળી આપણી સાત પેઢી ખાય તેટલું ધન આપણને મળી ચૂક્યું છે. આપણી લોભી-વરવી વૃત્તિને બહાર આવવા દેવી યોગ્ય નથી. તૃષ્ણા તો દ્રૌપદીનાં ચીર જેવી છે, તેનો કોઈ અંત નથી. કૃષ્ણે પૂરેલાં દ્રૌપદીનાં ચીર તો એક નારીને ઉપકારક લાજના ઢાંકણ સમાન બની ગયાં ત્યારે તૃષ્ણારૂપી ચીર તો આત્મગુણોનું આવરણ બની જશે. રાત્રિના જંગલમાં જીવ-જંતુઓ બહાર નીકળે છે. રાતના આ શિખર તોડતાં જીવહિંસાનું પાપ થશે. વળી ચોથા શિખર પર તીવ્ર પવનથી ચકમકના પથ્થરો અને વાંસ ઘસાવાથી થતા અગ્નિના તણખલાના લાલ લબકારા અને ઘુવડનો અવાજ જાણે અમંગળની એંધાણી જેવા લાગે છે.'' આમ ધર્મનિષ્ઠ વેપારીએ દ્રવ્ય અને ભાવનાં લાભ-હાનિની વાતો વિવિધ યુક્તિ-પ્રયુક્તિ દ્વારા સમજાવી, પણ અન્ય લોભી વેપારીઓ પર

એની કોઈ અસર ન થતાં તે સંતોષી વેપારી પોતાના ગાડામાં બેસી વતન ભણી માલ-સામગ્રી સાથે વિદાય થયો.

પારસમણિની આશામાં વેપારીઓએ ચોથા શિખરને તોડવાનું કામ શરૂ કર્યું. શિખર તોડતાં કેટલાય નાના જીવોને રાત્રિના કારણે મરણને શરણ કર્યા. આખી રાત શિખર તોડવામાં ગઈ. સવારે શિખર તૂટતાં, કાજળના સમૂહ જેવો કાળો, કુટિલ, જટિલ, વિસ્તૃત આકારવાળો તીવ્ર ગતિથી, જેની લાંબી અને પાતળી જીભ લબકારા મારે છે તેવો વિષધર સાપ દેખાયો. એના શરીરની સાથે શિખર તોડવાનાં ઓજારોનો સ્પર્શ થતાં સાપ ક્રોધાયમાન થયો. અગ્નિ જેવી તેજવર્ણની લાલ આંખો સૂર્યની સામે ધરી અને પછી અનિમેષ અને પલક વિષદૃષ્ટિથી વેપારીઓ ભસ્મીભૂત થયા.

**તૃષ્ણાથી લોભ વધે છે. ‘‘લોભ’’ શબ્દને ઉલટાવવાથી ‘‘ભલો’’ બને છે.** સંતોષી જ ભલો બની શકે છે. આ જીવ સુખ મેળવવા લોભ પાસે જાય છે. ‘‘દૂરથી ભલે’’ સુખ દેખાય, પરંતુ તે માત્ર ભ્રમ છે. એ સુખની કલ્પનાના પડદા પાછળ ન કલ્પી શકાય તેવાં ભયંકર દુઃખો છુપાયેલાં છે. તૃષ્ણા તો ઝાંઝવાના જળ જેવી છે. રણના ઝાંઝવા જોઈ પાણી સમજી મૃગ દોડે છે પણ પાણી મળતું નથી ને અંતે તૃષ્ણાતુર મૃગ મૃત્યુને ભેટે છે.

સંતોના જીવન જોઈશું તો સંતોષની પ્રેરણા મળશે અને ‘‘સંતોષી નર સદા સુખી’’ને જીવનમાં ઉતારી શકાશે.

# આવા માણસ થઈને શું લાભ ?

મુનિ શ્રી સંતબાલજીના અંતેવાસી મણિભાઈ પટેલ વિહારયાત્રામાં મુનિશ્રી સાથે જ હોય. ઘણી વાર વિહારયાત્રાની વિશિષ્ટ પ્રસંગની વાત કરતા. મુનિશ્રી સાથે એ થાણા જિલ્લાના એક ગામડામાં વિહાર કરી રહ્યા હતા. એક ગામમાં તેમનો નિવાસ રામ મંદિરમાં હતો. ગામ માંસાહારી હતું, પરંતુ એક સંતના પ્રતાપે કેટલાંક કુટુંબો શાકાહારી બન્યાં, એટલું જ નહિ, સંસ્કારી પણ બન્યાં.

એવા એક ભાઈ મહાજશ્રીના સંપર્કમાં આવ્યા.

તેમણે કહ્યું, ‘‘મહારાજશ્રી ! મારે ત્યાં દૂધ લેવા પધારશો ?’’ મહારાજશ્રીએ કહ્યું, દૂધ જ નહિ, ભિક્ષા પણ લઈશ. અમે અહિંસામાં માનનારા છીએ. અમારે નાતજાતનો ભેદ નથી, પણ જે ઘરમાં એક પણ માણસ માંસાહાર, ઈંડા સુધ્ધાં



ન ખાતો હોય તેના ઘરેથી ભિક્ષા લઈ શકાય. અમે બધા જ શાકાહારી છીએ. પછી તો પરિચય વધ્યો. વાતવાતમાં પોતે શાકાહારી કેવી રીતે બન્યા ? તેની વિગત કહી.

એમણે કહ્યું : એકવાર એક સાધુબાવા આવેલા. હું તેમની કથામાં ગયો. તેમણે એક ધનગર (ભરવાડ)નું દૃષ્ટાંત આપ્યું. ધનગર ઘણાં ઘેટાં રાખતો હતો. તે તેમને ચરાવવા જંગલમાં લઈ જતો. ત્યાં એક (લોંગ્યુ) વરુ રોજ આવતું અને ઘણાં ઘેટાં મારતું હતું. ધનગરને ખૂબ જ ચિંતા થતી, પણ ઉપાય મળતો નહોતો. એક દહાડો તેણે લોંગ્યુને (વરુને) કહ્યું કે તું પશુ છે, હું માણસ છું, માણસને કેવી મજા ! રાંધીને ખાવાનું, પીવાનું, રહેવાનું બધું જ મળે, ધારે તો મોક્ષ પણ મળી જાય ! અને તારે તો મુશ્કેલીનો પાર નહીં. વરુ કહે, તો મારે પણ માણસ બનવું છે. કેવી રીતે બનાય ? તો ભરવાડ કહે, પુણ્ય કરે તો માનવ બનાય. તું ઘેટાં મારવાનું બંધ કરશે તો પુણ્ય વધશે અને તેથી ભગવાન તને માનવ બનાવશે. આથી વરુ તો રાજીરાજી થઈ ગયું. તેણે ઘેટાં મારવાનું બંધ કર્યું. હવે પેલા ભરવાડને નિરાંત થઈ. તેનાં ઘેટાંનો પરિવાર વધવા લાગ્યો.

આ ખુશીના કારણે એક દિવસ તેણે વરુના માનમાં એક સમારંભ યોજ્યો. ઘણા મહેમાનોને નોતર્યા. જુદીજુદી મીઠાઈઓ સાથે ઘેટાં અને બીજાં પ્રાણીઓના સારાસારા માંસની રસોઈ બનાવી. વરુ આવ્યું. તેણે જાણ્યું કે અહીં માંસ રાંધ્યું છે કે તરત વિચારમાં પડી ગયું : અરે ! મને માનવ થવા આણે માંસાહારત્યાગનો ઉપદેશ આપ્યો અને પોતે તો માંસાહાર કરે છે.

**તેણે કહ્યું : ભાઈ ધનગર ભરવાડ ! હું માંસ ખાતો નથી એટલે હું આમાં ભાગ નહીં લઈ શકું. અરેરે ! તું માણસ થઈને આવું કામ કરે છે ?** હું તો માત્ર પેટ ભરવા જ માંસાહાર કરતો હતો અને તું તો દૂધ પીએ છે, અનાજ, શાકભાજી ખાય છે અને પાછો માંસ પણ રાંધીને ખાય છે ! પછી પોતાના ભાઈઓને કહ્યું કે, આનો ઉપદેશ ખોટો લાગે છે. આપણે કરતા હતા તે કરો. આવા માણસ નથી થવું, પણ ભગવાને કહ્યું, ભાઈ વરુ ! તારા આ કાર્યથી હવે મારા ચોપડામાં તારું નામ માનવ તરીકે લખાઈ ગયું છે એટલે માનવ તો થવું પડશે. ત્યારે તે બોલ્યું : તો પ્રભુ ! માનવી બનાવો તો આવો રાક્ષસી માનવ તો ન જ બનાવજો. આટલી વિનંતી કરું છું. આ દૃષ્ટાંત સાંભળી મને થયું કે એક વરુ આટલું સમજે છે તો હું કેમ નથી સમજતો? અને ત્યારથી માંસાહાર છોડ્યો. તેમણે આગળ ચાલતાં કહ્યું : આ ધર્મકાર્યથી મને ઘણા ફાયદા થયા છે. જેથી મારી શ્રદ્ધા દિવસેદિવસે વધતી ગઈ છે.

એક પ્રત્યક્ષ દાખલો આપતાં તેમણે જણાવ્યું કે, ઘરમાં મારી પત્ની અને બાળકો માંસ ખાતાં, પણ હું તેમને છોડવા આગ્રહ કરતો નહીં. એક દિવસ હું હરિશ્ચંદ્ર-તારામતીનું પુસ્તક વાંચી સંભળાવતો હતો. તેમાં પત્ની પતિ માટે કેટલું દુઃખ વેઠે છે એ મારી પત્નીએ સાંભળ્યું કે પતિનાં પગલાંમાં પોતાનું પગલું હોવું જોઈએ. ત્યારે હું તો મારા પતિને ન ગમતું કરું છું. મારે માંસાહાર છોડવો જોઈએ અને તેણે તે છોડ્યો. એટલે બાળકો આપમેળે જ તૈયાર થાય એમાં શી નવાઈ ! આમ અમારું કુટુંબ શાકાહારી બની ગયું છે તો ગુરુજી આપ જરૂર અમારે ત્યાં ભિક્ષા માટે પધારો.

# વૈરાગ્યનો દીવો

જ્ઞીનીઓ વિતરાગી અને વીત્તદ્વેષી બનવા કહ્યું છે કોઇના પણ પ્રત્યે દ્વેષભાવ ન કરવાની વાત સરળ છે અને એ વાત ધીરે ધીરે જીવનમાં ઉતારતા દ્વેષભાવ છોડી દેશે પરંતુ વિતરાગી બનવાની સાધના ઘણી કઠીન છે સત્તા, સંપત્તિ અને સંબંધો પ્રતિ જલ્દી મોહ-રાગ છૂટતો નથી એ છોડનાર વિરલ પુરુષો વિતરાગી બની જાય છે. આ કરવા આપણે જીવનમાં વૈરાગ્ય ભાવનાને દૃઢ કરવી પડશે. સંયોગો કે જીવનમાં બનતી ઘટનામાંથી જન્મતો ક્ષણિક વૈરાગ્ય નહિ, પરંતુ ભીતરમાં છૂપાયેલો વૈરાગ્યજ આત્મોત્થાન કરાવી શકે. જીવનની ક્ષણભંગુરતા સમજાતા અનાસક્ત ભાવ ઉજાગર



થાય અને એ ભાવજ જીવન ને વૈરાગ્યના રંગે રંગી દે.

સાધકને સાધનાની ક્ષિતિજનો વિસ્તાર કરવા માટે વૈરાગ્ય ભાવના દઢ કરવાની અનિવાર્ય આવશ્યક્ત રહે છે.

એક માણસે એક સંતને પૂછ્યું કે મારે કબીરને મળવું છે. સંતે કહ્યુ સામેની ગલીમાં કબીર હશે. આટલી ભીડમાં હું કબીરને કેમ ઓળખું ? પેલી વ્યક્તિએ સંતને પોતાની મૂંઝવણ કહી, સંતે કહ્યું કે ભાઇ જેને માથે દીવો બળતો હોય તે કબીર. પેલા ભાઇ તો આખી ગલી ફરી વળ્યા, કોઇ પણ વ્યક્તિના માથે દીવો બળતો તેણે જોયો નહીં. ગલીમાં તેણે કોઇકને પૂછ્યું કે કબીર ક્યાં મળશે ? સામે સ્મશાન છે. ત્યાં કોઇ પરિચિતની અંતિમક્રિયા થઇ રહી છે ત્યાં કબીર મળશે. પેલો સ્મશાનમાં ગયો. કોઇની ચિત્તા ભડ ભડ બળતી હતી. બળતા શબની સામે ઘણાં ઘણાં ડાઘુઓ ચિંતિત અને ઉદાસ મુદ્રામાં ઉભા હતાં. દરેકને માથે દીવો બળતો હતો.

મૂંઝાઇને પેલો માણસ ફરીથી સંતની પાસે ગયો અને કહ્યું કે સ્મશાનમાં કબીરને શોધવા ગયો પરંતુ ત્યાં તો દરેકને માથે દીવો બળે છે, આમાં કબીરને કેમ ઓળખવા ?

**સંતે કહ્યું કે એ બધા વૈરાગ્યના દીવા છે. સ્મશાનમાં જનાર બધાને સ્માશાન વૈરાગ્ય આવે એટલે બધાને માથે વૈરાગ્યના દીવા પ્રગટે.** આ વૈરાગ્ય ક્ષણિક છે. સ્મશાનમાંથી બધા બહાર જાય પછી પાંચ મિનિટ તું બધા સાથે ચાલજે તને કબીર મળી જશે.

પેલો પાછો સ્મશાનમાં ગયો. સ્મશાનમાંથી બધાં બહાર નિકળ્યાં. થોડી ક્ષણોમાં બધાનાં દીવા બુઝાઇ ગયાં માત્ર એક જ વ્યક્તિ માથે દીવો બળતો હતો. પેલાએ સાચા વૈરાગી પુરુષ કબીરને ઓળખી લીધા.

આપણી ચોપાસ બનતી દુ:ખદ ઘટના કે આઘાતથી ઘણી વાર ક્ષણિક વૈરાગ્ય જન્મે છે. માત્ર સમજણપૂર્વક જ વૈરાગ્ય દઢ બને છે.

વૈરાગ્યની સફળતા માટે આપણે રાગભાવના ક્ષેત્રને સિમિત કરવું પડશે. ત્યારે જ આત્મજ્ઞાન જાગશે. અને પછી તેના જીવનમાં નિરંતર વૈરાગ્યનો દીવો બળતો રહેશે. આ ધર્મ માર્ગે આવતા મને આત્મજ્ઞાન થાય, હું મારા આત્માને જાણું ઓળખું. આ જિજ્ઞાસાને પૂર્ણ કરવા માટે પહેલા આપણે જડ પદાર્થો પ્રત્યે અંતરમાં ઉદાસીનતા કેળવવી પડશે. એ ઉદાસીનતા ભૌતિક આકર્ષણોને તોડી નાખશે અને વૃત્તિને આત્મા તરફ વાળશે. અંતરમાં ઉદાસીનતા જાગૃત કરવા માટે સંસાર છોડી સાધુ બનવું જ પડે તે જરૂરી નથી. આપણે ગૃહસ્થાશ્રમની સંઘળી ફરજો બજાવતા બજાવતા પણ વિવેક સહિત જીવીએ તો આંતર વૃત્તિમાં વૈરાગ્ય પ્રગટ થાય છે. આત્મા તરફ જાગૃત થયેલો વિવેક આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવે જ, પછી નિરંતર વૈરાગ્યનો દીવો બળતો રહેશે.

## દિવ્ય સુખનો અલૌકિક પ્રદેશ

ચુંટાયેલા રાજપ્રમુખ ભવિષ્યની યોજનાના વિચારમાં મગ્ન હતા. આગામી પાંચ વર્ષમાં મળનારા ભવ્યસુખના દીવાસ્વપ્નમાં ડૂબકી લગાવી રહ્યા હતાં. પાંચ વર્ષ પૂરાં સુખ સાધનો કઇ રીતે વધુમાં વધુ ભોગવી શકાય તેના નકશાને માનસ પટ પર અંકિત કરી રહ્યા હતાં. આ નકશાની રેખાઓમાં એક અગમ્ય ભય પણ દેખા દેતો... પાંચ વર્ષ પૂર્ણ થતાં કેટલીવાર ? કાળની ગતિને કોણ આંબી શકે?

આ પ્રજાસત્તાક દેશમાં ગણતંત્રની એક વિચિત્ર રાજ્યપદ્ધતિ અમલમાં હતી. દર પાંચ વર્ષે તે પ્રદેશની પ્રજા એક રાજપ્રમુખની ચૂંટણી કરતી. પ્રમુખ ગમે તેવા હોય પરંતુ ચુંટાયેલા એ પ્રમુખનું શાસન એની આજ્ઞા પ્રમાણે જ ચાલતું.

પ્રમુખપદની અવધિના પાંચ વર્ષ પૂરાં થયા પછી તેને દરિયાકાંઠે લઇ જઇ એક નૌકામાં બેસાડી દેતા, ત્યાંથી થોડાક માઇલ દૂર એક બીજો બેટ હતો ત્યાં



લઇ જતા અને ત્યાં તેમને એકલા છોડી નૌકા પાછી ફરતી. પેલા બેટ પર માનવવસ્તી ન હતી. ઘટાટોપ ગીચ જંગલ અને વિકરાળ વનપશુઓ એ ટાપુમાં વસતા હતા. ભૂલે ચૂકે પણ તે બેટ પર જનાર માનવી જીવતો પાછો ફરી જ ન શકે, જંગલી પ્રાણીઓનો ભોગ બની મૃત્યુને જ ભેટે.

પાંચ વર્ષ રાજ્યસત્તા ભોગવ્યા પછી છેવટે બેટમાં જંગલી જાનવરોનાં મુખે મૃત્યુને જ ભેટવાનું છે એમ જાણનાર એક પછી એક રાજપ્રમુખો પાંચ વર્ષ દરમિયાન બને તેટલા મોજશોખ માણી લેતા. વૈભવ, વિલાસ, રંગ-રાગ માણવામાં એટલા ગળાડૂબ રહેતા કે પાંચ વર્ષ કેમ પૂરાં થઇ જતા તેની ખબર પણ ન રહેતી.

એકવાર પ્રમુખપદના પાંચ વર્ષની અવધિ પૂર્ણ કરી પેલા ભયંકર બેટ પર જવાનો એક રાજપ્રમુખનો વારો આવ્યો. રાજ્યમાં કલ્યાણ કાર્યો કરવાથી લોકપ્રિય બનેલા પ્રમુખને વિદાય આપવા માટે મહાનુભવોની સાથે પ્રજાજનોની મેદની બંદર પર એકઠી થઇ હતી. **બધાંની આંખમાં આંસુ હતાં પરંતુ પેલા રાજપ્રમુખના ચહેરા પર આનંદ અને હાસ્ય મિશ્રિત પ્રસન્નતા હતી.**

તે સ્વસ્થતાથી સૌને પ્રણામ કરી નૌકામાં બેસી ગયા. નાવિકે નૌકાને સાગરમાં આગળ હંકારવા માંડી.

વૃદ્ધ નાવિકને મોટું આશ્ચર્ય થયું. તેમણે નમ્રતાપૂર્વક મૃત્યુને ભેટવા જઇ રહેલા રાજપ્રમુખને પૂછયું.

'મારી જિંદગીમાં હું ઘણા રાજપ્રમુખોને મારી નૌકામાં ભયંકર બેટ પર મૂકી આવ્યો છું. બધા પ્રમુખો વિષાદગ્રસ્ત ચહેરે રડતા કકળતા આ નૌકામાં બેસતા, અરે કેટલાકને તો જબરદસ્તીથી બેસાડવા પડતા. આક્રંદ કરતા પ્રમુખને પરાણે ધક્કા મારીને લગભગ ફેંકી દેવા પડતા. પરંતુ તમારું વર્તન મારા માટે વિસ્મયજનક છે. તમારા ચહેરા પર વિષાદને બદલે પ્રસન્નતા છે, જાણે કોઇ પ્રેમીજનોને મળવા જતા હો એવો ઉત્સાહ છે. કૃપા કરી આનું કારણ જણાવી ખુલાસો કરશો ?'

સ્મિત મુદ્રાસહ પ્રમુખે નાવિકના ખભા પર હળવેથી હાથ મૂકી કહ્યું દોસ્ત બધા જ પ્રમુખો પોતાના પદની અવધિના પાંચ વર્ષ રંગરાગમાં ગુલતાન રહી જિંદગી બરબાદ કરી દેતા. મે પાંચ વર્ષ પછી શું ? તે વાતનો પ્રથમ વિચાર કર્યો. પ્રજા કલ્યાણનાં કાર્યો કરી લોકપ્રિય બનવાની સાથે સાથે શરૂથી જ મેં એક ગુપ્ત યોજના તૈયાર કરી પ્રથમ એક સેનાપતિને આજ્ઞા કરી કે, તમારા લશ્કરમાંથી જેટલા જરૂર પડે તેટલા સૈનિકો, મજૂરો, સાધનો, હથિયાર - સામાન, વાહનો વગેરે મોટાં વહાણોમાં ભરી સામેના બેટ પર લઇ જઇ ત્યાં જંગલમાં રસ્તા બનાવો, વિકરાળ જાનવરોનું એક અલગ અભયારણ્ય બનાવો.

બાકીનું જંગલ સાફ કરી એક નાની નગરી વસાવો. થોડા સમય પછી એક વિશ્વાસુ અને બુદ્ધિશાળી મંત્રીને આજ્ઞા કરી કે થોડા ઉચ્ચ વર્ણના, થોડા ભણેલા અને થોડા વેપારીઓને લઇ ત્યાં વસો ત્યાં ધંધો કરનારને પ્રોત્સાહન મળે તેવી યોજનાઓ તૈયાર કરી આજુબાજુના નાનકડા બેટ અને ટાપુના લોકોને ત્યાં વસાવી સ્થિર કરવા ત્યાં મંદિર, વિદ્યાલય, રુગ્ણાલય, સરોવર અને ઉદ્યાનો બનાવ્યા. સેનાપતિ અને મંત્રી સાથે ગયેલા લોકો એ રળિયામણી નગરીમાં વસી ગયા છે. **ત્યાં જંગલોને બદલે ધાન્યથી લચી પડેલાં ખેતરો અને ફૂલોથી શોભતા બગીચા છે. ત્યાં મને ખાનાર રાની પશુઓ નથી પરંતુ, મારી કલ્યાણરાજ્યની આદર્શ નગરીમાં મારું સ્વાગત કરવા તત્પર આતુર પ્રજાજનો છે.'**

પ્રમુખે પોતાની પ્રસન્નતાનું રહસ્યોદ્ઘાટન કર્યું. સંતવાણીની પ્રસાદી સમી પ્રેરક કથા આપણા ચિત્તમાં ચિંતનની એક ચીનગારી ચાંપે છે. પાંચ વર્ષના પ્રમુખપદ જેવો આ માનવભવ આપણને મળ્યો છે. પાંચ ઇંદ્રિયોના આનંદને માટે મન ભોગ વિલાસના નકશા અંકિત કરે છે. ભૌતિક ભવ્યતા અને લૌકિક સુખના કરોળિયાના ઝાળં જેવા એ નકશામાં, નિજાનંદનો મુકામ ક્યાંય દેખાતો નથી.

**આપણે તપ દ્વારા કુકર્મોનાં વનને બાળી સત્કર્મોનાં ઉપવન સર્જવાનાં છે.** આત્મગુણોનો નાશ કરતાં રાની પશુ જેવા કષાયોઃ ક્રોધ, અહંકાર, માયા અને

લોભને, સત્પુરુષ શરણ શોધી હાંકી કાઢવા પડશે. ભીતર ઉગેલા વિકાર અને વાસનાના અડાબીડ જંગલને શુભચિંતનની નિર્મળતાના નંદનવનમાં પલટાવવું પડશે.

પેલા રાજપ્રમુખે ભાવિ જીવનની ચિંતા કરી પાણી પહેલાં પાળ બાંધી અને ભાવિ સુખ માટે પૂર્વ તૈયારી કરી લીધી હતી. આપણે પણ આ લોક પછીના પરલોકના સુખ માટેની તૈયારી કરવા સદ્ગુરુને પૂછીશું. કે, ‘હે કલ્યાણમિત્ર ગુરુ ભગવંત ! અમને માર્ગ બતાવો !’ એ સામર્થ્યવાન ધર્મપુરુષનો હાથ તો લંબાયેલો જ છે માત્ર ગુરુની આંગળી પકડવાનો પુરુષાર્થ કરી એ ચલાવે તે માર્ગે ચાલીશું તો કર્મદળમાંથી બહાર નીકળી શકીશું અને આપણે પણ આપણી વિદાય વેળાએ સ્વસ્થ અને પ્રસન્ન હોઈશું કારણ....!

દિવ્યસુખનો અલૌકિક પ્રદેશ આપણી રાહ જોતો હશે.



સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વથા શાંતિ વિસ્તરો

– સંતબાલજી



# અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં ?

વર્તમાન સમયની ફોર્બ્સની અબજોપતિની યાદીનાં અનેક લક્ષ્મીપતિઓની તમામ સંપત્તિ કરતા લાખો ગણી સમૃદ્ધિ કુબેર પાસે હતી. અને તે સર્વસ્વ ત્યાગવાની તાકાત પણ તેનામાં હતી. તે ઐશ્વર્ય સામે આપણી સંપત્તિના સામ્રાજ્યનું શું મૂલ્ય ?

ભગવાન ઋષભદેવનું તપ, શ્રી કૃષ્ણનો યોગ, રામની મર્યાદા, મહાવીર-બુદ્ધની કરુણા અને નરસિંહ-મીરાંની ભક્તિ, જીવનની ચરમ સીમાએ પહોંચી હતી. વૈરાગ્યભાવમાંથી ફલિત થતો ધન્ના-શાલિભદ્રનો ત્યાગ, શ્રીરામ પ્રતિ સાચા ભ્રાતૃપ્રેમમાંથી પ્રગટતો ભરતનો રાજ્ય ભોગવટાના ત્યાગનો આ જગત પર જોટો જડે તેમ નથી.

આનંદ-શ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાલ અને તેજપાળ જેવા વીરોએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી ઉલ્લાસભાવે સુપાત્ર દાન દઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. શેઠ સુદર્શનના શીલવ્રત અને ગણધર ગૌતમના જ્ઞાનને આપણે સદૈવ વંદન કરીએ છીએ.

વિશ્વચિંતક બર્ટ્રાન્ડ રસેલે એક લઘુકથા લખી છે. તે રૂપકને થોડી જુદી રીતે આપણા નિજી જીવનના પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવું છે.

પ્રસિદ્ધ અને ભવ્ય મંદિરનો એક પૂજારી નિદ્રાધીન થતાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે તે સ્વર્ગને દરવાજે પહોંચી ગયો છે પરંતુ દરવાજો એટલો મોટો છે કે તેના છેડાઓની ખબર જ નથી પડતી. તે માથું ઊંચકી જુએ છે, તે આશ્ચર્યથી

જોતો જ રહી જાય છે. પરંતુ તેનો કોઇ અંત દેખાતો નથી. એ દરવાજા પર નાના માણસની ટકોરાની શી અસર થાય ? તે અસીમ સૂનકારમાં કાંઇ અવાજ પેદા ન થયો. એ માથું ઠોકી ઠોકીને થાકી જાય છે. અને ખૂબ દુઃખી થાય છે. કારણ તેણે તો હંમેશાં એમ જ વિચાર્યું હતું કે, હું ભગવાનની દિવસ અને રાત પૂજા કરું છું, એથી હું જઇશ ત્યારે ભગવાન દરવાજા સામે મારા સ્વાગત માટે હાથ ફેલાવી ભેટવા તૈયાર હશે પરંતુ અહીં તો દરવાજો જ બંધ છે.

ખૂબ બૂમ-બરાડા પાડ્યા પછી એક નાની બારી ખૂલે છે. અને પ્રકાશનો પૂંજ દેખાય છે. તે જોઇ પૂજારી ગભરાઇ જાય છે. દરવાજાની બાજુમાં સરકી જાય છે કારણ કે બારીમાંથી એક-બે નહીં હજાર હજાર તેજસ્વી આંખો દેખાણી. પૂજારીની આંખો અંજાઇ જાય છે. તેને આંખે અંધારા આવવા લાગ્યા. પૂજારી બૂમ મારીને કહે છે, 'મહેરબાની કરી અંદર જતા રહો અને ત્યાંથી જ વાત કરો, મારા સામે જુઓ નહીં. એક એક આંખનું તેજ હજાર સૂર્ય સમાન જણાય છે.' તે કહે છે, 'હે ભગવાન આપનાં દર્શન થઇ ગયા, બહુ કૃપા થઇ. પરંતુ પેલી તેજસ્વી આંખોવાળી વ્યક્તિ કહે છે,' 'હું ભગવાન નથી હું અહીંનો દ્વારપાળ છું અને તમે ક્યાં સંતાયા છો, મને દેખાતા જ નથી ? પેલી હજાર હજાર આંખોવાળી વ્યક્તિને પણ તે પૂજારી ક્યાંય નજરે ચડતો નથી એટલો વામન લાગે છે. આ અદ્‌ભુત ઘટનાથી પૂજારીને લઘુતા-દીનતાની અનુભૂતિ થવા માંડી, 'હું વિચારતો હતો કે ખુદ ભગવાન દરવાજા પર મળશે પરંતુ આ તો ભગવાનનો દ્વારપાળ છે.' થોડી વારમાં સ્વસ્થતા કેળવી પૂજારીએ દ્વારપાળને પૂછયુંઃ

'તમને ખબર નથી કે હું આવવાનો છું ?'

દ્વારપાળે કહ્યું, **'તમારા જેવું જીવજંતુ અનંતકાળમાં અહીં પહેલી જ વાર દેખાયું છે,** ક્યાંથી આવો છો ?' પૂજારીએ કહ્યું, 'પૃથ્વી પરથી આવું છું.' દ્વારપાળ કહે, 'આ નામ ક્યાંય સાંભળ્યું નથી, આ પૃથ્વી ક્યાં છે ?' ત્યારે તેનો શ્વાસ અટકી ગયો, હૃદયના ધબકારા બંધ થવા માંડ્યા. જો પૃથ્વીનું જ નામ નથી સાંભળ્યું તો હિન્દુસ્તાનનું નામ અને તેના ધર્મના નામ ક્યાંથી સાંભળ્યા હોય. એ ધર્મોનાં સંપ્રદાયોનાં નામ એ જાણતો જ ન હોય, અને અમુક ગામનાં મંદિરોની એને શી ખબર હોય ? અને એ મંદિરના પૂજારીને તો એ શે ઓળખે ? જ્યારે એ તો કહે છે કે પૃથ્વીનું નામ જ પહેલી વખત સાંભળ્યું છે.

દ્વારપાળે પુનઃ પ્રશ્ન કર્યો, 'ક્યાં છે એ પૃથ્વી ?' પૂજારી એ પ્રત્યુત્તરમાં કહ્યું, સૂર્યનો એક પરિવાર છે. તેમાં પૃથ્વી એક ગ્રહ છે.' પેલો દ્વારપાળ કહે છે, 'તમને ખબર નથી કે, કેટલા પાર વગરના સૂર્યો છે ? કઇ નિહારિકા ? તેમાંનો ક્યો સૂરજ ? તમારા સૂર્યનો ક્યો નંબર (Index Number) છે ?'

**પૂજારી દિગ્મૂઢ થઈ સાંભળતો નિરુત્તર રહ્યો. પેલો દ્વારપાળ કહે, 'તમારી આકાશગંગા Galaxy નો સાંકેતિક નંબર (Code Number) બતાવી શકો તો પણ તમારા સૂરજની શોધખોળ થઈ શકે કે તમે ક્યા સૌર પરિવારમાંથી આવો છો.'** પૂજારી કહે, 'નંબર ?' 'અમે તો એક જ સૂરજને જાણીએ છીએ.' દ્વારપાળે કહ્યું, 'ચાલો, પ્રયત્ન કરવામાં આવશે, શોધતાં શોધતાં કદાચ પત્તો લાગી પણ જાય, પરંતુ આ રીતે શોધ કરવી એ બહુ અઘરી વાત છે.' ગભરામણમાં પેલા પૂજારીની ઊંઘ ઊડી જાય છે. જાગૃત થતાં જ તે પસીનાથી તરબોળ થવા લાગે છે કે જે કોસ્મિક વિશ્વ, વિરાટ જગતમાં એ વસે છે ત્યાં પૃથ્વીનું જો કંઇ સ્થાન ઠેકાણું નથી તો, 'અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન ક્યાં ?'

ૐ

## સમાજનું કડવું સત્ય :
## પ્રમોદભાવનાનો લોપ :

સમગ્ર સૃષ્ટિને અંધકારના બાહુપાશમાંથી મુક્ત કરવા ભાણદેવ પધારી ગયા હતા. ઉષાની લાલીમાસહ દેદીપ્યમાન કિરણો વાતાવરણને ચેતનવંતું બનાવી રહ્યાં હતાં. પંખીઓનો કલશોર અને કૂકડાઓની બાંગ પ્રભાતના આગમનની છડી પોકારી રહ્યાં હતાં... આવા રમ્ય વાતાવરણમાં પાદવિહાર કરી સંતો એક ગામથી બીજા ગામ જઈ રહ્યા હતા. સંતે ગ્રામવિહારમાં કૌતૂક જોયું. એકાદ ગામ નજીક પહોંચ્યા. ત્યાં એક શ્વાન દૂરથી ભસતો આવ્યો.

વાયુમંડળની પ્રસન્નતા છિન્ન-ભિન્ન થતાં સંતોના સમુદાયમાં નાના સંતને ડર લાગ્યો. વડીલ સંતની પાસે જઈ પોતાના ડરની વાત કહી. સંતે મધુર સ્મિત સાથે કહ્યું, 'તેના ગામની સીમામાં છીએ એટલે આવું વર્તન કરે છે, હમણાં ચાલ્યો જશે.'

થોડી વાર એ શ્વાન ભસતોભસતો પાછળ આવ્યો. સંતોનો સમુદાય તો પોતાની દિશામાં આગળ વધી રહ્યો હતો. થોડી વાર ભસતાભસતા પાછળ આવેલું કૂતરું પોતાનું કાંઈ ચાલ્યું નથી તેમ માની પાછળ ઊભું રહી ગયું. નાના સંતે પાછળ ફરીને જોયું. કૂતરું પોતાના પગ જમીન પર વારંવાર ઘસતા ધૂળ ઉડાડતું હતું.

નાના સંતે વડીલ સંતને પૂછ્યું, ''ગુરુદેવ, એ કેમ પગ ઘસી ધૂળ ઉડાડે છે ?''



ત્યારે વડીલ સંતે માર્મિક જવાબ આપ્યો, ''તેનું કાંઈ ચાલ્યું નથી. ભસવાનો અર્થ સર્યો નહીં એટલે પોતાના અંદરના નકારાત્મક ભાવો નેગેટિવિટીને કાઢવા જમીન પર પગ ઘસીઘસીને ધૂળ ઉડાડે છે.''

સમાજ અને સમુદાયમાં પણ કેટલાક લોકો એવા હોય છે જેને સારું જોઈને હસતાં નહીં ભસતાં જ આવડતું હોય છે, જ્યારે પોતાનું કંઈ ચાલે નહીં ત્યારે બીજા પર ધૂળ ઉડાડવાનો પ્રયત્ન કરતા હોય છે. બીજાની નવ્વાણું સારી વાતને એપ્રિસિયેટ ન કરતા એની એક ભૂલની નવ્વાણું વાર ટીકા કરવી તેવા નકારાત્મક ભાવોવાળા રાજકારણ, સમાજ કે ધર્મક્ષેત્રના કહેવાતા આગેવાન કે ઠેકેદારો જ હોય છે.

આ નેગેટિવિટીથી અનુપ્રેક્ષા ચિંતનની ચાર પરાભાવનામાંથી જીવનમાં પ્રમોદભાવનાનો લોપ થયા કરે છે અને ક્યારેક તો એવું લાગે છે કે આવા માણસોને કૂતરા સાથે સરખાવીએ તો શ્વાન જેવા વફાદાર પ્રાણીનું પણ અપમાન જ ગણાય ને !



# સાદગી અને સરળતાનું સૌંદર્ય

'કૌન બનેગા કરોડપતિ'' ટી.વી. સિરિયલના એક એપિસોડની હોટસીટ પર એક મહિલા હતી જે ભારતના પૂર્વરાષ્ટ્રપતિ સર અબ્દુલકલામની ઑફિસમાં કામ કરતી હતી. તેણે શ્રી અમિતાભજીને પૂર્વરાષ્ટ્રપતિ સાથે વર્ષો સુધી કામ કર્યું તેના અનુભવ શેર કરતા કહ્યું હતું. ઉપરાંત શ્રી નાયર જે ડૉ. અબ્દુલકલામ સરના સચિવ હતા તેમની મુલાકાત શ્રી પોડિગાઈએ ટેલીકાસ્ટ કરેલી જે વાતો રસપ્રદ અને પ્રેરણાદાયક છે. વળી શ્રી નાયરે ''કલામ અસર'' નામનું પુસ્તક પણ લખ્યું છે.

ડૉ. કલામ જ્યારે વિદેશ જતા ત્યારે ત્યાંના દેશના વડાઓ તેમને ભેટ આપતા તે ભેટનો ઇન્કાર કરીએ તો તે દેશનું આપમાન થાય તેથી કલામ સર તે ભેટ સ્વીકારતા.

દેશ-વિદેશમાંથી મળેલી તમામ ભેટોનું ફોટોગ્રાફ-કેટલૉગ કરી તે **આર્કાઈવ્સને** આપી દેતા રાષ્ટ્રપતિભવન છોડતા સાથે મળેલી ભેટોમાંથી એક પણ ભેટ લીધી નથી.

૨૦૦૨માં કલામસાહેબે કાર્યભાર સંભાળ્યો ત્યારે રમઝાન મહિનો જુલાઈ-ઑગસ્ટ આવ્યો. રાષ્ટ્રપતિએ ઇફતાર પાર્ટીનું આયોજન કરવું તે નિયમિત પ્રથા હતી.

શ્રી કલામસાહેબે નાયરે પૂછ્યું કે, આ પાર્ટીનો શું ખર્ચ થાય છે ? તો જણાવ્યું કે આશરે ૨૨ લાખ રૂપિયા.

કલામસાહેબે કહે કે, શા માટે સુખી ખાતા-પીતા લોકોને ખવડાવવામાં આટલો ખર્ચ કરવો ? અને કહ્યું કે રાષ્ટ્રપતિ ભવનની એક ટીમ જે અનાથાલયોની પસંદગી કરે ત્યાં ખોરાક, કપડાં, ધાબળા વગેરે જરૂરી વસ્તુ આ રકમમાંથી આપવી અને શ્રી નાયરેને

અંદર બોલાવી કહ્યું કે, આ એક લાખ રૂપિયાનો ચેક મારા તરફથી અનાથાલયો માટે જે કરો તેમાં ઉમેરશો. વળી કહે કે, મેં અંગત રૂપિયા આપ્યા છે તેની જાણ કોઈને કરવી નહીં. નાયર કહે સાહેબ, લોકોને ખબર તો પડવી જોઈએ ને કે અહીં એક એવો માણસ છે જેણે પોતાના પૈસા પણ આપ્યા હતા !

અહીં એ નોંધવું જરૂરી છે કે ડૉ. કલામ એક ધર્મપ્રેમી મુસ્લિમ હતા.

એકવાર જ્યારે ભારતના મુખ્ય ન્યાયાધીશ આવ્યા અને અમુક તબક્કે ડૉ. કલામે પોતાનો મત વ્યક્ત કર્યો ને નાયરને પૂછ્યું, ''તમે સહમત છો ?'' નાયરે ના કહી. ચીફ જસ્ટીસ ચોંકી ગયા. કલામસાહેબે તેમને કહ્યું કે, હું પછીથી તમારી સાથે વિશદ ચર્ચા કરીશ અને મને યોગ્ય લાગશે તો ૯૯% મારો વિચાર બદલી નાખીશ. આવી હતી તેમની નિખાસલ સરળતા.

ડૉ. કલામે તેમનાં ૫૦ સગાં-સંબંધીઓને દિલ્હી આવવાનું આમંત્રણ આપેલું અને બધા રાષ્ટ્રપતિ ભવનમાં રહ્યા.

તેમણે શહેરની આસપાસ જવા માટે એક બસની વ્યવસ્થા કરી હતી જેનું પેમેન્ટ કલામ સાહેબ દ્વારા ચૂકવવામાં આવેલું હતું. તેમના તમામ રોકાણ અને જમણની ગણતરી કરી જે બિલ આવ્યું તે રૂા. બે લાખ તેમણે ચૂકવી દીધા હતા. ડૉ. કલામના મોટાભાઈ એક અઠવાડિયું તેમની સાથે રોકાયા તો તેમનું ભાડું પણ તે ચૂકવવા માગતા હતા, જે **આ દેશના ઈતિહાસમાં કોઈએ આવું કર્યું નથી.**

રાષ્ટ્રપતિ ભવનમાંથી વિદાય વેળાએ તે દરેક કર્મચારીને મળ્યા ને માન આપ્યું હતું. નાયર કહે છે, હું મળવા ગયો. મારી પત્ની વિશે પૂછ્યું. મેં કહ્યું ફ્રેક્ચર થયું છે તેથી તે ન આવી.

બીજે દિવસે સવારે ઘરની આસપાસ ઘણા પોલીસ ફરતા જોઈને પૂછ્યું કે કેમ શું થયું ? તો કહે કે રાષ્ટ્રપતિ તમારે ઘરે આવે છે. મારે ઘરે આવી મારી પત્ની સાથે થોડી વાર વાત કરી. કોઈ રાષ્ટ્રપતિ સિવિલ સર્વંટના ઘરે જતા નથી. તેમના ભાઈ છત્રી રિપેરીંગની દુકાન ચલાવે છે. તેની સંપત્તિમાં થોડા પેન્ટ-શર્ટ, ૨૫૦૦ પુસ્તકો, ફ્લૅટ કે જેનું તેમણે દાન કર્યું છે. પદ્મશ્રી, પદ્મભૂષણ, ભારતરત્ન, ડૉક્ટરેટની ઉપાધિ-ડિગ્રી તેમની પાસે હતી. તેમની પાસે એ.સી., ટી.વી., કાર, બૅંકબેલેન્સ કે જમીન નહોતી.

તેમની પાસે વેબસઈટ, ટ્વીટર એકાઉન્ટ, ઈમેઈલ આઈડી હતા.

૮ વર્ષનું પેન્શન દાનમાં આપેલ. તેમની પાસે દેશ પ્રત્યેની નિષ્ઠા, સારપ, માનવીય ઉમદા ગુણો, ઉચ્ચ બુદ્ધિમત્તા અને પ્રજ્ઞા હતાં. ડૉ. કલામસાહેબની સરળતા, સાદગીની ભવ્યતામાં દિવ્યતા સંગાપાયેલી હતી. આ વાંચતાં આપણને તેમના ભીતરના ગુણોની આંતરસમૃદ્ધિનું દર્શન થાય છે.



# પ્રભુનું પ્રતીક

સ્વામી વિવેકાનંદ એક વખત અલ્વરની મુલાકાતે ગયા હતા ત્યારે દિવાન મૅનેજર રામચંદ્રજીના આગ્રહથી તે તેમને ત્યાં ઊતરેલા.

એક વખત રાજા મંગલસિંહે વાતચીત કરતાં વિવેકાનંદને પૂછ્યું, સ્વામી મૂર્તિપૂજા પ્રત્યે મને બિલકુલ શ્રદ્ધા નથી. લાકડા, પત્થર અથવા ધાતુના ટુકડામાં ઈશ્વર ભરાયો છે, એમ માનવું અને તેની પાછળ શક્તિ વેડફી દેવી તેને મૂર્ખતા માનું છું.

તરત જ સ્વામીએ રાજાના દિવાનને બોલાવી દિવાનખંડમાં લટકતો રાજા મંગલસિંહનો ફોટો મંગાવી તેને સામે મૂક્યો અને તેને સ્વામીએ કહ્યું, આના પર થૂંકો.

દિવાન : આપ શું કહો છો ? આ તો અમારા મહારાજ છે. આ તો અમારા મહારાજ છે. (દિવાને ગભરાતા કહ્યું).

સ્વામીએ કહ્યું : તમારા મહારાજા તો મારી સાથે વાતચીત કરી રહ્યા છે. તમારા હાથમાં તો માત્ર કાગળનો ટુકડો છે. તેમાં મહારાજ ક્યાંથી ભરાયા ?

દિવાન : એ તો મહારાજનો ફોટો છે.

સ્વામીજીએ કહ્યું : મૂર્તિ એ પણ ભગવાનનું પ્રતીક છે. ભક્તજનો તેને પત્થર માનીને નહીં પરંતુ ભગવાન માનીને પૂજે છે સમજ્યા ?

તરતજ રાજા મંગલસિંહની સમજમાં સત્ય આવી ગયું.



# પ્રવૃત્તિઓ ઘણી બદલી, હવે વૃત્તિને બદલીએ

પ્રવૃત્તિનો ક્રિયા સાથે અને વૃત્તિનો ભાવ સાથે સંબંધ છે.

પરિવાર છોડી સન્યસ્ત જીવનનો સ્વીકાર પ્રવૃત્તિ બદલાઈ ગઈ.

પુત્ર-પરિવાર હતા તેને સ્થાને શિષ્યોનો પરિવાર માનીતા ભક્તોએ સ્વજનોનું સ્થાન લીધું. પહેલાં બંગલા, ફેક્ટરીના નિર્માણની વાત હતી. હવે મંદિરો અને ધર્મસ્થાનકોના નિર્માણની શૃંખલા શરૂ થઈ. એક અપેક્ષાએ જોઈએ તો આ તો સાતિત્ત્વક પ્રવૃત્તિઓ જ છે.

પરંતુ - જ્યારે

આસક્તિના ડેરા-તંબૂ તણાવા લાગ્યા, પસંદગીનાં ધર્મસ્થાનકો ગમવા લાગ્યાં ત્યાં વધુ રહેવાનું આકર્ષણ થયું. ખાસ ભક્તજનોનો જ સંગ વધ્યો. ત્યારે પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ.

પહેલા મારું મારા કુટુંબ પર આધિપત્ય હતું. હવે સંસ્થામાં પદ મળ્યુ. ત્યાં મારું ચાલે છે, તેનો ગર્વ. પહેલાં મારા પરિવાર - સ્વજનનો બંગલો, દુકાન પર મોહ હતો. હવે સંસ્થાના મકાન, સહકાર્યકરો અને પદ પર આસક્તિ છે. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ.

આચાર્ય મહાપ્રજ્ઞજી કહે છે કે, બદલાયેલી પ્રવૃત્તિ આસક્તિમુક્ત હોય તો વૃત્તિ

બદલાઈ જશે.

નગરમાં એક સન્યાસી આવ્યો. સન્યાસીની જીવનચર્યા જોઈ રાજાએ સન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ-વૈભવ છોડી રાજા સન્યાસી પાસે આવ્યા અને કહ્યું કે, મને સન્યસ્ત દીક્ષા પ્રદાન કરો.

સન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સન્યાસી બનેલા રાજા માત્ર કુટિરને સ્વચ્છ-સુઘડ જ નથી રાખતા, ધીરે ધીરે કુટિરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોનાં રંગીન લાકડાંઓની કલાકૃતિ બનાવી, વાંસની કમાનો બનાવી તેને શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોતી કુટિરનું સુશોભન કરે છે. કુટિરના વિશાળ આંગણામાં કેટલાંક પશુ-પંખીને પાળે છે.

એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ ગુરુ સન્યાસીને પોતાની કુટિરમાં આમંત્રણ આપ્યું. રાજાએ કુટીર, આંગણ, પશુ, પંખી અને સુશોભનો બતાવી પૂછ્યું,

ગુરુજી, મારી કુટિર કેવી લાગી ?

ગુરુજીએ કહ્યું, કુટિર તો મહેલ જેવી સોહાય છે. ગુરુ દ્વારા કુટિરના વખાણો સાંભળી સન્યાસી થયેલા રાજાના મુખ પર અહં અને ખુશીના ભાવ જોઈ ગુરુ વિચારે છે –

**રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો.**

ચિત્તમાં મહેલ મોજુદ જ છે.

ગુરુ કહે, પહેલાં મહેલ અને રાજ્યનો વિસ્તાર અને શણગાર કરતા હતા, હવે કુટિરનો. પહેલાં મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ હતો, હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ-પંખી પ્રત્યે મોહ, આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે ? વૃત્તિને બદલવી પડશે. સન્યાસી બનેલ રાજા પ્રમાદ અને મોહની નિદ્રાથી જાગૃત થયા. પશુ-પંખી, ફૂલ-ઝાડ અને કુટિરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા. પૂર્વે સન્યાસી થવા સમગ્ર સામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતાં જંગલની આ કુટિરનો ત્યાગ મહાન હતો, કારણ આ ત્યાગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ હતી. કુટિરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.






# પિતૃહૃદયની વત્સલતાનું દર્શન

ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ' નામની નવલિકાએ દીકરીના એક પત્ર માટે ઝૂરતા પિતાની વેદનાને વાચા આપી છે.

એક અલી નામનો વૃદ્ધ ફકીર હતો. તે વિધુર હતો. એક દીકરી હતી મરિયમ. અલીએ મરિયમને પરણાવી. ઘરમાં બીજો કોઈ પરિવાર નથી. ગરીબ બાપ દીકરી વળાવે છે. મરિયમ રડતી રડતી જાય છે. ''બાબા મારી ચિંતા ના કરશો. તમારા શરીરને સાચવજો.'' ''મેરી ઉમર તુઝે લગે બેટી, જાવ, પણ દીકરી પત્ર લખવાનું ભૂલીશ નહિ. હવે તારો પત્ર એ મારું જીવન છે.'' પછી આ ફકીરનો નિયમ થઈ ગયો કે સવારે નવ વાગ્યે રેલવે સ્ટેશને જાય. જે ટ્રેનમાં પોસ્ટના થેલા આવતા એ ગાડી આવે ત્યાં સુધી ઊભો રહેતો.

ટ્રેનના ડબ્બામાંથી થેલો બહાર નીકળે એ જુએ એટલે એને એમ લાગ કે આમાં મારી દીકરીની ટપાલ હશે. પછી પોસ્ટ ઑફિસે આવે, પગથિયાં પાસે બેસી જાય. પોસ્ટમૅનો ટપાલ બધી જુદી પાડે અને ટપાલોના થોકડા લઈને નીકળે ત્યારે વૃદ્ધ બાપ સજળ નેત્રે એક-એક પોસ્ટમૅનને પૂછે : ''મારી દીકરીનો કાગળ છે?'' કહે : ''નથી કાગળ.'' એટલે ડુંગરા જેવડો નિસાસો મુકીને ઘેર જતો રહે.

વળી સવારે નવ વાગ્યે આવે. વાદળાથી સૂર્ય કીરણો ક્યારેક મોડા થાય પણ

અલી સમયસર જ આવે. દિવસો વીતવા લાગ્યા, પણ મરિયમનો કાગળ આવ્યો નહિ. પોસ્ટમાસ્ટર અને પોસ્ટમૅનને એમ થયું કે – 'આ પાગલ થઈ ગયો છે.' પણ બાપની વેદનાને બીજા કેમ સમજી શકે ? તે માટે તો અનુભૂતિ જોઈએ. બાપ બનવું પડે. ટપાલ આવતી નથી, અલીનું શરીર સુકાવા માંડાયું.

એક દિવસ ટપાલના થેલા પોસ્ટ ઑફિસમાં આવ્યા ને ટપાલ જુદી પાડતા હતા એમાં પોસ્ટ માસ્તરે અલીનું પરબીડિયું જોયું. એણે વાંચ્યું, મોકલનાર મરિયમ છે. એ બહુ રાજી થયો કે – **'એક વૃદ્ધની સાધના પૂરી થઈ.' આજ દીકરીનો કાગળ આવ્યો.** કહે : ''બહાર તપાસ કરો, અલી આવ્યો છે ?'' પોસ્ટમૅન કહે : ''તે તો આવ્યો જ હોય.'' ''તો બુલાઈએ.'' પોસ્ટમૅન બહાર ગયો ને જોયું તો આજ અલી ન હતો. ''કમાલ છે સાહેબ. આજ અલી આવ્યો નથી. કદાચ બીમાર થઈ ગયો હોય, વૃદ્ધ છે.'' પોસ્ટમૅનને પોસ્ટમાસ્તરે સાથે લીધા. આજ મારે જાતે એને ટપાલ આપવી છે.

જ્યાં ગરીબ ઝૂંપડાવાસીઓની વસ્તી છે ત્યાં અલી રહેતો હતો. ત્યાં જાય છે, પણ આખો લત્તો ઉદાસ છે. પૂછ્યું : ''અલી ક્યાં રહે છે?'' એક સ્ત્રીએ ઝૂંપડું બતાવી કહ્યું : ''શું કામ છે ?'' આજુબાજુથી બધાં ભેગાં થઈ ગયાં. ''અલીનો આજ પત્ર આવ્યો છે.''

''સાહેબ, શું કહીએ ? આજે સવારે અલીનું મૃત્યુ થઈ ગયું, છતાં તેના મુખમાં અંતિમ શબ્દ ''મરિયમ, મરિયમ તારો પત્ર ન આવ્યો'' કેટલી બદનસીબી ! પોસ્ટમાસ્તર સાહેબ બોલે : ''મુઝે ઉસકી કુટિયા પે લે ચલો.'' બધા અંદર ગયા.

અલીના બિસ્તરમાં એક ચિઠ્ઠી પોસ્ટમાસ્તરના નામની પડી હતી. લિખા થા કિ – મેરબાન પોસ્ટમાસ્તર સાહેબ, મેં જા રહા હૂઁ ખુદા કે પાસ. આજ તક મરિયમ કા ખત નહિ આયા, મેરે દિલમે યહ દુઃખ રહ ગયા હૈ – સાહેબ, મેરે મોત કે બાદ અગર મયિયમ કા ખત આ જાય તો મેરી કબ્ર પર રખ દેના.''

– અલી કા સલામ.

ચિઠ્ઠી વાંચીને પોસ્ટમાસ્ટર રડી પડ્યો. પત્ર કબર ઉપર રાખી દીધો. આ છે પુત્રી અને પિતાનો સંબંધ.



# વિનય સાથે વિવેકનું સાયુજ્યઃ  કાંચનમણિ યોગ

વિવેકવાન પુરુષો જીવનમાં વિનયભાવ પ્રગટાવવા માટે પોતાને શૂન્ય ગણે એટલે સ્વયં લઘુતાભાવની અનુભૂતિ કરે છે. જ્યારે આપણામાં વિનયભાવ આવે ત્યારે ગમા-અણગમા શૂન્ય થવા લાગે છે.

વિવેક, વિનય અને જયણા સહોદર છે. ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. વિવેકમાં આત્મજાગૃતિ અભિપ્રેત ઉપયોગ એટલે જયણાધર્મ.

પાણીમાં ડૂબકી લગાવતાં પહેલાં આખા શરીરે હળદર ચોળવાથી પાણીનાં ઝેરીલાં, ડંખ મારવાવાળાં જંતુઓથી બચી શકાય છે. સંસારસાગરમાં ડૂબકી મારતાં આપણા જેવા જીવો વિવેકરૂપી હળદરથી ષટરિપુ કષાયોથી બચી શકે. જીવનના રોજબરોજના પ્રસંગોમાં વિવેકયુક્ત આચરણ વિસંવાદિતા ટાળી સામંજસ્યનું સર્જન કરે છે.

વર્ષો પહેલાં વડોદરામાં ગુજરાતી સાહિત્યનો એક કાર્યક્રમ સાહિત્યકાર કિસનસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો. આ કાર્યક્રમમાં તે સમયના જાણીતા નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ બોલવા ઊભા થયા. મહાનુભાવોને સંબોધન કરતી વખતે તેમણે કિસનસિંહ ચાવડાને માત્ર 'કિસન' એવું સંબોધન કર્યું. તેમના વક્તવ્ય પછી એ બેસી ગયા. કોઈએ ર. વ. દેસાઈને કહ્યું કે, ''હું માનું છું કે કિસનસિંહ ચાવડા ઉંમરમાં તમારાથી નાના હશે એટલે તમે 'કિસન' એવું સંબોધન કર્યું, પરંતુ આજની સભાના

એ પ્રમુખ છે. ર. વ. દેસાઈને પોતાની ભૂલ સમજાઈ અને તેમણે જાહેરમાં એકરાર કર્યો કે, 'આજની સભાના પ્રમુખ શ્રી કિસનસિંહ ચાવડાને આત્મીયતા અને લાગણીના આવેગોને કારણે મેં 'કિસન' એ રીતે સંબોધન કર્યું જે સર્વથા યોગ્ય નથી.' અહીં આંતરિક વિનય પાળવાનું પ્રાગટ્ય અભિપ્રેત છે.''

પ્રમુખસ્થાનેથી પોતાના વક્તવ્યમાં કિસનસિંહ ચાવડાએ કહ્યું કે, 'આદરણીય શ્રી ર. વ. દેસાઈ, આપે 'કિસનસિંહ'ને બદલે 'કિસન' એવું સંબોધન કરી મારામાં રહેલા 'પશુ'ને દૂર કર્યો, 'પશુતા'ને બદલે 'પ્રભુતા' 'કિસન' તરફ લઈ જવા બદલ આભાર. કિસનસિંહના વિવેકસહ વિનયની અભિવ્યક્તિથી સભામાં હળવાશ અને હાસ્યનું મોજું ફરી વળ્યું અને સભામાં પ્રસન્નતા છવાઈ ગઈ.

હિત, મિત ને પ્રિય બોલવું એને વાણીનું તપ કહ્યું છે. અહીં પ્રિય એટલે 'કર્ણપ્રિય'. કાનને ગમે તેવાં વચનો બોલવાં તેવો માત્ર સ્થૂળ અર્થ નથી. પ્રિય એટલે વિનય-વિવેકસહ આત્મહિત, આત્મકલ્યાણનાં વચનો એવો થાય છે.

**વિચારયુક્ત બુદ્ધિમાં જીવે તે બુદ્ધુ બની શકે, પરંતુ વિવેકથી જીવે તે બુદ્ધ બની શકે છે. માટે જીવનનો નિર્ણય વિચારથી નહીં, વિવેકથી કરવો જોઈએ.**

વ્યાવહારિક જીવનની સફળતામાં વિનય-વિવેક કેન્દ્રસ્થાને છે, તો ધર્મના શાસનનો પ્રાણ વિવેક છે. માટે જ્ઞાનીઓ કહે છે કે ધર્મ વિવેકે નીપજે.

પ્રભુ વચન પ્રમાણેનું આચરણ એ પરમાત્મા પ્રતિ વિનય છે. પરંતુ સમય પ્રમાણે એ વચનનું આચરણ એ વિવેક છે.

હંસ વિવેકનું પ્રતીક છે. હંસવૃત્તિથી સારાસારનો ક્ષીર-નીર વિવેક પ્રાપ્ત થાય છે.

શ્રાવિકા સાધુજીને કેસરિયા મોદક વહોરાવે છે. સાધુજીને આ મોદક દાઢમાં રહી જાય છે. રાત્રે સાધુ ફરી મોદક વહોરાવવા આવે છે. શ્રાવિકાજી વિચારે છે કે, આહારસંજ્ઞાના પ્રબળ જોરે રસ આસક્તિમાં મહારાજ, સાધુજીની સમાચારીનું વિવેકભાન ભૂલ્યા છે.

બે હાથ જોડી વિનયપૂર્વક શ્રાવિકાજીએ સાધુને અત્યારે શું સમય થયો છે, સાધુને ગોચરી વહોરાવવા ભિક્ષા ગ્રહણ કરવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંદર્ભે શું નિયમો છે તેની યાદ આપી.

સાધુને પોતાની ભૂલ સમજાણી. વિનયપૂર્વકનાં વિવેકયુક્ત વચનોમાં શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનું સામર્થ્ય છે.

વળી, વિનયવાન વ્યક્તિ બધામાં સ્વીકૃત અને સર્વમાં પ્રિય પાત્ર બની જાય છે.



# ત્યારે નરેશની આંખ ખૂલી ગઈ

નગર શ્રેષ્ઠી પોતાની દુકાનમાં બેઠા હતા. એટલામાં કોલાહલ સંભળાયો. બજારના માર્ગ તરફ ડોકિયું કર્યું તો ખબર પડી કે, પોતાની પ્રેયસી નન્નીજાનને હાથી પર સાથે લઈને ઉદેપુર નરેશની સવારી નગરના રાજમાર્ગ પરથી ઊભીબજારે પસાર થઈ રહી હતી. દુકાનદારો પેઢી પરથી ઊતરીને નમસ્કાર કરી અભિવાદન કરતા હતા.

મહાજનના અગ્રણી, એ નગરશ્રેષ્ઠીની દુકાન પાસેથી પણ પસાર થવા લાગી ત્યારે શેઠનું મન ખિન્ન ઉદાસ હતું, પરંતુ શેઠ ચોપડો ખોલી ચોપડો વાંચવાનો ડોળ કરવા લાગ્યા. ઔચિત્ય ખાતર પણ નરેશનું અભિવાદન ન કર્યું.

આ ઘટના નરેશની નજર બહાર ન ગઈ. તેણે વિચાર્યું કે કશાક કારણ વિના આ મહાજનશ્રેષ્ઠી ઔચિત્યભંગ ના કરે.

સવારીથી ઊતર્યા બાદ શેઠને રાજમહેલમાં બોલાવાયા અને કારણ પૂછ્યું.

માથું નીચું રાખી બંધ આંખે શેઠે કહ્યું કે, એ સમયે આપના દર્શન કરવામાં મારે પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો પડે એમ હતું, કેમ કે મારો રાજા, એ મારો ધણી નર્તકી-ઉપપત્ની લઈને ઊભીબજારે આબરૂનું લિલામ કરવા નીકળ્યો હતો. સાંભળી નરેશ શરમાયા પણ આ વેણ કહેતાં શેઠની આંખ જ્યારે બંધ થઈ ગઈ ત્યારે નરેશની આંખ ખૂલી ગઈ !



# સારપની ખેતીનું સાફલ્ય

એક શ્રેષ્ઠી ઘોડા તીર્થયાત્રાએ જઈ રહ્યા હતા. તેમનું ધર્મમય જીવન સાદાઈ અને સરળતાના સૌંદર્યથી છલકાતું હતું. પ્રભુના અજપા જાપ સાથે પંથ કપાતો હતો, એટલામાં હાક સંભળાણી એ શેઠ નીચે ઊતરો, ગજવામાં હોય તે બહાર કાઢો ને અંગ પર હોય તે ઉતારી દો. અમે ચાર છીએ ને તમે એક, ચૂં કે ચા કર્યું છે તો ખેર નથી. બુકાનીધારી લુંટારો બોલ્યો.

શેઠ ચતુર અને સમયપારખુ હતા. અંગે કોઈ એવાં દરદાગીનાં નહોતાં પહેર્યાં અને સાથે પણ એવી કોઈ રકમ નહોતી.

એને વિચાર આવ્યો કે, હું આ રસ્તે શેઠ લુંટાણા તો કોઈ આ તીર્થની યાત્રા કરતાં ડરને કારણે નહીં આવે એ વળી આ ચાર જુવાનિયાના જીવનમાં એવું શું હશે કે લૂંટફાટનો ધંધો કરવો પડે ?

તેણે ઘોડા પરથી નીચે ઊતરી અને પૂછ્યું કે, તમે લૂંટનો ધંધો કેમ કરો છો ? તો કહે લૂંટ ન કરીએ તો ઘરમાં છોકરાં ભૂખે મરે. શેઠ કહે જમીન છે? લૂંટારો કહે, હા છે, પણ બળદ, ઓજારો, ખાતર ને બિયારણ માટે પૈસા હોય તો ખેતી થાય. ને વળી ગામના અડધા જુવાનિયા બેકાર છે.

શેઠ કહે, હું તમને ચારેયને સો-સો રૂપિયા આપું તો આ ધંધો છોડી ખેતી

કરશો ? શેઠની વાતે સહુ વિચારમાં પડી ગયા. અંદર અંદર ગુસપુસ કરી, બુકાની છોડી હથિયાર હેઠાં મૂકી એક લુંટારો બોલ્યો કે, શેઠ હમણાં જ અહીં રૂપિયા મંગાવી આપો તો અમે આ લૂંટનો ધંધો છોડી દઈએ.

શેઠે પંચાસરની પેઢી પર એક ચિઠ્ઠી લખીને જુવાનને આપી. તે રૂપિયા લઈ આવ્યો. શેઠે કહ્યું કે સામે મંદિરની ધજા દેખાય છે તે **પ્રભુની સાક્ષીએ આ ધંધો છોડવાનું પ્રણ લો.** ચારેયે તેમ કર્યું તે અમરતલાલ શેઠે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની જય બોલાવી તીર્થયાત્રા તરફ ઘોડી હંકારી.

ચારેયે ૨૫-૨૫ રૂપિયામાં બળદની જોડી ખરીદી, હળ, બિયારણ લીધા. કાચા સોના જેવા વરસાદ વરસ્યો. આખા પરિવારે ખેતીમાં મહેનત કરી. ઉપજના રૂપિયા પંદરસો પંદરસો સૌને મળ્યા. ચારેય જણા શેઠને યાદ કરી રૂપિયા ચારસો પાછા દેવા ગયા. શેઠ કહે, મારે ચોપડે આ પૈસા તમારા ખાતે ઉધાર બોલતા નથી તેથી હું ન લઈ શકું. તમે ચારેય ધંધો કરતા બીજા ચારને રૂપિયા આપી અને લાઈને ચડાવો અને તેને કહો કે એ પણ બીજા ચાર-ચારને ખેતીમાં જોતરે. આ સારપની ખેતીના સાફલ્યે થોડા વર્ષમાં ગામના બધા જુવાનો ખેતી કરતા થઈ ગયા !

**

## ઈશ્વર જ બચાવી શકે

એક માસુમ બાળક જેના મુખ પર ચિંતાની રેખાઓ અંકિત છે તે દુકાનના ઓટલા પર ઊભો રહીને, પોતાના હાથમાં રહેલો એક રૂપિયાનો સિક્કો ફેલાવીને કહે છે કે, મને ઈશ્વર આપો. દુકાનદારે ગુસ્સાથી સિક્કો તેના પર ફેંકી કહે છે, જા ભાગ, ઈશ્વર નથી.

કેટકેટલીય દુકાનોમાં એ સિક્કો લઈને ઈશ્વર ખરીદવા ફરે છે પણ ઈશ્વરને બદલે તેને ગુસ્સો, ધિક્કાર અને અપમાન મળે છે. છતાંય તે થાકતો નથી. છેલ્લે હૉસ્પિટલ સામેની એક વિશાળ દુકાનમાં ઉપર ચઢે છે અને તેના માલિક વૃદ્ધ શેઠ તેને પૂછે છે શું જોઈએ છે ? છોકરો કહે છે ઈશ્વર જોઈએ છે. આપની દુકાનમાંથી મળશે ?

વૃદ્ધ શેઠ અનિમેષ નયને બાળકની નિર્દોષતાને અને માસુમિયતને નિહાળે છે અને પૂછે છે કે તું ઈશ્વરને શું કરીશ ?

બાળકના મનઃચક્ષુ પર હૉસ્પિટલનું દશ્ય દેખાય છે. બેડ પર માતા સૂતી છે. ડૉક્ટર માને તપાસી અને નિરાશ અને ચિંતિત વદને ઊભો થાય છે. ''સાહેબ,



મારી માં સાજી થઈ જશેને ?'' ''બેટા, ઈશ્વર જ તારી માને બચાવી શકશે''. બાળકને ડૉક્ટરના અવાજના ભણકારા સંભળાય છે ને તે તંદ્રામાંથી જાગૃત થઈ દુકાનદાર શેઠને કહે છે કે, હું ને મા એકલાં જ છીએ. મા કામ કરીને મારી માટે ખાવાનું લાવતી તે સામેની હૉસ્પિટલમાં છે. ડૉક્ટર અંકલે મને કહ્યું કે ઈશ્વર જ માને બચાવી શકશે. શેઠ, માને બચાવવા માટે મારે ઈશ્વર જોઈએ છે.

આ પ્રશ્નોત્તરીથી બાળકને આશા જાગી કે આ દુકાનમાં ઈશ્વર હશે. શેઠે પૂછ્યું, તારી પાસે કેટલા પૈસા છે ? બાળકે દુકાનદારના હાથમાં એક રૂપિયો મૂક્યો અને કહ્યું કે આ લ્યો રૂપિયો. વૃદ્ધ દુકાનદારે બાળકની નિર્દોષતા અને શ્રદ્ધા પર વિચાર કરીને કહ્યું કે હા, એક રૂપિયામાં ઈશ્વર મળશે.

તેણે ફિલ્ટરમાંથી એક ગ્લાસપાણી પાઉચમાં આપીને બાળકને કહ્યું કે, આ તારી માને પાઈ દેજે એટલે ઈશ્વર જરૂર એને બચાવી લેશે. બાળક ત્વરિત જઈને માને પાણી પાતા કહે છે, **મા આ પી લે. ઈશ્વર જરૂર તને સાજી કરી દેશે.**

બીજી સવારે સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર આવે છે. માની સર્જરી થાય છે. ટૂંક સમયમાં મા સાજી થઈ જાય છે. ડૉક્ટર ડિસ્ચાર્જ આપતી વખતે તેને બિલ આપે છે.

બિલ જોઈ મા દુઃખી અને ભયાવહ નજરે ડૉક્ટર સામે જુએ છે. ડૉક્ટર કહે છે, ચિંતા કરવાની જરૂર નથી. એ સજ્જને આ બિલ ચૂકવી દીધું છે ને સાથે આ ચિઠ્ઠી આપી આપી છે. માએ ચિઠ્ઠી વાંચી - મારો આભાર માનવાની જરૂર નથી. આભાર તમારા બાળકનો માનજો જે એક રૂપિયામાં ઈશ્વર લેવા આવ્યો હતો ! તેની નિર્દોષ શ્રદ્ધા ઈશ્વર પર કાયમ રહે માટે ઈશ્વરે જ મને આ કાર્ય માટે પ્રેરણા કરી છે.

**




# પ્રતિભાબીજની માવજત

સ્મરણમંજૂષાની પેટી ખૂલે ત્યારે ફોરવર્ડ સ્કૂલ અમેરેલીના વિદ્યાગુરુના માનસપટ પર પાવન દર્શન થાય.

વિઠ્ઠલાણી સાહેબ અને દશાણી સાહેબ શિક્ષણનાં આમ્રવૃક્ષને કેળવણીનું અમૃત સિંચતા દેખાય. ઋષિકલ્પ નવલકાંત જોષી, સંસ્કૃતના પ્રખર વિદ્વાન ડૉ. વસંતભાઈ પરીખ, અધ્યાત્મનિષ્ઠ રસિકભાઈ શાહ, મૃદુ મધુભાઈ, શેઠ સાહેબનું સ્મિત, સી. કે. મહેતા, શાસ્ત્રી સાહેબ, કિશોરભાઈ ને કાચા સાહેબમાં આદર્શ શિક્ષકોનું દર્શન થાય.

નવી પેઢીના યુવાન શિક્ષકો યોગેશ પરમાર, નિલેશ અને કેતન જોષીમાં કેળવણી પ્રત્યેની નિષ્ઠાના દર્શન થાય. કાલિંદી બહેન અને સ્વાતિપ્રિયામાં વસંતભાઈ અને નવલભાઈની વિધ્વતા પ્રતિબિંબિત થાય.

ઘણા સમય પહેલાંની વાત છે. ગુરુવર્યોમાંથી બે શિક્ષકો જૂનાગઢ શિવમેળાની જાત્રા માટે નીકળ્યા.

અમરેલી નજીક ખીજડિયા જંકશન હોવાથી ત્યાં ટ્રેનનું ક્રોસિંગ થાય. અહીં ટ્રેન અડધી કલાક રોકાતી હોવાથી બન્ને શિક્ષકો નીચે ઊતરી ચાની લારી પર ચા પીવા ગયા. લારી પર એક અગિયાર-બાર વર્ષનો છોકરો કપ-રકાબી ધોતો હતો. શિક્ષકે છોકરા વિશે પૂછ્યું, તો કહે આ મારો દીકરો છે. તેને ભણવામાં રસ નથી તેથી મને મદદ કરવા આવે છે.

શિક્ષકોએ છોકરાને પૂછ્યું, તને શેમાં રસ ? શું ગમે ?

મને ચિત્રકામ કરવું ગમે, એમ કહી સીગારેટના ખાલી ખોખાંઓમાં કરેલું કેટલુંક ચિત્રકામ બતાવ્યું.

આ ચિત્રો જોઈને શિક્ષકોએ ચાની લારીવાળાને કહ્યું કે **આ છોકરો ભણીને જરૂર આગળ આવશે.** અમે જૂનાગઢથી પાછા આવીએ ત્યારે એને અમરેલી લેતા જઈશું. એને રહેવા-ભણવાની બધી વ્યવસ્થા અમે કરીશું. ખર્ચની તમારે ચિંતા કરવાની નથી. પિતાએ સહર્ષ હા પાડી.

શિવરાત્રિના મેળામાંથી પાછા ફરેલા આ બન્ને શિક્ષકોએ કપ-રકાબી સાફ કરતા આ બાળકને ભણવામાં બધી સહાય કરી, મનગમતું ક્ષેત્ર મળતાં તેણે વડોદરા ફાઈન આર્ટ કર્યો. મુંબઈ જઈ પોતાની પ્રતિભાનો પરિચય કરાવ્યો. આર. કે. લક્ષ્મણ સાથે કાર્ટૂન સીરિઝ 'વાગલે કી દુનિયા' બનાવી. પછી તેની પ્રતિભા ભારતબહાર પહોંચી. આંતરરાષ્ટ્રીય ફિલ્મ નિર્માતા અને નિર્દેશક બન્યો. મહાનાયક અભિતાભ બચ્ચન પણ જેની સાથે કામ કરવા મહેચ્છા રાખે છે તે ખીજડિયાના નલિનકુમાર પંડ્યા હાલ ફ્રાન્સમાં રહેતા એ છોકરાને દુનિયા પાન નલિન નામે ઓળખે છે અને અમરેલીના એ શક્ષકો વસંતભાઈ પરીખ અને જોષીસાહેબ. અભિવંદના કરીએ પ્રતિભાબીજની માવજત કરનાર આ માળીની.

## શરણાગતી

એકવાર પાર્થ અર્જુને શ્રીકૃષ્ણ પરમાત્માને એક સવાલ કર્યો : હે પ્રભુ ! તમારા શરણમાં આવવાવાળા અને તમારા શરણમાં ન આવવાવાળા બન્ને પીડિત, દુઃખીને દુઃખ તો સમાન જ હોય છે.

બન્નેને ધંધામાં મોટું નુકસાન જવાનુ દુઃખ છે. બન્નેને અસાધ્ય રોગની પીડા છે. બન્નેને સ્વજન તરફથી દગો કે વિશ્વાસઘાત મળ્યાની વેદના છે. બન્નેનું દુઃખ તો સરખું છે તો તમારા શરણમાં આવનારને શું ફાયદો ?

જો બન્નેનાં દુઃખ સરખાં જ હોય તો અશરણ અને શરણાગતિમાં શું ફરક ?

યોગીપુરુષ શ્રીકૃષ્ણ કહે છે કે, 'હે અર્જુન, તેં બિલાડીને પોતાના મોઢામાં ઉંદરને લઈ જતો જોયેલ છે?' 'હા'. એ જ બિલાડી પોતાના બચ્ચાને એક



જગાએથી બીજી જગાએ લઈ જાય ત્યારે બચ્ચાંને તે પોતાના મોઢામાં લઈ જાય છે, તે પણ જોયું છે ?

ઉંદરને પકડે છે ત્યારે પણ તે પોતાના મોઢામાં બે દાંત વચ્ચે દબાવીને લઈ જાય છે અને પોતાના બચ્ચાંને પણ પોતાના મોઢામાં દાંત અને હોઠ વચ્ચે રાખીને લઈ જાય છે. બન્નેને મોઢામાં લઈ જાય છે. એ સમાનતા જ છે, છતાં બન્નેમાં શું ફર્ક છે ?

ઉંદરને બિલાડી પોતાના મોઢામાં જોરથી દબાવી મરણને શરણ કરી દેશે. મૃત્યુની અસહ્ય વેદના અને તડફડાટ સાથે ઉંદર મૃત્યુ પામશે.

બિલાડી પોતાના બચ્ચાંને મૃદુતાથી મોમાં લેશે અને એકદમ મૃદતાથી બીજી જગાએ મૂકશે, તેને લગીરે પીડાવા દેશે નહીં.

ઉંદર જ્યારે બિલાડીના મુખમાં જાય છે ત્યારે તે છૂટવા માટે ઝઝૂમે છે, તેને પીડા થાય છે. ભયથી તે કંપાયમાન થાય છે.

જ્યારે બિલાડીનું બચ્ચું બિલાડીના મોમાં જશે ત્યારે તેને લગીરે ભય કે દુઃખ નથી. તે પોતાની માની શરણમાં છે, તે સલામત છે.

હે અર્જુન !

જે મારે શરણે નથી, જેને પરમતત્ત્વમાં શ્રદ્ધા નથી તેને ક્ષણે ક્ષણે મૃત્યુનો ભય સતાવે છે. તેના કોઈ પણ પ્રકારનાં દુઃખમાં તે ઉંદરરૂપે બિલાડીના મુખમાં છે તેમ સમજવું તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી ગ્રસ્ત હોય છે.

જ્યારે જેને

પરમતત્ત્વમાં શ્રદ્ધા છે, જે મારે શરણે છે તે બિલાડીનાં બચ્ચાંરૂપે બિલાડીના મુખમાં છે.

તે વાત્સલ્યના ખોળામાં છે તે સુરક્ષિત છે. તેનું ચિત્ત વિક્ષુબ્ધ નથી પીડા કે નથી દુઃખ.

સહન કરવાનું તેને બળ મળે છે. તેથી તેને આર્દ્ર કે રૌદ્ર ધ્યાન નથી. વેદનામાંય તેની શાંતિ સમાધિ જળવાઈ રહે છે.

હે અર્જુન !

અનન્ય શરણ જ સમાધિ અને સદ્ગતિનો રાજમાર્ગ છે.

## જીવદયાના જ્યોતિર્ધર

સવારે સ્વતન પૂજા-વિધિ પૂર્ણ કરી જેસીંગભાઈ ઊભા થયા ત્યાં ગામના મહાજને ઉદાસ ચહેરે ઘરમાં પ્રવેશ કર્યો.

પહેલા આતિથ્ય સત્કાર કર્યા પછી પૂછ્યું કે, ''આટલા ઉદાસ કેમ છો? કાંઈ સમસ્યા છે?''

''હા, ગાયકવાડ સરકારે, માત્ર સરકારી પશુઓ સિવાયનાં પશુઓને ચરિયાણમાં ચરવા પર પ્રતિબંધ મૂક્યો છે તો હવે ગામનાં પશુઓને ક્યાં ચરાવવા તે મોટી સમસ્યા છે. ગોચરણો ગામના કહેવાય છતાંય સરકારે પ્રતિબંધ મૂક્યો છે. તમે આના વિશે કાંઈક કરો.''

મહાજને વિનંતી કરી.

જેસીંગભાઈએ આશ્વાસન આપી મહાજનને વિદાય કર્યા.

ગાયડવાડ સરકારમાં કઈ રીતે રજૂઆત કરવી તેનું ચિંતન કરતા હતા તેવામાં સમાચાર આવ્યા કે, આજથી રાજમાતા જાત્રાએ ગયાં છે.

તાબડતોબ જેસીંગભાઈ જાત્રાના સ્થળે ગયા. રાજમાતા જે સ્થળે જાત્રા કરે તે સ્થળે જેસીંગભાઈએ પોતા તરફથી જમણવાર કરે.



ત્રીજે દિવસે રાજમાતાએ તેમના સેવકોને પૂછ્યું કે, મારી જાત્રામાં દરરોજ જમણવાર કોણ કરે છે ? તો સેવકો કહે કે, આપની જાત્રાની શુભેચ્છારૂપે જમણવાર જેસીંગભાઈ કરીને એક વણિક સદ્ગૃહસ્થ કરે છે. રાજમાતાએ જેસીંગભાઈને બોલાવીને કહ્યું કે જાત્રા હું કરું છું ને જમણવાર તમે ?

જેસીંગભાઈ કહે કે એમાં શું ફરક પડે છે? માતા, હું પણ તમારી પ્રજામાંથી જ છું.

રાજમાતાએ પ્રસન્ન થઈને કહ્યું કે, ભાઈ તારે જે કાંઈ મરજી હોય તે માંગ.

જેસીંગભાઈ કહે,

માતા એક અરજ છે –

ગાયકવાડ સરકાર દ્વારા ગામના ચરિયાણા બધાં જ પશુઓ માટે મુક્ત કરાવી દો.

માતા કહે, માગી માગીને બસ આ જ માગ્યું ?

સેવકો દ્વારા સંદેશ મોકલાવી ગોચર મુક્ત કરાવ્યા.

મહાજન જેસીંગભાઈનો આભાર માનવા આવ્યું તો કહે, મેં માત્ર મારું કર્તવ્ય બજાવ્યું છે. ''જીવદયા તો આપણી કુળદેવી છે''. મેં તો માત્ર દેવીની પૂજા કરી છે.

ધન્ય છે જીવદયાના જ્યોતિર્ધરને !



# અભયદાનનું મૂલ્ય

રસોડામાંથી બહાર આવી ડ્રોઈંગ રૂમની ઘડિયાળમાં જોયું તો પોણાબારમાં પાંચ મિનિટ બાકી હતી. રસોઈયા મહારાજે ફ્લૅટનો મોટો દરવાજો ખોલી નાખ્યો ને સેફ્ટી ડોર અધુકડો કરી નાખ્યો કારણ કે ઘરમાં એ એકલો જ હતો. ઘરના સભ્યો બધા બહાર ગયા હતા.

દરવાજો બંધ હોય તો જૈન સાધુ ભિક્ષા લીધા વિના ચાલ્યા જાય. સાધુને ગોચરી વહોરવા (ભિક્ષા ગ્રહણ કરવા)નો સમય થઈ ગયો હતો. રસોઈ બધી તૈયાર હતી. સાધુ-સંતો ભિક્ષા લીધા વિના પાછા ન જવા જોઈએ. શેઠ તો ભાવપૂર્વક ભિક્ષા દેતા.

એટલી વારમાં સંતનું આગમન થતાં રસોઈયાએ ‘પધારો મહારાજ’ કહી આવકાર આપ્યો. મીતાહારી સંતે અલ્પ ગોચરી (થોડી ભિક્ષા ગ્રહણ કરી) વહોરાવી અને રસોઈયાને બધાના ક્ષેમકુશળ પૂછયા.

રસોઈયો કહે મહારાજ સાહેબ, મને અહીં બહુ મજા મજા છે, તમારે કારણે અહીંની આઠ વર્ષની સર્વિસમાં પગાર ઉપરાંતની કમાણી થી મારી પુત્રીનાં લગ્નનો તમામ ખર્ચ નીકળ્યો એટલા રૂપિયા મળ્યા.

જિજ્ઞાસાવશ સંતે પૂછ્યું, મારા કારણે કેમ ?

રસોઈયો કહે, મહારાજ સાહેબ, વર્ષો પહેલાં તમે આ શહેરમાં આવ્યા ત્યારે

શેઠે તમારો ખૂબ સત્સંગ કર્યો એના પ્રતાપે એ આટલા દયાળુ બની ગયા કે મને કહે મહારાજ! રસોઈ કરતાં પહેલાં શાક સમારો ત્યારે બહુ ધ્યાન રાખીને સુધારવું. એક નાનો જીવ મરવો ન જોઈએ. શાક એવી રીતે સુધારો કે તેમાં જીવ-જંતુ હોય તો તેને જતનાપૂર્વક (જાગૃતીપૂર્વક) બચાવો અને જીવે ત્યાં સુધી કાળજી કરો. દરેક જીવ દીઠ હું તમને રૂપિયા એક હજાર આપીશ.

ફળ કે શાક સુધારતા કોઈ ઈયળ કે કોઈ જીવાત નીકળે તો હું તેને સાચવીને અલગ એક વાસણમાં મૂકું, સાથે એ જ શાક કે ફળની એક ચીર મૂકી દઉં ને છાંયડે રાખું. એનું આયખું હોય ત્યાં સુધી એ જીવે તેનું ધ્યાન રાખું. જે દિવસે શાકમાં કે ફળમાં કીડો કે ઈયળ નીકળ્યાં હોય તે શેઠને બતાવું. તે જ દિવસે શેઠ મને રૂપિયા એક હજાર રોકડા આપે. આમ આઠ-આઠ વરસ સુધી આ પૈસા ભેગા કર્યા તેમાં મારી પુત્રીને થોડા સમય પહેલાં જ થયેલા લગ્નનો તમામ ખર્ચ નીકળી ગયો. હજી પણ મારું આ નાના જીવોને બચાવવાનું કામ ચાલુ જ છે, પરંતુ હવે હું શેઠ પાસેથી રૂપિયા એક હજાર નથી લેતો.

સંતે પૂછ્યુ, કેમ નથી લેતા? હવે મારે વધારે પૈસાની જરૂર નથી. **વળી શેઠ રૂપિયા એક હજાર ખર્ચીને જીવ બચાવવાનો આનંદ લેતા હતા. મેં વિચાર્યું કે જાગૃતિપૂર્વક કામ કરવાની મારી ફરજ છે** જેથી આ હજાર રૂપિયાનો ત્યાગ કરી હું જીવ બચાવવાનો હજાર રૂપિયા મળ્યાના આનંદ કરતાં અનેક ગણો આનંદ લઉં છું, એમ કહી રસોઈયા મહારાજે સંતને વંદન કર્યા. પરમ નમ્રગુરુદેવે શેઠ અને આ રસોઈયાની ઝયણા, જીવદયા અને જીવો પ્રત્યેના અભયદાનની ઉત્કૃષ્ઠ ભાવનાની, કોઈ પણ કિંમત કરતાં ઊંચા મૂલ્યની અનુમોદના કરી આશીર્વાદ આપ્યા.

## સંકલ્પનું બળ

પરમાર વંશના રાજવીઓએ રાજસ્થાનમાં આબુનો પહાડી પ્રદેશ વિકસાવ્યો, ૧૪૪૨માં મહારાણા કુંભે આ વિસ્તારના ૩૨ કિલ્લાઓનું નૂતનીકરણ કર્યું તેમાં અચલગઢ રમણીય વિસ્તાર.

ઈ.સ. ૧૯૬૪માં અહીં પૂજ્ય આચાર્ય પ્રેમસૂરિશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં અનેક જૈન સંતો અને સેંકડો યુવાનોની એક શિબિરનું આયોજન ચાલુ હતું.




મધ્યરાત્રિએ અચાનક લગભગ ૨૦૦ કિલોમીટરની ઝડપે વાવાઝોડું ફુંકાઈ રહ્યું હતું. કાતિલ પવન સાથે ધોધમાર વરસાદ, લાઈટ ચાલી ગઈ, મકાનોનાં પતરાં ઊડી રહ્યાં હતાં, વાંદરાની ચિચિયારી વાતાવરણને બિહામણું બનાવી રહી હતી. સૂતેલા શિબિરાર્થીઓ મંડપના કપડાં નીચે દબાઈ રહ્યા હતા. સહુના જીવ પડીકે બંધાઈ રહ્યા હતા.

શિબિરના યુવાનો ગુરુદેવને પૂછી રહ્યા હતા, આ વિકટ પરિસ્થિતિનો અંત ક્યારે ? પૂજ્ય ગુરુદેવે ગંભીર સ્વરે કહ્યું કે, ભાઈ કોઈ વિશિષ્ટ આજીવન ત્યાગનો સંકલ્પ કરે તો આ શાંત થાય. આ સાંભળી ૧-૧૦ વર્ષનો એક શિબિરાર્થી ગુરુ જે દિશામાં ઊભા હતા તે સન્મુખ બે હાથ જોડીને ભીષ્મ સંકલ્પ કરે છે કે, ‘‘જો આ તોફાન ૨૦ મિનિટમાં શાંત થઈ જાય તો હું આજીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ અને જીવનભર ઘીનો ત્યાગ કરીશ.

માત્ર ૧૮ મિનિટમાં વરસાદ વરસવાનું અને પવન ફૂંકાવાનું બંધ થઈ ગયું. અંધારપટને કારણે રાત્રે એ યુવાન કોણ હતો તે કોઈ જોઈ શક્યું નહોતું પરંતુ,

સવારે જ્યારે તે ગુરુજી પાસે સંકલ્પ પ્રમાણેના પચ્ચખાણ ગ્રહણ કરવા (પ્રતિજ્ઞા લેવા) આવ્યો ત્યારે સમગ્ર સંતગણ સ્તબ્ધ હતા. આ યુવાન શિબિરાર્થી એટલે વર્તમાન વિદ્વાન જૈનાચાર્ય પૂજ્ય રત્નસુંદરવિજયજી મહારાજ સાહેબના પૂર્વાશ્રમના કલ્યાણમિત્ર કલીકુંડ ધોળકા જેની કર્મભૂમિ છે તેવા શ્રી કુમારપાળ વિ. શાહ.



# વૃક્ષમંદિર

આ વખતે ગામે આવતાં ખાસ્સાં પાંચ વર્ષ થઈ ગયાં. ગામમાં થોડા દિવસ જ રોકાવાનું હતું એટલે ચિત્તમાં ટાઈમ ટેબલ સેટ થતું હતુ. કોને કોને મળવું, ક્યાં ક્યાં જવું વગેરે. ગામ નજીક આવતા પ્રસન્નતા અને ઉત્તેજના વધતી જતી હતી.

હવે પિંગળ આવશે એ પહેલાં ડાબી બાજુ એક ઝાડનું ઝુંડ જોતા સાનદાશ્ચર્ય, વાહ ! આ વૃક્ષો આટલાં મોટાં થઈ ગયાં. અર્ધ ગોળાકારે સડકને કિનારે ઘટાટોપ પાંચ વૃક્ષો અને લીલોતરી જોઈ પ્રસન્નતા થઈ પણ સાથેસાથે સમગ્ર શરીરમાંથી ઠંડીનું એક લખલખુ પસાર થઈ ગયું.

સ્મૃતિપટ પર ગામે છેલ્લી વખત આવેલો તે પ્રસંગ તાદશ્ય થયો,

કૉલેજના વૅકેશન દરમ્યાન અમે અમારા ગામમાં આવીએ. મનુ, રમુ, લાલુ અને હું, અમે મિત્રો ગામની બહાર નીકળી જઈએ અમારું ડેસ્ટીનેશન દામજીની વાડી, રસ્તામાં બે સ્ટોપ પહેલાં ઢેબલી પીપરે ઓળ કોળામણો રમવાનો અને બીજો પીંગળના મંદિરે હાથ-મોં ધોઈને પાણી પીને દર્શન કરવાનો -

એ ટાઈમે સામે એક વૃદ્ધને હાંડો અને બાલદી લઈને આ તરફ આવતા જોયા. નજીક આવતા ખબર પડી કે આ તો અમારી નિશાળનો સહાધ્યાય લવજીના દાદા છે. મેં ઊભા થઈને નમસ્તે કહી પૂછ્યું, આ બાજુ કેમ આવવું થયું, ને આ ખાલી હાંડો-

બાલદી સાથે ! થોડા હાંડા પાણી જોતું'તું તે પૂછવા આવ્યો છું કે આ કોસકુંડામાંથી પાણી લઉં ?

પાણીનું શું કરશો ?

બેટા, બે ખેતરવા સડકને કાંઠે પાંચ ઝાડવાં રોપ્યાં છે. થોડા'દિ પાણી પાઉં તો ઉછરવા માંડે, પછી તો મેઘરાજાની મહેર થશે તેથી પાણી પાવાની જરૂર નહીં પડે.

એ પ્રાથમિક શાળાની પાછળની શેરીમાં રહે. અહીંથી ખાસ્સા ત્રણ કિલોમીટર દૂર થાય. મને મૂંઝવણ થઈ તેથી પૂછ્યું, દાદા તમે આટલે દૂરથી આવો ને પેલી સડકને કાંઠે ઝાડ વાવો, મને કાંઈ સમજાતું નથી.

ભાઈ, થોડા ટેમ પે'લા લવકો બીમાર પડયો. અહીંના ડૉક્ટરે કીધું અમરેલી લઈ જાવ. ત્યાં થોડા 'દિ દવા કરી અને ડૉક્ટરે ૧૫ 'દિની દવા આપીને કીધું કે ૧૫ 'દિ પછી બતાવા આવજો. નબળાઈ ખૂબ. ઘરે લાવવા બીજલની ગાડી કરી ને ત્યાં પિંગળ અને નાનુડી વચ્ચે તેને હાંફ ચડયો. સડકને કાંઠે એક બાજુ ગાડી ઊભી રાખી, પાણી પાયું. લવકો શિવ શિવ બોલ્યો. બધાએ પ્રભુનું સ્મરણ કર્યું. બે ઘડીમાં તો દીવો ઓલવાઈ ગયો.

વાત કરતાં જુવાન પૌત્રની વિદાયની સ્મૃતિનો વિષાદ દાદાના મુખ પર દેખાતો'હતો. અમને બધાને પણ લવજીના મૃત્યુના સમાચાર સાંભળી દુઃખ થયું.

ભાઈ, જે જગાએ દીકરાએ દેહ છોડયો એ જગાએ સંભારણા માટે મેં ઝાડવાં વાવ્યાં છે. શેઠીયાઓની જેમ દીકરા પાછળ અમે કાંઈ વાવ-કૂવા, દવાખાના ધરમશાળા કે મંદિર બંધાવી ના શકીએ પણ આ ઝાડવાં તો રોપી શકીએ ને. વળી આટલામાં સડકને કાંઠે આવાં કોઈ ઝાડવાં નથી. પછી **અહીં કોઈ વટેમાર્ગુ છાંયે બેસી પોરો ખાય, પંખી માળા બાંધી વડના ટેટા ખાશે, ઉનાળાની લૂમાં પશુઓ વિસામો લેશે.** ઘેટાં-બકરાં ને ગાયો ચરાવનાર ગોવાળો નિરાંતે ભાતુ-પાણી આરોગશે. એટલામાં દામજી આવ્યો, દાદા કહે દામુ પાણી માટે આવ્યો છું - દામજી કે દાદા ખુશીથી લો. તે દિવસે દાદાને ત્યાં બેસાડી અમે સૌએ ઝાડને પાણી પાયું. દામજીને બધી વાત કહી. દાદાને મદદ કરવા કહ્યું તો દામજી કહે, દાદા હવે તમે હાંડો-બાલદી નહીં લાવતા. આ કોઠીમાં પાણી ભરી તે ગાડામાં મુકાશે અને તમે ગાડામાં બેસજો. સાથી જોડે પાણી પાઈને આ જ ગાડામાં પાછા આવજો.

લવજી અમારા બધાનો મિત્ર હતો.

ભાભાની આંખમાં ઝળઝળીયા આવ્યાં. દામજીની ભાવનાનું અમે સૌએ અનુમોદન કરેલું.

આખીય ઘટના ચિત્રપટ જેમ સ્મૃતિપટ પર પ્રગટ થઈ ગઈ. ગામ આવી ગયું – ને સંકલ્પ કર્યો કે પશા દાદા ગામમાં હશે તો તેમને સાથે ગાડીમાં લઈ અને પિંગળના મંદિરે દર્શન કર્યા પછી એ નાનકડું સ્મૃતિવન કહું કે વૃક્ષમંદિર, તેનાં દર્શન કરવા જઈશ.

# ઠંડી - ગરમી

પ્રવાસીઓ સીટ પર ગોઠવાઈ ગયા. ટ્રેન ઊપડી. સ્ટેશનના પ્લૅટફૉર્મની બહાર નીકળીને ટ્રેને ઝડપ વધારી વાતાવરણ ખુશનુમા હતું. એક પ્રવાસએ ઊભી થઈને બારી બંધ કરી દીધી. બીજા પ્રવાસીને એ ન ગમ્યું એટલે એણે બારી ખોલી નાખી.

એક બારી ખોલે બીજો તેને બંધ કરે તેવું નાટક ચાલવા લાગ્યું. થોડો સમય તો સહપ્રવાસઓને મનોરંજન મળ્યું. પછી તેઓ આ નાટકથી ત્રાસી ગયા તેથી ટી.સી.ને બોલાવ્યો અને આ બન્ને પ્રવાસીઓની હરકત વિશે જણાવ્યું.

ટી.સી.એ પહેલા પ્રવાસીને પૂછ્યું કે મહાશય, બારી ખૂલ્લી છે તો તેનો તમને શું વાંધો છે? તે કહે કે ખૂલ્લી બારીમાંથી સખત હવા આવે છે અને મને ઠંડી લાગે છે તે હું સહન કરી શકતો નથી તેથી હું બારી બંધ કરું છું. ટી.સી.એ બીજા પ્રવાસીને પૂછ્યું કે બંધ રહે તો તમને શું તકલીફ છે? એ કહે  હા, સાહેબ મને બહુ તક્લીફ છે. જેવી બારી બંધ થાય છે તેવી મને સતત ગરમી થાય છે. હું તે સહન કરી શકતો નથી.

ટી.સી. વિચારે છે કે હવે કરવું શું ? એકને ઠંડી લાગે છે, બીજાને ગરમી થાય. આનો ઉપાય શું ? વિચારે છે કે કદાચ અડધી ખૂલી, અડધી બંધ રાખીને વચલો રસ્તો કાઢી સમજાવું કે હવે તમને સખત ઠંડી કે સખથ ગરમી નહીં લાગે. તેમ વિચારીને તે બારી પાસે જવા લાગ્યો અને જોયું તો આશ્ચર્ય ! આ શું ? બારીને કાચ જ નથી !



અને તે બન્ને પ્રવાસીને કહે, જુઓ તો ખરા ! આ બારીને કાચ જ નથી. **મહાશય ! તમે બન્ને માત્ર બારીની ફ્રેમને ઉઘાડ-બંધ કરવાની કવાયત કરી રહ્યા છો.** બન્ને પ્રવાસી શરમિંદા બન્યા. ડબ્બામાં હાસ્યનું મોજું પ્રસરી ગયું.

અહીં ગરમી કે ઠંડી લાગવાને લીધે નહીં, પણ ભીતરના અહંકારને લીધે વિવાદ હતો.

卐

## મહાત્માનો જવાબ

એક ગામમાં બે લંગોટિયા મિત્રો રહે. એક ફળોની રેકડી/લારી ચલાવી, ગામમાં અલગ અલગ જગ્યાએ જઈ ફૂલો વેચી અને ગુજરાન ચલાવે. સાદું જીવન અને પ્રભુની બંદગી કરે. તેનો મિત્ર કૂકડા પાળે, એ માંસાહારી, મુર્ગા, ચીકન, ઇંડા વેચે. પેલા મિત્રને તેનો આ હિંસક ધંધો ન ગમે. તે ઘણી વાર કહે કે મહાત્માના સત્સંગમાં ચાલ, પણ તે કહે કે ધરમમાં હું માનતો નથી.

એક દિવસ એક મહાત્મા ગામમાં આવ્યા. ગામના લોકો તેની પ્રશંસા કરતા અને કહે કે જ્ઞાની ને ચારિત્રવાન છે. દર્શન કરવાથી પાતક ટળે.



મિત્રે પેલાને વાત કહી, દોસ્ત, આજ તો આ મહાત્માના દર્શન કરવા ચાલ. તું એની પરીક્ષા કરજે અને પછી તને લાગે તો તેની વાત માનજે.

પેલા મિત્રે કહ્યું, ચાલ તારી સાથે આવ્યો છું. તેને એક કૂકડો અને છરો સાથે લીધો. બન્ને મહાત્મા પાસે પહોંચયા. થોડી વાર બેસીને પેલો મહાત્માને કૂકડો અને છરો બતાવીને કહે કે હું આને  મારીશ કે નહીં મારું ? જવાબ દો. મહાત્મા વિચારે છે કે હું કહીશ તેનાથી તે ઊલટું કરશે. જો હું કહીશ કે તું નહીં મારે તો મને ખોટો પાડવા મારી નાખશે - હિંસા કરશે અને હું કહીશ કે ના તું મારી નાખીશ તો મને ખોટો પાડવા મારશે નહીં અને હું ખોટો છું એમ સાબિત કરી મારો ઉપદેશ નહીં સાંભળે, જેથી મહાત્મા કહે, ‘‘આને મારવો કે જીવાડવો તે તારા હાથની વાત છે.’’

આ ચતુરાઈભર્યો જવાબ સાંભળી પેલો વિચારે છે કે, આ મહાત્મા સાવ સાચા છે. કારણ કે છરો મારા હાથમાં છે અને કૂકડો મારો છે. હું ધારું તો મારું ને ધારું તો જીવાડું. તેણે તો મારા મનની વાત કહી જેથી આ મહાજ્ઞાની છે. તેનાં ચરણોમાં ગયો અને તે અહિંસક બની ગયો ને ગામમાં બધાને કહેવા લાગ્યો કે આ મહાત્મા મહાજ્ઞાની છે

આમ, મહાત્માના વિવેકપૂર્ણ જવાબની જાદુઇ અસર થઈ.

 

# સાધનશુદ્ધિના પ્રયોગવીર

આપણું લક્ષ એક હોય, પણ એ લક્ષે પહોંચવાના માર્ગો, રસ્તાઓ એક પણ હોઈ શકે અને અનેક પણ હોઈ શકે. આપણું સાધ્ય એક હોય, પણ એ સાધ્યને સાધવા માટેનાં સાધનો અનેક પણ હોઈ શકે. વિવિધ સાધનોમાંથી એકની પસંદગી કરી આપણે લક્ષ પ્રતિ પ્રયાણ કરીએ. આમ જીવનનાં દરેક ક્ષેત્રમાં અને જીવનના પ્રત્યેક તબક્કામાં સાધ્ય પામવા, લક્ષે પહોંચવા સાધન અનિવાર્ય છે.

વ્યાવહારિક અને ભૌતિક જીવન, ધાર્મિક અને આધ્યાત્મ જીવનમાં સાધનની અનિવાર્યતા દેખાઈ આવે છે.

ધર્મ ક્ષેત્રમાં સાધનશુદ્ધિને કેટલું મહત્ત્વ અપાઈ રહ્યું છે તે વિચારવું રહ્યું. ઉપાશ્રય, મંદિર, આશ્રમ કે ધાર્મિક સંસ્થાના ટ્રસ્ટીમંડળ ગમે તે ધનવાન વ્યક્તિનું ધન સંસ્થા માટે દાનરૂપે ગ્રહણ કરી અને જો એ વ્યક્તિના વિચારો કે સ્વભાવ બરાબર ન હોય તો તે ટ્રસ્ટીમંડળને સંસ્થામાં પોતાનું ધાર્યું કરાવવા દબાણ લાવશે. પછી તે કાર્ય ધર્મ શાસનના નિયમ વિરુદ્ધ પણ હોઈ શકે. અહીં ટ્રસ્ટીના કામની સ્વતંત્રતા પર બંધન આવી જશે અને ધનનું આ સાધન બંધનરૂપ બની જશે.

વર્ષો પહેલાં મુનિ શ્રી સંતબાલજીનું ચાતુર્માસ કોલકાતા હતું. એ સમયમાં કોલકાતામાં કાલીમાતાને પ્રસન્ન કરવા પશુબલી દ્વારા પૂજા કરવાનો રિવાજ હતો.

બંગાળના ઘણા વિસ્તારોના લોકોને કાલીમાતાની પશુબલી દ્વારા પૂજામાં વિશ્વાસ હતો. સંતબાલજીએ એ વિગત જાણી. જીવદયા તો જૈનોની કુળદેવી છે તેથી જૈન સંતનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે જૈનોના વિવિધ સંઘો અને જીવદયામાં માનનારા અન્ય હિન્દુઓની એક કમિટી બનાવી અને આ અંગે જાગૃતિ લાવી પશુબલીના નિષેધનું આંદોલન કરવા ઠરાવ્યું. આંદોલનની આ પ્રક્રિયા-પ્રચારનો સમગ્ર પ્રાંતનો ખર્ચ એક લાખ થશે એવું નક્કી થયું. એક લાખ રૂપિયા તે સમયમાં ખૂબ જ મોટી રકમ ગણાય.

બીજે દિવસે બે ભાઈઓ મુનિશ્રી પાસે આવ્યા ને કહ્યું કે, એક વેપારી આંદોલન-પ્રચાર વગેરેનો પૂર્ણ ખર્ચ રૂપિયા એક લાખ દાનમાં આપવા તૈયાર છે. આપણે પ્રથમ સભામાં તેનું સન્માન કરવાનું રહેશે. મુનિશ્રીએ જણાવ્યું કે એ વેપારીનો મને પરિચય આપો અને તેને શેનો વેપાર છે તે મને કહો, તો તે ભાઈઓએ જણાવ્યું કે તે મટન-ટેલોનો વેપારી છે અને પાડોશી દેશો દ્વારા માંસની છૂપી નિર્યાત દ્વારા ખૂબ ધન કમાય છે.

મુનિશ્રીએ કહ્યું કે, **આવા ધનનું દાન આપણે સ્વીકારી ન શકીએ.** અનૈતિક માર્ગે આવેલ ધનનો આપણે આ કાર્યમાં ઉપયોગ કરીએ તો આપણે સફળ તો ન જ થઈએ, પણ દોષના ભાગીદાર બનીએ અને મુનિશ્રીએ સાધનશુદ્ધિની માર્મિક વાત સમજાવી, જેથી કોલકાતાના તમામ જૈન સંઘોએ સાથે મળી કાર્ય પાર પાડ્યું.

'ધ બ્રીજ ઓન ધી રિવર ક્વાઈ' ફિલ્મનો હીરો એલેક ગિનેસ આ ફિલ્મથી સિનેજગતમાં પ્રખ્યાત બની ગયો હતો. યુવા વર્ગ તેની પાછળ પાગલ થઈ ગયો હતો. ફિલ્મનિર્માતાને આ ફિલ્મથી કરોડોની આવક થઈ હતી.

આ બધું જોઈ એક દારૂ બનાવતી કંપનીના માલિકને આ હીરોનો ઉપયોગ કરવાની ઇચ્છા થઈ આવી, કારણકે એની પાછળ પાગલ બનેલો યુવા વર્ગ પોતાની બ્રાંડનો દારૂ પીતો થઈ જાય તો તો પછી કંપનીમાં પૈસાની ટંકશાળ પડી જાય.

તે બીજે જ દિવસે એલેક પાસે પહોંચી ગયા અને કહ્યું : 'હું એક ખૂબ જ સરસ વાત લઈને આવ્યો છું, જે તમારા અને મારા, બન્ને માટે ફાયદાકારક છે.'

એલેકે તેને કહેવા માટે પોતાની મૂકસંમતિ આપી.

કંપનીના માલિકે ઉત્સાહમાં આવી જઈને કહ્યું, 'હું દારૂની એક બ્રાન્ડેડ કંપનીનો માલિક છું અને મારી ઇચ્છા છે કે એના પ્રચાર માટે જાહેરખબર પર તમારો પોઝ જોઈએ છે. હું એ કાર્ય માટે તમને કરોડ ડૉલરનો ચેક આપવા તૈયાર છું.'

એક નજર એલેક પર નાખી કંપનીના માલિકે આગળ ચલાવ્યું : 'આનાથી તમને તો કરોડ ડૉલરનો ફાયદો ચોખ્ખો છે અને મને ફાયદો થશે તમારી

જાહેરખબરથી આ બ્રાન્ડેડ દારૂ પીનારાથી.'

એલેક પોતાની ખુરશી પરથી ઊભો થતાં બોલ્યો : 'માફ કરજો, હું દારૂ પીતો નથી. આ કામ મારાથી થઈ શકશે નહીં.'

એલેકનો હાથ પકડી ઊભા રાખતાં કંપનીના માલિકે કહ્યું : 'પણ જુઓ, આમાં તમારે દારૂ પીવાની વાત પણ નથી. તમારે તો માત્ર દારૂની બૉટલ મોઢે અડાડવાની છે અને શરીરમાં તાજગી આવી ગઈ એવો અભિનય માત્ર કરવાનો છે, જેમાં તમે કુશળ છો અને આવા માત્ર એક મિનિટના કામ માટે કંપની તમને કરોડ ડૉલરથી પણ વધુ આપવા તૈયાર છે. રકમ નાનીસૂની નથી.'

પણ કંપનીના માલિકનો આ દાવ સાવ નિષ્ફળ કરતાં એલેકે કહ્યું : 'હું મારાં લાખો ચાહક યુવક-યુવતીઓને દારૂના રવાડે ચડાવવા નથી માગતો અને એ રીતે હું તેમનું શારીરિક અને નૈતિક અધઃપતન કરવા નથી માગતો.'

અને બીજી પળે જ એલેક પોતાની કેબિનમાં જતો રહ્યો.

'પોતાના નિયમને અકબંધ રાખવા માટે કરોડ ડૉલરને પણ લાત મારીને ફંગોળી દેનારા આ જગતમાં છે' એમ બોલતો સન્માનભરી નજરે જોતો કંપનીનો માલિક ત્યાંથી રવાના થયો.

આવો જ પ્રસંગ ભારતની ભૂમિ પર જન્મેલા અને જાદુજગતના સમ્રાટ ગણાતા જાદુગર કે. લાલ (કાંતિલાલ) સામે પણ ઉપસ્થિત થયો હતો.

એક ગુટખા કંપનીનો માલિક જાદુગર કે. લાલ પાસે પહોંચ્યો અને કહ્યું : 'તમારે માત્ર ગુટખાનું પાઉચ હાથમાં રાખીને માત્ર 'વાહ ગુટખા' આ પાંચ અક્ષરો જ બોલવાના છે.' અને સામે પચાસ લાખથી કરોડ રૂપિયાની ઑફર મૂકી.

જૈન ધર્મને પામેલા અને ધન તથા સન્માનને પચાવી જાણેલા જાદુગર કે. લાલે કહ્યું : **'હું આ રૂપિયા માટે મારી સો કરોડની જનતાને મૃત્યુના મુખમાં ધકેલવા નથી ચાહતો.'**

અને આટલું કહી બીજું કશું જ સાંભળ્યા સિવાય તેમને અલવિદા આપી દીધી.

'પૈસા કરતાં પ્રતિષ્ઠા મહાન છે' આ સૂત્રને બોલતો તે વેપારી પણ ત્યાંથી રવાના થયો.

સંપત્તિ અને વૈભવ જીવનવ્યવહાર માટે જરૂરી ખરાં, પરંતુ આપણે તેને અગ્રીમ સ્થાન આપી દીધું છે. દરેક ક્ષેત્રમાં સંપત્તિની પ્રધાનતાને કારણે જીવનનાં ખરાં મૂલ્યોની અવગણના થઈ છે.

કુટુંબજીવન કે સમાજજીવનમાં સંપત્તિના માપદંડનાં ત્રાજવાંએ માનવીના સત્ત્વશીલ ગુણોની અવણગના કરી છે.

શ્રીમદ્જીએ ઝવેરાતના ધંધામાં પોતાનો લાખો રૂપિયાનો નફો જતો કરી સામેવાળાની મૂંઝવણ દૂર કરી જિંદગી બચાવી હતી. ધર્મ-નીતિ અને અધ્યાત્મનું અર્થશાસ્ત્ર નિરાળું છે. તેમાં ગમે તે રીતે નફો ગાંઠે કરી લેવાની વાત નથી. વ્યક્તિ, પરિસ્થિતિ અને સંજોગોને પણ આર્થિક વ્યવહાર કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

સામેવાળાની લાચાર પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી શોષણ કરવું, અન્યની શારીરિક પાયમાલી થાય, માનસિક અથવા નૈતિક અધઃપતન થાય, અન્ય જીવોને દુભાવીને કે હણીને હિંસા દ્વારા થતી આવક ન્યાયસંપન્ન વૈભવ નથી. તંદુરસ્ત સમાજ કે રાષ્ટ્રના નિર્માણ માટે આ પાયાની વાત છે.

ટૂંકમાં, ન્યાયસંપન્ન વૈભવ એટલે હિંસા, અન્યાય, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા સંપત્તિ કે વૈભવની પ્રાપ્તિ ન કરવી, નીતિમય માર્ગે આજીવિકા કે સંપત્તિ પ્રાપ્ત કરવી.

ગાંધી આશ્રમમાં એક એવો શિરસ્તો થઈ ગયો હતો કે જે પોતાની ડાયરીમાં ગાંધીજીનો ઑટોગ્રાફ કરાવે તે આશ્રમમાં રૂપિયા ત્રણ દાનમાં આપે અને જે ગાંધીજીનો ફોટો લે તે આશ્રમમાં રૂપિયા બે દાનમાં આપે.

આનો હિસાબ ગાંધીજીનો પૌત્ર રાખે અને સાંજે આખા દિવસમાં ઑટોગ્રાફ અને ફોટોગ્રાફના જે પૈસા ડૉનેશનમાં આવ્યા હોય તે ગાંધીજીને બતાવી અને આશ્રમના કાર્યાલયમાં જમા કરાવે.

એક સાંજે ગાંધીજીના પૌત્રે ઑટોગ્રાફમાં આવેલા દાનના હિસાબની યાદી બતાવી જે ગાંધીજીએ જોઈને કહ્યું બરાબર છે. પછી ફોટોગ્રાફની યાદી બતાવી તો ગાંધીજીએ કહ્યું કે આમાં હજી એક નામ અને તેની રકમ બાકી છે. ઘણો વિચાર કર્યો. પૌત્રે ફરી યાદી જોઈને કહ્યું કે, બાપુ બધાં નામ તો આવી ગયાં. બાપુ કહે, **બેટા ફરી યાદ કર, એક નામ બાકી છે.** પૌત્રને યાદ આવ્યું કે તેણે બારીમાંથી ગાંધીજીની એક લાક્ષણિક તસવીર લીધી હતી. તેણે તેનું નામ અને રૂપિયા બે ઉમેરી યાદી બાપુને બતાવી. બાપુ કહે, હા હવે બરાબર છે.

હિંદના દાદા, દાદાભાઈ નવરોજી એમના મુંબઈના કેટલાક મિત્રોના આગ્રહથી, તે મિત્રોએ વિલાયતમાં એક પેઢીની સ્થાપના કરી હતી, તેમાં પોતે પણ સામેલ થયા હતા.

પેઢી ખૂબ સારી ચાલતી. વર્ષને અંતે તેના સરવૈયામાં સારો એવો નફો થયો. ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી થવા લાગી. દાદાભાઈને નફાના ભાગ સાથે

ધંધાની લેવડ-દેવડના પ્રૉફિટ ઍન્ડ લોસ એકાઉન્ટ અને બેલેન્સશીટ (સરવૈયું)ના કાગળો આપવામાં આવ્યા. તે વાંચ્યા પછી દાદાભાઈએ પોતાનો ભાગ લેવાની ના પાડી. તેનું કારણ દર્શાવતાં કહ્યું કે,

આપણી પેઢીમાં દારૂ અને અફીણનો પણ વેપાર થાય છે એ આ હિસાબના કાગળો વાંચી-જાણી મને દુઃખ થાય છે. લોકોને દારૂ અને અફીણ વેચી કોઈને દારૂડિયા કે અફીણના બંધાણી બનાવવા એ પાપ છે. આવા પાપના માર્ગની કમાણીનો ભાગ મારે જોઈતો નથી અને મારે પાપના ભાગીદાર બનવું નથી'. આમ કહી તે પેઢીમાંથી ભાગીદાર તરીકે છૂટા થઈ ગયા. આના પરથી આપણે જાણી શકીએ કે તે ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિના સાચા આગ્રહી હતા. ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિના આવા પ્રયોગવીરોને અભિવંદના !

## ચેતનાનું જાગરણ

એ નૃત્યાંગનાનું નૃત્ય જોઈ આખી સભા દંગ થઈ ગઈ. એનું અંગલલિત્ય, વેશપરિધાન અને સંગીતના સૂરો સાથે એ નર્તકીના નૃત્યનું સામંજસ્ય અદ્‌ભુત હતું. નૃત્ય સાથેના તેમના ભાવો ઉત્કૃષ્ટ નૃત્યકલાનાં દર્શન કરાવતા હતા. રાજા-પ્રધાન, શેઠ-શાહુકાર, દિવાન-અધિકારી તમામ પ્રેક્ષકોએ વાહ-વાહ કહ્યું.

નૃત્ય સમાપ્ત થયું ત્યારે મહારાજાએ પૂછયું, આવી સુંદર કલા ક્યાંથી શીખી ? નૃત્યાંગનાએ જવાબ આપ્યા, મહારાજ હું બહુ ભણેલી નથી કે નથી મેં આ કલાનો ઊંડો અભ્યાસ કર્યો, પરંતુ હું એક વાત ખૂબ સારી રીતે જાણું છું કે જે તર્કશાસ્ત્રી, વિદ્વાન કે દાર્શનિક હોય તેમની ચેતના હૃદયમાં નિવાસ કરે છે, જે ગાયક હોય



તેની ચેતના ગળામાં એટલે કે એના કંઠમાં નિવાસ કરે છે, પરંતુ જે નર્તક કે નર્તકી હોય તેની ચેતના તેના કણકણમાં એટલે કે તેના પ્રત્યેક રોમેરોમમાં – રુંવાડામાં વાસ કરે છે. કારણ કે તેને તો શરીરના પ્રત્યેક અંગને સાધવા પડે છે એટલે તેની ચેતના સમગ્ર શરીરમાં નિવાસ કરે છે. ખલિલ જિબ્રાને નૃત્યાંગના દ્વારા માર્મિક વાત કહી છે. નૃત્યાંગનાએ કહેલી નાનકડી વાતનો મર્મ બહુ ઊંડો છે. ચિંતન-મનન કરવા જેવી આ વાતનો આધ્યાત્મિક સંદર્ભ તપાસવા જેવો છે. દાર્શનિક દૃષ્ટિએ આત્મા તો સમગ્ર શરીરમાં વાસ કરે છે, પરંતુ અહીં ચેતનાના જાગરણની વાત સમજવાની છે. સાધક આત્મા આધ્યાત્મિક નૃત્યકાર છે. જીવનની દરેક ક્ષણ અને શરીરના પ્રત્યેક કણ જાગૃત હોય એટલે સાધનામાં ઓતપ્રોત હોય તેને દરેક ગતિ અને પ્રકૃતિમાં આત્માનાં દર્શન થાય છે.

જૈનદર્શન કહે છે કે, દરેક જીવ મુક્તિનો અધિકારી છે. લોક-પરલોક, સુખ-દુઃખ, ભાગ્ય કે પુરુષાર્થ એ માત્ર આપણા હાથની વાત છે.

પૂર્વાચાર્યોએ કહ્યું છે કે, આપણે જે કાંઈ કરીએ છીએ તેના પરિણામના જવાબદાર માત્ર આપણે જ છીએ. આપણાં દુષ્કૃત્યોનાં પરિણામની જવાબદારી ઈશ્વર પર છોડી દઈ છૂટકારો મેળવવાની કોશિશ માત્ર આત્મવંચના છે.



# નિઃસ્પૃહતા

ભકત પુરંદરની અને તેમની ધર્મપરાયણ ધર્મપત્ની નિસ્પૃહતાથી પરીક્ષા કરવા સારુ રાજા કૃષ્ણદેવરાયે ભકતને પોતાના મહેલ પર નિમંત્રીને કહ્યું, ''આપ મારા તરફથી આટલી ભિક્ષા સ્વીકારી મને ઉપકૃત કરો.''

રાજાએ પુરંદરની ઝોળીમાં બે મુઠ્ઠી ભેગા થોડા હીરા નાખ્યા હતા.

પુરંદરની પત્નીએ ચોખા રાખી લઈને, હીરા ઘરની બહાર કચરાના એક ઢગલામાં નાખી દીધા !

પછી પુરંદર રોજ મહેલ પર આવે અને રાજા એને હીરા ભેળવેલા ચોખા ભિક્ષામાં આપે.

આ જોઈ રાજાને થયું કે, પુરંદર અને તેની પત્ની ધનના લોભમાંથી મુક્ત થયાં નથી. જો મુક્ત થયાં હોય તો હીરામિશ્રિત ચોખા લેવા પુરંદર અહીં રોજ આંટા ખાય નહીં.

એક દિવસ રાજાએ પુરંદરને ભિક્ષા આપતાં કહ્યું, ''મહાત્મન્ ! ધનનો લોભ આત્મજ્ઞાન આદિને ખેંચી જાય છે ! માયામાંથી મુક્તિ મેળવવી અત્યાંત કઠિન છે ! તમારો જ દાખલો જુઓ ને !''

પુરંદરથી આ વાક્યો સહન થઈ શક્યાં નહીં.

રાજાને સાથે લઈ એ પોતાના ઘર પર પાછા ફર્યા.

એ સમયે પુરંદરની પત્ની ચોખા સાફ કરી રહી હતી.

રાજાએ પૂછ્યું,સ ''બેન, શું કરી રહી છે ?''

જવાબ મળ્યો, ''ભાઈ, કોઈ દાતા અમને રોજ કાંકરાવાળા ચોખા આપે છે તે સાફ રહી છું. કાંકરાવાળા ચોખા તે કંઈ ઓછા ખવાય ?''

એટલું બોલી તે ઊભી થઈ અને વીણેલા હીરા રોજની જેમ પેલા કચરાના ઢગલામાં નાખીને પાછી ફરી.

રાજા તો આ જોઈને દંગ બન ગયો !

કાંકરા અને હીરાના તફાવતને પણ નહીં જાણનાર આ ભક્તિપરાયણ પતિ-પત્નીની આવી નિઃસ્પૃહતા જોઈને ત્યાંથી પાછા ફરતાં રાજા કૃષ્ણદેવરાયને ખરેખર અનુભવાયું કે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરનાર આત્મજ્ઞાનીને મન માટી અને સોનામાં, કાંકરા અને હીરામાં કશો ફરક દેખાતો નથી. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ એક મોટામાં મોટો શ્રેષ્ઠ ધર્મ છે અને તે ધર્મ આ નિઃસ્પૃહી વિરક્ત દંપતીએ હસ્તગત કર્યો છે.

**



## લતાજીના કંઠનું માધુર્ય

બીજા પ્રત્યેનો શુભભાવ આપણું શુભ કરે. સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકરની તરુણ અવસ્થાનો એક પ્રસંગ છે. ત્યારે તે પાર્શ્વગાયિકા તરીકે પ્રખ્યાત ન હતી. તેનો પિતરાઈ ભાઈ એક નાના ગામમાં રહેતો. આમંત્રણ મળતાં તે ભાઈને ત્યાં ગઈ. ઘરના વાડામાં

ઘણાં બધાં કોયલનાં બચ્ચાનો મધુર અવાજ આવ્યો. ભાઈને પૂછ્યું, પક્ષીઓનો આ મધુર અવાજ ક્યાંથી ? ભાઈએ વાડામાં રાખેલ ચાલીસ કોયલ બતાવતાં કહ્યું કે, આ ચાલીશ કોયલમાંથી આજે તારા માટે ખૂબ સ્વાદિષ્ટ ભોજન બનાવીશ અને તને પ્રેમથી જમાડીશ.

તરુણ લતા વિચારે છે કે **આવા મધુરા કંઠવાળા ચાલીશ નિર્દોષ કોયલ પંખીની મારા ભોજન માટે હત્યા ? હરગીજ નહીં** અને ભાઈને સ્નેહથી વિનવી અને બધી જ કોયલને મુક્ત કરે છે. જાણે અભયદાન પામેલી ચાલીશ કોયલનો કંઠ લતાના કંઠમાં વસી ગયો અને વિશ્વમાં એ સ્વરસામ્રાજ્ઞી કિન્નરકંઠી રૂપે પ્રખ્યાત થઈ.

આ છે અહિંસાનું વિધેયાત્મક પરિણામ.

અહિંસાથી સાત્ત્વિક બનાય છે. અહિંસાના આચરણથી સંવાદ સ્થપાય છે.

# અંધાપો

## કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે

આપણો આત્મા, કર્મોનાં બંધનથી બંધાયેલો છે. આપણે સૌ મુક્તિપંથના પ્રવાસીઓ છીએ. કર્મનાં આ બંધનો તોડવા માટે સર્વ પ્રથમ તો એ બંધનનું સ્વરૂપ જાણવું પડશે. સ્વરૂપ જાણ્યા પછી એ બંધન તોડવાનો સમ્યક્ પુરુષાર્થ કરવો પડશે.

કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. ખરાને ખોટું માનવું અને ખોટાને ખરું માનવું, અનિત્યને નિત્ય, અશુદ્ધને શુદ્ધ કે દુઃખને સુખ માનવું એટલે મિથ્યાત્વ. આ માન્યતાઓને છોડીએ તો જીવનમાંથી મિથ્યાત્વની વિદાય થાય અને કર્મબંધની પ્રક્રિયાનું સાતત્ય તૂટે અને કર્મબંધન અટકે.

જેણે રાગ અને દ્વેષને નિર્મળ કર્યાં તે સુદેવ છે. જે જીવનમાં સમતા રાખવાનું સૂચન કરી વિશ્વકલ્યાણની વાંછના કરે તે સુધર્મ અને જે પોતે તરે અને અન્યને તારે તે જ કલ્યાણમિત્ર સદ્ગુરુ. આ ત્રણમાં શ્રદ્ધા દૃઢ થવાથી જીવનમાંથી મિથ્યાત્વ જશે.

એક નૌકા સમુદ્રકિનારે લાંગરી હતી. રાત પડી એટલે સફર શરૂ કરવા નાવિકે નૌકામાં બેસી હલેસાં મારવાનું શરૂ કર્યું. આખી રાત હલેસાં માર્યાં. સવાર પડ્યું નાવિકે જોયું તો આશ્ચર્ય ! નૌકા ત્યાંની ત્યાં જ હતી, બંદરગાહથી જરા પણ આગળ વધેલ નહીં. કારણ...લંગરથી નૌકા છૂટી પડી ન હતી. કિનારે લંગર સાથે બંધાયેલ જ



હતી. આપણો જીવ મિથ્યાત્વનું લંગર છોડે તો જ આત્મા તરફથી સફર શરૂ થાય.

વળી કેટલાક મિથ્યાત્વને આપણે સમજીએ આ મિથ્યા છે. એમ જાણતા હોવા છતાં છોડતા નથી, કારણ કે એમાં આપણો સ્વાર્થ હોય છે. આપણી અનુકૂળતા અને મમત્વને કારણે આપણે મિથ્યાત્વને પોષતા હોઈએ છીએ. મિથ્યાત્વના ચશ્માં ઉતારી ખુલ્લી દૃષ્ટાંતથી જોવાની આપણી હિંમત નથી. આ વાતને જ્ઞાનપુરુષે સુંદર દૃષ્ટાંથી સમજાવી છે.

એક ગામના શેઠને પોતાની ઉંમરલાયક કન્યાના વિવાહ કરવો છે. પુત્રી કુરૂપ છે. કોઈ મુરતીઆ તેને પસંદ કરતા નથી. શેઠ ઉપાય વિચારે છે. એક અંધયુવાનને કહે છે તારે લગ્ન કરવાં છે ? અંધયુવાન કહે, શા માટે મશ્કરી કરો છો ? હું અંધ છું, મારી સાથે કોણ પોતાની કન્યા પરણાવે ?

શેઠ કહે, હું મારી પુત્રી જોડે તારા વિવાહ કરું.

સુરદાસ ખુશ... !

પુત્રી અને અંધજમાઈ શેઠને ઘરે સુખેથી રહે છે. આંખ નથી એટલે રૂપ-કુરૂપનો તે યુવાનને ભેદ નથી, તે તો પોતાની પત્નીને પ્રેમ કરે છે. એક વાર શેઠને ત્યાં તેનો મિત્ર પરદેશથી આવે છે. કહે છે કે, હવે તો તબીબીવિજ્ઞાન એટલું આગળ વધ્યું છે કે હું ઉપચાર કરી તારા જમાઈને દૃષ્ટિ અપાવી શકું છું. શેઠ કહે જરૂર નથી. મિત્ર કહે કેમ ? શેઠ કહે મારો જમાઈ દૃષ્ટિહીન છે ત્યાં સુધી મારી પુત્રીને વાંધો નથી. તે ચાહ્યા કરશે, પ્રેમ કરશે. આંખો મળતાં કુરૂપ પત્નીને જોઈ કદાચ પ્રેમ કરતો અટકી

પણ જાય. એની દૃષ્ટિ મારી પુત્રીના સુખ માટે જોખમ છે.

આપણે પણ અજ્ઞાનના અંધાપામાં મિથ્યાત્વને પ્રેમ કરી રહ્યા છીએ. જ્ઞાનના પ્રજ્ઞાચક્ષુ મળે તો કદરૂપા મિથ્યાત્વને છોડી સમકિત તરફ વળીએ.

એક વ્યક્તિને ખીર બહુ ભાવે, થાળીમાં પીરસાણી. તેને પેટની વ્યાધિ હતી તે કારણે તે વોમીટ થતાં તે ખાધેલી ખીર થાળીમાં પડી. એક વાટકામાં ખીર ભરી લીધી અને એક અંધ સુરદાસને તે ખીર આપી. વમેલ ખીર જેણે વમન દૃશ્ય જોયું છે તેને તો આ ખીર કુત્સિત, સૂગવાળી લાગી પરંતુ સુરદાસે ખાઈ લીધી કારણ કે તેને ખબર નથી, તેણે આ દૃશ્ય જોયું નથી, કારણ તેની પાસે આંખ નથી. બસ અજ્ઞાનનો અંધાપો લઈને ફરતાં આપણું પણ કંઈક આવું જ છે. જ્ઞાનીઓ પાસે સમ્યક્દૃષ્ટિ છે તેથી તેઓ આ સંસારનાં સુખોથી અલિપ્ત રહેશે. યુગપુરુષ શ્રીમદ્જીએ કહ્યું છે

'સકળ જગત તે એંઠવત્ અથવા સ્વપ્નસમાન, તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.' આમ જ્ઞાની માટે આખો સંસાર વમનન વાટકા સમાન છે.

સદ્ગુરુ તો આપણને જ્ઞાન આપવા તત્પર છે. એમનો હાથ તો આપણા તરફ લંબાયેલો જ છે. આપણે એ હાથ પકડી લેવાનો પુરુષાર્થ કરીશું તો કર્મદળમાંથી બહાર નીકળી શકીશું.

સત્પુરુષોનાં વચનો નકશાની રેખાઓ જેવાં હોય છે. જ્ઞાનીનો ઉપદેશ નકશો છે, જો તેમણે ચીંધ્યા માર્ગે ચાલીએ તો લક્ષ સુધી પહોંચાય. તેમનાં વચનામૃતો માત્ર વાંચવા કે સાંભળવાથી આગળ નહીં વધાય, આચરણમાં મૂકવા પડશે, પ્રયોગ કરવો પડશે. અનુભૂતિમાં આવશે તો સફળ થઈશું. નકશો જોયા કરવાથી લક્ષે નહીં પહોંચાય. લક્ષે પહોંચવા તો સ્વયં સફર કરવાનો પુરુષાર્થ કરવો પડશે.

**

## દાનમાં ધનના પસીનાની સુગંધ હોય !

સમ્રાટ અશોક.

કલિંગનું યુદ્ધ ખેલ્યો, પણ યુદ્ધના મહાસંહારે અશોકના અંતરને અકળાવી મૂક્યું.

સમ્રાટ અશોકને યુદ્ધના વિનાશથી પારાવાર પસ્તાવો થયો. તે સતત વિચાર કરતો કે, એવું શું કરું કે જેથી મારા દુઃખનો બોજ હળવો થાય.



યુદ્ધમાં મેળવેલા વિજયને કારણે સમ્રાટ અશોકનો ખજાનો સંપત્તિથી છલોછલ ઊભરાતો હતો. એણે દાન આપવાનું શરૂ કર્યું. તે રોજ બ્રાહ્મણોને દાન આપતો હતો.

નગરના બધા બ્રાહ્મણો દાન લેવા માટે આવ્યા, પરંતુ એક ગરીબ બ્રાહ્મણ આવ્યો નહીં. એને ધનની ઘણી જરૂર હતી, પરંતુ એ દાન લેવા તૈયાર થયો નહીં.

સમ્રાટ અશોકને આશ્ચર્ય થયું કે, આ તે કેવો માનવી ? બધા બ્રાહ્મણો દાન લઈ ગયા પણ એ ગરીબ હોવા છતાં કેમ આવતો નથી ?

સમ્રાટ, તમે ક્યાં દાન કરો છો ? તમે દાન કરતા હો તો જરૂર હું લેવા આવું.

આ સાંભળી સમ્રાટ અશોકના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે કહ્યું, જરા વિચાર તો કર ! આટલા બધા બ્રાહ્મણો દાન લઈ ગયા અને તું વળી આને દાન જ કહેતો નથી ! પેલા બ્રાહ્મણે કહ્યું, દાન તો એનું થઈ શકે જે સંપત્તિ મેળવવા માટે તમે જાતે પરસેવો પાડ્યો હોત. તમે આપો છો એ તો રાજની સંપત્તિ છે, પ્રજાનો ખજાનો છે, એમાંથી તમે આપો કે ન આપો કશો અર્થ નથી. **તમે જાતે પરસેવો પાડીને મેળવેલા ધનનું દાન કરો તો જ સાચા દાનેશ્વરી ગણાવ.**

સમ્રાટ અશોકની આંખ ખૂલી ગઈ. એણે જાતે શ્રમ કરીને કમાણી કરવાનું નક્કી કર્યું. પંદર દિવસ સુધી એણે નહેર ખોદવાનો શ્રમ કર્યો અને પંદર સોનામહોર મેળવી.

આ સોનામહોર લઈને સમ્રાટ અશોક ગરીબ બ્રાહ્મણ પાસે ગયો. બ્રાહ્મણ ખૂબ ખુશ થયો. એણે દાનરૂપે એક સોનામહોર સ્વીકારી અને આશીર્વાદ આપ્યો.




# માણસ જો જોડાઈ જાય, તો દુનિયા જોડાયેલી જ છે

પાદરી એકવાર પોતાના ભાષણની તૈયારી કરતા હતા. ઘરમાં પત્ની હતી નહીં અને બાબો તોફાન અને ઘોંઘાટ કરીને હેરાન કરતો હતો. પાદીરને એક વિચાર આવ્યો, એના હાથમાં છાપું હતું અને છાપામાં એક આખું પાનું ભરીને દુનિયાનો નકશો છાપ્યો હતો. પાદરીએ એ નકશાના ટુકડેટુકડા કરી નાખ્યા અને દીકરાના હાથમાં મૂકીને કહ્યું, ‘‘જા, આ નકશાને જોડી દે, તો તને ઇનામ આપીશ.’ પાદરીને એમ કે, નકશો જોડતાં દીકરો ગુંચવાઈ જશે અને પોતાને લખવા માટે સમય મળી જશે, પણ આશ્ચર્ય વચ્ચે દીકરો દસ મિનિટમાં પાછો આવ્યો. પાદરીને આશ્ચર્ય થયું કે, આવડો મોટો નકશો આટલો જલદી કઈ રીતે જોડ્યો ?

દીકરાએ કહ્યું, ‘‘તમે આપેલા નકશાની પાછળ જ માણસનું ચિત્ર હતું. પૃથ્વીના નકશા કરતાં માણસના ચહેરાને જોડવાનું કામ ખૂબ સહેલું હતું. મેં ચિત્ર ઊલટાવી નાખ્યું અને માણસને બરાબર જોડી દીધો. **માણસને જોડ્યો, એટલે દુનિયા આપોઆપ જોડાઈ ગઈ.’’** એ દિવસના ભાષણનો વિષય પણ પાદરીને મળી ગયો. માણસ જો બરાબર ગોઠવાઈ જાય, તો દુનિયા બરાબર ગોઠવાઈ ગયા વિના ન રહે. માણસ અવ્યવસ્થિત છે, એના પડઘારૂપે જ દુનિયા અવ્યવસ્થિત છે.



# ત્રીજો ચૂલો

ફૈબાના આગમન સાથે જ જાણે ઘરનું વાતાવરણ બદલાઈ જાય. ધર્મની વસંતઋતુ ખીલે, સંસારસરિતા ગૃહદ્વારે ખળખળ કરતી વહેતી હોય.

તપસ્વી સાધ્વી જેવો ફૈબાનો દેહ, રસપરિત્યાગ અને દ્રવ્ય તપ જીવનમાં વણાયેલાં. દ્રવ્ય તપ એટલે ચોક્કસ નક્કી કરેલી થોડી વાનગીઓ જ જમવામાં લેવી. દા. ત. દસ દ્રવ્યથી શરૂ કરતા જમવામાં એકએક દ્રવ્ય ઘટાડતું જવું, તેવા તપને દ્રવ્ય તપ કહે છે.

સાદગીપૂર્ણ ધર્મયુક્ત જીવન. સાથેસાથે કર્મયોગી પરિશ્રમવાળી જીવનચર્યા આળસનું નામ નહીં.

ફૈબા ચૈત્ર-વૈશાખમાં અમારા ગામ ખાંભામાં આવે. સાવરકુંડલા એમનું સાસરું. ભર્યુંભાદર્યું એમનું કુટુંબ. સમૃદ્ધ હોવા છતાં સંયમિત જીવન. નિરાભિમાની, સરળતા અને સૌમ્યતાના ભાવો તેમના મુખારવિંદ પર રમતા રહે.

સવારે બે સામાયિક કરે. દરરોજ કાંઈક ને કાંઈક નવી વાનગી – વડી, પાપડ, ચોળાફળી બનાવે, ગોદડા સીવી દે, રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી સ્તવનો, ભજન ગવડાવે અને અમને બધાં બાળકોને ભેગાં કરી ધર્મપ્રેરક કથાવાર્તા સંભળાવે.

બપોરે અમે બહાર રમતાં હોઈએ ત્યારે પકડીને ઘરમાં લાવે અને કહે કે, બહુ તડકો છે, ટાઢે પહોરે રમજો, ચાલો... તમારી પરીક્ષા પૂરી થઈ, હવે તમે તમારા ચોપડા અને કપડાંના કબાટ સાફ કરી ગોઠવો. સ્વચ્છતાનાં આગ્રહી. ઝયણા ધર્મ વિશે સમજાવે.

'શિવકુંવરબેન થોડા દિ રોકાવા આવ્યાં છો તો આરામ કરો. જાણે કામ સાથે જ લેતાં આવ્યાં છો અને વધારામાં આ છોકરાંવ સાથે માથાકૂટ.' મારાં બા કહેતાં.

'ભાભી, મનગમતાં કામમાં તો થાક ઊતરી જાય.' ફૈબા હસીને કહેતાં.

અમારા માટે તો ફૈબાનું આગમન એટલે ઘરઆંગણે ફૂટેલા વાત્સલ્યવીરડાનું અમૃતપાન.

ચૈત્ર માસમાં આયંબિલની ઓળી આવે. આયંબિલ તપમાં રસ વિનાનો લુખ્ખો આહાર દિવસમાં એક સમય જ લેવાનો હોય. ફૈબા નવેનવ દિવસનું વિધિસહ આયંબિલ તપ કરે. વારાફરતી અમને એકેક ભાંડરડાને એકેક આયંબિલ કરાવે. એક દિવસ ફૈબા સાથે હું ઉપાશ્રયની આયંબિલ શાળામાં આયંબિલ કરવા ઘરેથી નીકળતો હતો. ફૈબા કહે, તારી બચતપેટીમાંથી આઠ આના લઈ લે. મને એમ કે વળતા કલિંગર, પતાસા કે એવો ભાંડરડાઓ માટે કાંઈ ભાગ લેવાનો હશે. આયંબિલ કર્યા પછી ફૈબાએ પોતાના બટવામાંથી એક રૂપિયાનો સિક્કો કાઢી ઉપાશ્રયની દાનપેટીમાં નાખ્યો અને મને કહ્યું કે, 'પેલા આઠ આના આ પેટીમાં નાખી દે.' મેં તેમ કર્યું. પછી મને કહે કે, આયંબિલ શાળામાં આપણે જમ્યાં એટલે કાંઈક દાન કરવું જોઈએ. વળી તપ સાથે ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું.

ઉપાશ્રયનાં પગથિયાં ઊતરતાં ફૈબાના વેવાઈ અમીચંદભાઈ મળી ગયા. દઢધર્મી શ્રાવક, ઉપાશ્રયની બાજુમાં જ રહે. ફૈબાને કહે કે, 'શિવકુંવરબેન, ઓળી પૂરી થયા પછી એક દિ મારે ઘરે જમવાનું રાખો.'

'ભાઈ, હું બધાને મળવા ઘરે આવી જઈશ, પણ જમવાનું નહીં બને.' ફૈબાએ જવાબ આપ્યો.

વિસ્મયથી અમીચંદભાઈ કહે, 'કેમ ?'

**'એક મહિના માટે મારે પચ્ચક્ખાણ છે (બાધા છે). મારે ત્રીજા ચૂલાનું ના ખપે. એક ચૂલો ભાઈના ઘરનો, બીજો ઉપાશ્રયની આયંબિલ શાળાનો. હવે ત્રીજા ચૂલાનું નહિ ખપે.** આવતે વખતે આવીશ ત્યારે વાત.'

આપણી સાંપ્રત જીવનશૈલીનું નિરીક્ષણ કરીએ ત્યારે વિચાર આવે કે દરરોજ આપણે કેટલા ચૂલાનું ખાઈએ છીએ ?

સવારે ઘરનું, બપોર પછી ઑફિસની ચા, સાંજે કોઈક હોટલમાં નાસ્તો, ક્યારેક સ્ટૉલ પરનું, ક્યારેક માર્કેટની ગાદી પર આવેલી ભેળ, દરરોજ આપણે કેટલા ચૂલાનું ખાતા હોઈશું ?

ફૈબા તો હવે હયાત નથી. ક્યારેક બીજી વાર બહારનું ખાવાનું બને ત્યારે ચોક્કસ ફૈબાના શબ્દોના ભણકારા સંભળાય, 'ભાઈ ! મારે ત્રીજા ચૂલાનું ન ખપે...!'



# પ્રામાણિકતાથી પરમતત્ત્વ વશમાં વર્તે

પૂર્વાચાર્યોએ માર્ગાનુસારિના ગુણોમાં ન્યાયસંપન્ન વૈભવને સ્થાન આપ્યું છે. ન્યાયસંપન્ન વૈભવ એટલે પ્રામાણિકતાથી મેળવેલી સંપત્તિ. જે સંપત્તિ નીતિ, ન્યાય, અન્યાયનું શોષણ કર્યા વિના, બીજાને પીડા આપ્યા વિના, હક્કની સંપત્તિ મેળવી હોય તે પ્રામાણિકતાથી સંપન્ન કરી કહેવાય. ન્યાયસંપન્ન વૈભવની ભાવના ભગવાન મહાવીરના અર્થશાસ્ત્રમાં અભિપ્રેત છે.

જે માયા, કપટથી રહિત હોય, અહિંસક હોય, અન્યની પરિસ્થિતિનો વિચાર કરીને મેળવેલી સંપત્તિ જ સ્વ-પરનું કલ્યાણ કરી શકે. સત્યના આધારે નિર્વાહ કરતી વ્યક્તિનું જીવન સત્ત્વશીલ હોય છે.

વિક્રમ સં. ૧૭૪૦માં કાઠિયાવાડ અને ગુજરાતના મોટા ભાગમાં દુષ્કાળ પડ્યો. વરસાદ માટે પ્રાર્થનાઓ યોજાઈ. ગુજરાતનરેશે યજ્ઞો કર્યા, પરંતુ વરસાદ ન આવ્યો. પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ. મૂગાં પશુઓ પાણી માટે તલસવા લાગ્યાં. કેટલાક શાણા માણસોએ રાજાને કહ્યું કે, ''આપણા રાજ્યનો એક વેપારી જો ધારે તો વરસાદ લાવી શકે.'' રાજા તે વેપારી પાસે ગયા અને કહ્યું કે, ''તમે પ્રભુને પ્રાર્થના કરી વરસાદ લાવો.'' વેપારીએ નમ્રતાપૂર્વક કહ્યું કે, ''હું તો એક નાનકડો વેપારી છું. મારી પ્રાર્થનાથી શું થશે ? કોઈ મોટા સાધુ-સંત, ભક્ત, મહંત પ્રાર્થના કરે કે યજ્ઞ કરવામાં આવે તો વરસાદ આવે.'' રાજાએ કહ્યું, ''અમે બધા પ્રયત્નો કર્યા છે. સમગ્ર રાજ્ય વતી હું આપને પ્રાર્થના કરું

છું કે ભૂખ્યા પ્રજાજનો અને અબોલ પશુઓ પર દયા કરી આપ પ્રભુ પાસે વરસાદ માગો.''

રાજાની વિનંતીથી આખરે વેપારીએ ભગવાનને પ્રાર્થના કરી. તેણે પોતાનું ત્રાજવું ઉઠાવ્યું અને આકાશ સામે જોઈને કહ્યું કે, **''જો આ ત્રાજવાથી મેં ક્યારેય કોઈને ઓછું-અધિક તોળી દીધું ન હોય તો, નીતિનું જ સેવન કર્યું હોય અને સત્યનું જ આચરણ કર્યું હોય તો હે દેવતાઓ તમે અનુગ્રહ કરજો, મેઘરાજ અમારું કલ્યાણ કરવા પધારો.''** હજુ વેપારી એ પ્રાર્થના પૂરી કરે એટલામાં વાદળાં ઘેરાવા લાગ્યાં અને થોડી વારમાં મેઘરાજાની મહેર થઈ. પ્રામાણિકતા અને ન્યાયસંપન્નતાથી પરમતત્ત્વો પણ વશમાં વર્તે છે.

# દિવ્ય વૈશ્વિકબૅંકનો ચેક

જૈનશાસ્ત્રોમાં અમરાવતીના શ્રેષ્ઠી સુમેદની એક સરસ કથા આવે છે, તેનો સાર નીચે પ્રમાણે છે :

અમરાવતી નગરીના સૌથી ધનાઢ્ય શેઠનું અવસાન થયું. તેઓ સુમેદના પિતા હતા. અંત્યેષ્ટિની ક્રિયામાં ભેગાં થયેલાં બધાં સગાં-વહાલાંઓએ વિદાય લીધી. પછી શેઠના મુનિમે સુમેદ સમક્ષ આવીને બધો હિસાબ-કિતાબ રજૂ કર્યો. પિતાનાં ધન, દોલત, સંપિત્ત કેટલી છે તે જણાવી. પિતાનો કારભાર ક્યાં અને કેટલો વિસ્તૃત ફેલાયેલો છે, દેશમાં ક્યાં કેટલી પેઢીઓ છે, વેપાર-ધંધામાં કેટલું રોકાણ થયેલું છે તેની વિગતવાર સમજણ અને માહિતી આપી. ત્યાર પછી મુનિમ સુમેદને ભોંયરામાં લઈ ગયો. ભંડારો અને તિજોરીઓની ચાવીઓ સોંપતાં કહ્યું કે, હવે તમે આ બધી જ સંપત્તિના માલિક છો.

સુમેદે સઘળો હિસાબ-કિતાબ જોયો, ભંડારો અને તિજોરીઓ જોઈ, મૂલ્યવાન હીરા-માણેક, ધન-દોલત અને સપંત્તિ જોઈ જેનું મૂલ્ય અબજો અને ખર્વો રૂપિયાનું હતું. (એક ખર્વ = ૧૦ અબજ) આટલી અઢળક સંપત્તિ જોયા બાદ સુમેદને કશામાં મોહ, મમતા કે લોલુપતા ન દેખાઈ, તે જાણીને મુનિમને ખૂબ જ આશ્ચર્ય થયું. સુમેદ સામે નજર કરી તો એની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. એટલે મુનિમે પ્રશ્ન કર્યો, 'તમે આટલી અબજો રૂપિયાની સંપત્તિના માલિક છો, વારસદાર છો. આપના



પૂર્વજોની સંપત્તિ છે પછી તમે કેમ રડો છો ?'

સુમેદે મુનિમને કહ્યું, 'મારે તમારી પાસેથી એક વાત સમજવાની છે. મારા વડદાદા મૃત્યુ પામ્યા. તેઓ પણ આ સંપિત્ત સાથે ન લઈ ગયા. મારા દાદા પણ આ સંપિત્ત અહીં જ છોડી ગયા અને મારા પિતાજી પણ આ સંપિત્ત તેની સાથે ન લઈ ગયા. તમે હવે કોઈ યુક્તિ બતાવો કે મારા મૃત્યુ પછી આ બધી સંપત્તિ મારી સાથે લઈ જવા માગું છું, તેને અહીં છોડી જવા નથી માગતો. કાલ સવાર સુધી કોઈ ઉપાય શોધી મને બતાવજો. કદાચ મારું મૃત્યુ પણ થાય પછી. આ સંપત્તિ મૃત્યુ પછી સાથે ન લઈ જઈશ કે ન મારાં સંતાનો તેમના મૃત્યુ બાદ આ સંપત્તિ સાથે લઈ જઈ શકશે. હવે હું આ સંપત્તિનો નિકાલ કરી દેવા માગું છું.'

મુનિમે સુમેદને જવાબ આપ્યો, 'શેઠશ્રી, આવું તો કદી બન્યું જ નથી અને બનવાનું પણ નથી. કોઈ મૃત્યુ બાદ સાથે સંપત્તિ લઈને ગયું જ નથી !'

**આખરે સુમેદે યુક્તિ શોધી લીધી. યુક્તિ હતી સંપત્તિનું દાન કરી સંસાર ત્યાગવાની.** તેણે મુનિમને યુક્તિ જણાવી. યુક્તિ જણાવવાની ક્ષણે જ તેણે આ સઘળી સંપત્તિનું દાન કરી દીધું અને સંયમના માર્ગે જવા સઘળું ત્યાગી દીધું. પુણ્ય નામની દિવ્ય વૈશ્વિક કોસ્મિક બેંકનો ટ્રાવેલર્સ ચેક ભવોભવ સાથે રહે છે.



# સુગંધનું મૂલ્ય

કઠિયારો રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. તેણે એક હવેલીની બહાર માણસોનું ટોળું જોયું. કુતૂહલવશ તે ભીડમાં અંદર પ્રવેશ્યો. લોકોને પૂછ્યું કે, ભાઈ ! શેના ટોળે વળ્યા છો? ટોળામાંથી એક વ્યક્તિ તેને સામો પ્રશ્ન પૂછે કે અહીં તને કોઈ સુગંધનો અનુભવ થાય છે ? કઠિયારો કહે છે કે હા ભાઈ, કોઈ દિવ્ય, અલૌકિક સુગંધ હું અનુભવી રહ્યો છું. આ પૂર્વે ક્યારેય આવી સુગંધ માણી નથી, પરંતુ તમે કહો તો ખરા કે આ સુગંધ ક્યાંથી આવી રહી છે ? પેલી વ્યક્તિએ કઠિયારાને જવાબ આપ્યો, સામે જે હવેલી દેખાય છે ત્યાંથી સુગંધ આવે છે. કાશ્મીરશ્રેષ્ઠી સુગંધભંડારીની એ હવેલી છે. તેના ઘરમાં ભાત બને એ ભાત જ્યારે એ જમતા હોય ત્યારે તે સુગંધીદાર ભાતની સુગંધ આજુબાજુ એટલી પ્રસરે કે તે દિવ્ય સુગંધ લેવા લોકોના ટોળાં હવેલી બહાર ઊભાં રહે.

કઠિયારો મનમાં કૃતનિશ્ચયી બને છે કે કોઈ પણ ભોગે હું આ ભાતનો કોળિયો ખાઈશ. સુગંધભંડારી નામે ઓળખાતા શ્રેષ્ઠીને આંગણે જઈને કઠિયારો ભાતનો એક કોળિયો આપવા વિનવે છે.

ભંડારી તેને તિરસ્કૃત કરી અને કહે છે કે, 'મફતમાં એક કોળિયો તો શું એક દાણો સુદ્ધાં નહીં મળે...!'

કઠિયારો કહે, 'હે શેઠ, આ ભાતની કિંમત તો આપ મને કહો ?'

'તારા જેવા નિર્ધન... કંગાલ માણસ મારા ભાતની કિંમત ન ચૂકવી શકે' શેઠે રુઆબભેર કહ્યું.

'કોઈ પણ ભોગે હું ભાત મેળવવા નિશ્ચયી છું'. કઠિયારાએ જણાવ્યું.

'એક મહિના તું મારી ગુલામી કરે તો હું એક થાળી ભરીને ભાત ખાવા આપીશ.' સુગંધભંડારીએ ભાતની કિંમત બતાવી.

કઠિયારાએ આ શરત મંજૂર કરી. એક મહિના સુધી હવેલીમાં શેઠની સતત સેવા-ચાકરી કરી. **એક મહિનાની ગુલામીને અંતે શેઠે કઠિયારોને થાળી ભરીને ભાત આપ્યો.** કઠિયારો ભાતની અલૌકિક સુગંધથી પ્રસન્ન થઈ ગયો અને ભાત જમતા પહેલાં હાથ-મોં ધોવા માટે ઊભો થયો. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કર્યાનો આનંદ અને સંતોષ તેના મુખારવિંદ પર હતો. એટલામાં તેણે એક સંતોનું વૃંદ શેઠની હવેલીમાં જોયું. તે સંતો ભિક્ષા ગ્રહણ કરવા આવ્યા હતા. સંતોને ભિક્ષા આપવાની શેઠે ના પાડી એટલે તે ભિક્ષા લીધા વિના જ પાછા ફરી રહ્યા હતા. ભિક્ષા ન મળવા છતાં સાધુઓના મુખ પર પ્રસન્ન, શાંત અને સૌમ્ય ભાવો હતા. કઠિયારાએ સાધુઓને પોતાની પાસેથી ભિક્ષા ગ્રહણ કરવા વિનંતી કરી. તે પોતાના ભાતની થાળી લઈ સંતવૃંદ તરફ આગળ વધે છે. એટલામાં સુગંધભંડારી ત્યાં આવે છે અને કહે છે કે, આ તું શું કરે છે ? આ તો પાગલપન કહેવાય. આ ભાત એટલે શું તે તને ખબર છે, તારી એક મહિનાની કાળી મજૂરી, લોહી-પસીનાની કિંમત, આ એમ ને એમ કાંઈ દાનમાં આપી દેવતાં હશે ?

'શેઠ, મને આ ભાત ખાવા કરતાં સાધુઓને ખવરાવવામાં ખૂબ જ આનંદ આવશે' એમ કહી કઠિયારાએ ભાતની થાળી સાધુઓના પાત્રમાં ઠાલવી દીધી.

સગંધભંડારી આશ્ચર્યથી ચકિત થઈ ગયો. **એકલપેટા થઈને એકલું ખાવું તે વિકૃતિ છે. સાથે મળીને વહેંચીને ખાવું તે પ્રકૃતિ છે. પોતે ખાવાનું ત્યાગી અને બીજાને ખવરાવવાનો આનંદ મેળવવો તે સંસ્કૃતિ છે.** આ દૃશ્ય જોઈને સુગંધભંડારીની વિચારધારા વધુ પ્રવાહિત થઈ તેના હૃદયનું પરિવર્તન થયું. તેણ સ્વીકાર્યું કે મારા ભાતની સુગંધની કિંમત કરતાં આ કઠિયારાના ત્યાગની સુગંધનું મૂલ્ય અનેક ગણું વધી ગયું. તે કઠિયારાને નમી પડ્યો. પોતાના કોઠારમાંથી અન્નદાન કરવા લાગ્યો. કઠિયારાનો ત્યાગ મૂલ્યવાન બની ગયો.

પંચતંત્ર અનેક જાતક કથાઓના ઇતિહાસમાં અંકિત થયેલા આવા પ્રેરક પ્રસંગો પરનું ચિંતન, આપણા જીવનની દિશા બદલવા સક્ષમ થશે.



# કન્યાદાન

ધર્મસ્થાનકમાં સંત આભ્યંતર તપનો ભાવ સમજાવી રહ્યા છે. શારીરિક શુદ્ધિ માટે જેમ સ્નાન જરૂરી છે તેમ આંતરિક આત્મશુદ્ધિ માટે બાહ્યાંતર તપનું અનુસંધાન જરૂરી છે. ઉપવાસ કરવો એ બાહ્ય તપ છે. ઉપવાસના દિવસના આચાર-વિચાર આધ્યાત્મિક અનુષ્ઠાન, આત્મા સાથે અનુસંધાન કરાવનારું ધ્યાન એ કર્મનિર્જરાનું લક્ષ છે. ઉપવાસ કે કોઈ પણ પ્રકારના તપની પૂર્વભૂમિકાના વિચાર એટલે તપ કરવાનું પ્રયોજન. તપની પૂર્ણાહુતિના દિવસના આચાર-વિચારમાં પણ નિર્મળતા ખૂબ જ અગત્ય છે. તપના આડલાભ ઘણા હોઈ શકે, પરંતુ તેનું અંતિમ ધ્યેય કર્મનિર્જરાનું હોય તે જ તેની ફલશ્રુતિ ગણાય.

એક યુવાને સંતના શબ્દો ઝીલી લીધા. ત્રણ દિવસના નિર્જળા ઉપવાસ પૂર્ણ કર્યા. ચૌવિહારું અઠ્ઠમતપ પૂર્ણ કર્યું.

ત્રણ ઉપવાસનું પારણું કરવાનું છે. સંતના શબ્દો કાનમાં ગુંજે છે. આ ઉપવાસના પારણામાં તું તારી કમાણીના પૈસામાંથી, ન્યાય અને નીતિથી મેળવેલી આવકમાંથી જે અને જેટલું મળે તેનાથી પારણું કરજે.

પથારીમાંથી ઊઠી પ્રભુસ્મરણ કર્યું. નિત્ય આવશ્યક ક્રિયાઓ પતાવી. નદીકિનારા તરફ નીકળ્યો. સંતના શબ્દો વિચારોમાં વાગોળતોવાગોળતો આ યુવાન

નદીકિનારે આગળ ચાલે છે. પૈસા નથી, શું કરવું તેની મૂંઝવણ છે. તેટલામાં નદીના કિનારા પાસે એક ફળ તણાતું આવતું જોયું અને માન્યું કે આ તો કુદરતની ભેટ છે... અને તેણે આ ફળથી પારણું કર્યું. થોડી વાર પછી યુવાનને વિચાર આવે છે કે, આપણી બુદ્ધિ અને શ્રમ દ્વારા મેળવેલી સંપત્તિ પર જ આપણો હક્ક છે. સંતે કહેલ ન્યાયસંપન્ન વૈભવના ઉન્નત શબ્દોના ભણકારા વાગે છે. સંતની દેશનાનો પ્રતિછંદ જાણે પર્વત સાથે ટકરાઈને પાછો ફરે છે અને નિશ્ચય કરે છે કે, ફળના માલિકને શોધી ફળના બદલામાં તેનું કામ કરવું જોઈએ અને તો જ આ તપશ્ચર્યા સાચી સાધના થઈ ગણાશે.

આવા શુભ નિશ્ચયથી યુવાન નદીને કિનારેકિનારે ત્રણ માઈલ ચાલ્યો. એ નદીને કિનારે એક વાડી દેખાઈ અને વાડીમાં એવા જ ફળનાં વૃક્ષો જોયા. વાડીના માલિકને મળીને પોતાનું સમગ્ર વૃત્તાંત કહ્યું અને કહે છે કે, હું આપના ફળની કિંમત ચુકવવા માગું છું. મારી પાસે ધન નથી, બદલામાં મને જે કામ કહો તે સ્વીકારવા તૈયાર છું.

વાડીનો માલિક કહે, હજુ એક વાર વિચારી લો ! દંડરૂપે હું કહું તે કરવા તૈયાર છો ? યુવકે મક્કમતાથી હા કહી અને કહ્યું કે હું વચનબદ્ધ છું.

**માલિક દંડ આપે છે, તમારે મારી પુત્રી સાથે વિવાહ કરવા પડશે. યુવક કહે, આ તે પ્રાયશ્ચિત્ત કે પારિતોષિક !** માલિક કહે હા, તો સાંભળી લો, મારી પુત્રી ક્યારેક ચાલે છે તો ક્યારેક ચાલી શકતી નથી, ક્યારેક એક આંખે જ જોઈ શકે છે, ક્યારેક બે આંખે જોઈ શકે તો ક્યારેક અંધની જેમ બન્ને આંખે જોઈ શકતી નથી. ક્યારેક બોલે અને ક્યારેક સાવ મૂંગી બની જાય છે. ક્યારેક સાંભળે તો ક્યારેક બિલકુલ સાંભળી શકતી નથી, સમજ કે મારી પુત્રી કાણી, લંગડી, અર્ધમૂંગી અને અર્ધબહેરી કે બધિર છે.

યુવક કહે, મેં વચન આપ્યું છે એટલે હું અવશ્ય પાળીશ. વાડીના માલિકે પોતાની પુત્રીને બોલાવવા સાદ પાડ્યો. થોડી વારમાં મંથર ગતિએ, નીચાં નેણ ઢાળી એક સ્વરૂપવાન કન્યા આવી. યુવાન એને મુગ્ધતાથી નિહાળી રહ્યો અને પછી બોલ્યો કે, આપની પુત્રી લૂલી, લંગડી, બહેરી કે કાણી નથી. આપ જૂઠું કેમ બોલ્યા ?

લંગડી હોય તો એક પગે ચાલે. મારી પુત્રી સમય સાથે એક પગે ચાલતી હોય તેવી ત્વરાથી ચાલે છે. ક્રાંતિ કરવાની હોય ત્યાં દોડે, પરમાર્થ માટે બંને પગે મક્કમતાથી આગળ વધે. કોઈનું અહિત થતું હોય, ઉતાવળ થતી જણાય ત્યાં ખોડંગાઈ જાય, એક પગ રોકાઈ જાય એટલે એ રીતે લંગડી છે. મૈત્રીભાવમાં બન્ને પગે ચાલે. મનમાં શત્રુતાનો વિચાર આવે તો એ વખતે અપંગ બની

અટકી જાય.

કાણી હોય તે એક આંખે જુએ, જ્યારે કોઈ નાનામાં નાની વસ્તુ જોવી હોય, એકાગ્રતાથી કાંઈ જોવું હોય, નિરીક્ષણ કરવા કાંઈ જોવું હોય ત્યારે એક આંખ બંધ કરી એક આંખે જોવું પડે. **મારી પુત્રી એક આંખે જગતની સૂક્ષ્મ વસ્તુ જોવાની જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. કોઈનું દુઃખ જોઈ કરુણાભાવમાં તેનાં સજળ નયનો ડૂબી જાય છે.** કોઈનું મંગળ થતું હોય તે દશ્ય કે સત્પુરુષનાં દર્શન નિર્મળ આનંદથી માણે છે, પરંતુ ન જોવા જેવું બીભત્સ જોતી હોય ત્યારે આંખો બંધ કરી દે છે, અંધ બની જાય છે.

સાંભળવા જેવું શ્રવણ કરે, ન સાંભળવા જેવું હોય તો બહેરી થઈ જાય. સંતવાણી સાંભળે, કોઈનો ગુણાનુવાદ પ્રમોદભાવથી સાંભળે, પણ નિંદા ન સાંભળે.

ક્યારેક બોલે ને ક્યારેક મૂંગી, સત્ય વચન બોલે, હિત, મિત ને પ્રિય બોલે. કોઈનું અહિત થતું હોય કે અસત્યનો પક્ષ બનતો હોય ત્યાં મૂંગી રહે. કોઈની નિંદા ન કરે. તેના મૌનમાં માધ્યસ્થભાવનું આશ્રયસ્થાન હોય છે.

યુવકે કહ્યું, તમારી પુત્રીમાં સાચા વૈષ્ણવજન કે આદર્શ શ્રાવકત્વનાં લક્ષણો અભિપ્રેત છે. હું ગરીબ અનાથ તેને લાયક નથી.

**તમારામાં સંસ્કારલક્ષ્મીનો વૈભવ છલોછલ ભરેલો છે.** ત્રણ માઈલ ચાલીને એક ફળની કિંમત ચૂકવવા આવ્યા તે તમારી અંતરંગદશાની પ્રતીતિ કરાવે છે. તમે બાહ્ય અને આભ્યંતર તપની પરિભાષા સાચા અર્થમાં સમજ્યા છો. હું મારી પુત્રીનું કન્યાદાન કરી નિશ્ચિંત બનું છું, એમ કહી વાડીને માલિકે સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપ પોતાની દેદીપ્યમાન દીકરીનો હાથ પરમઆનંદ અને પ્રસન્નતા સાથે યુવકના હાથમાં મૂકી દીધો.

ત્યારે કોયલે ટહુકો કર્યો,

*ઝરણાએ કલકલ નાદ સાથે નૃત્ય કર્યું,*
*મંદ સમીરે ફૂલોની સુગંધ પ્રસરાવી જાણે,*
*પ્રકૃતિએ આ સંબંધ પર સ્વીકૃતિની મહોર મારી.*



# પરંપરા નું રહસ્ય

સૂરજમલજી વિચારે છે કે પુત્રએ અભ્યાસ પૂરો કરી લીધો. હવે આ ધંધાનો સઘળો કારેબાર સોંપી દઉં. થોડા સમયમાં તે સંપૂર્ણ કારોબાર સંભાળી લે તો હું નિવૃત્ત થઈ પ્રભુસ્મરણ સાથે સેવાકાર્ય કરી શકુ.

પુત્રને કહ્યું કે, કાલથી તું ફેક્ટરી પર આવ અને ફેક્ટરી સંભાળવાનું ચાલુ કર.

પુત્ર સમયસર ફેક્ટરી પર આવી પિતાશ્રીની કેબિનમાં તેની ચેર પર બેસી અને સેલ, પરચેજ, પ્રોડક્શન, પેડિંગ ઑર્ડર વગેરે ફાઈલોનો અભ્યાસ કરવા લાગ્યો. ડાયમન્ડની આ ફેક્ટરી દ્વારા દેશ અને વિદેશમાં હીરાનો બહોળો વેપાર ત્યાંથી જ ચલાવવામાં આવતો હતો.

પિતાશ્રી થોડા મોડા આવ્યા. તેમણે પુત્રને પોતાની કેબિનમાં પોતાની ખુરશી પર બેસીને કામ કરતો જોયો એટલે કહ્યું કે તેં કામ શરૂ કરી દીધું ? પણ હું તને કહેતાં ભૂલી ગયો કે અહીં બેસી કામ શરૂ કરતાં પહેલાં દરરોજ તારે આખી ફેક્ટરીમાંથી ઝાડુ કાઢવાનું. ઝાડુ કાઢ્યા પછી જ અહીં બેસીને કારોબાર શરૂ કરવાનો. પુત્ર કહે, પણ મારે શું કામ ઝાડું કાઢવાનું ? ઝાડું કાઢવા માટે શું કોઈ નોકર નથી ? ના, **આ પહેલાં મારા પિતાશ્રી ઝાડું કાઢતા હતા. વર્ષોથી હું ઝાડું કાઢું છું. આ પરંપરાનું તારે પણ પાલન કરવાનું રહેશે.**

પુત્ર વિચારે છે કે આ તે કેવી વિચિત્ર પરંપરા ? બીજે દિવસે કમને પણ પિતાજીની આજ્ઞાને કારણે ઝાડું કાઢે છે. ત્રીજે દિવસે ઝાડું કાઢવાનો કંટાળો આવે છે. થોડો થાક પણ લાગે છે. વડીલોની આ રૂઢિચુસ્ત પરંપરા પ્રત્યે મનમાં ગુસ્સો પણ આવે છે.

ચોથે દિવસે સવારે ફૅક્ટરીમાં ઝાડું હાથમાં લઈ ઝાડું કાઢતાં કાઢતાં વિચારે છે કે, આ છેલ્લો દિવસ. હવે હું ઝાડું નહીં કાઢું. પિતાજીને કહીશ કે મારે તમારી આ ફૅક્ટરીમાં કામ નથી કરવું. મને બીજી જગા લઈ દો અને કેપિટલ આપો. હું અલગથી ધંધો કરીશ. વિચારે છે કે હું વિદેશમાં જઈને મૅનેજમેન્ટ ભણ્યો છું. પિતાશ્રી કરતાં હું સારી રીતે બિઝનેસ કરી શકીશ, પણ ઝાડું તો નહીં જ કાઢું. તેટલામાં ઝાડુ કાઢતાં તેને કાંઈ ચળકાટ દેખાયો. નીચે બેસીને જોયું તો એ એક ડાયમન્ડનો ચળકાટ હતો. ત્યાં પડેલા હીરાને ઉઠાવી લીધો.

પિતાજી ફૅક્ટરી પર આવ્યા ત્યારે કહ્યું કે ફૅક્ટરીમાંથી ઝાડું કાઢતાં આ ડાયમન્ડ મને મળ્યો. પિતાજીએ ડાયમન્ડ જોઈને કહ્યું કે બેટા ! **આની કિંમત ઓછામાં ઓછી પચ્ચીસ લાખ તો ગણાય જ. પુત્ર કહે, સારું થયું આપે મને ઝાડું કાઢવાનું કહ્યું** જેથી આપણા પચ્ચીસ લાખ બચી ગયા.

પુત્ર વિચારે છે કે કોઈ નોકર બેદરકારીથી ઝાડું કાઢે તો ડાયમન્ડ કચરામાં પણ જઈ શકે ને ડાયમન્ડ જોયા પછી તેને લોભ-લાલચની વૃત્તિ જાગૃત થાય તો તેને અપ્રમાણિક બનાવવાનું આપણે નિમિત્ત બનીએ અને પેઢીને નુકશાન થાય તે તે વળી જુદું. આ વિચારધારાએ પુત્રને પરંપરાનું રહસ્ય સમજાઈ ગયું.

- પરિશ્રમ સફળતાની સીડી છે.
- નાના કામનું પણ મોટું મહત્વ છે.



# કાલની કોને ખબર છે ?

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,**
**અવસર બીતો જાત હૈ, બહુરી કરેંગે કબ.**

પાંચ પાંડવો પાસે ભિક્ષા માગવા જનાર કોઈ ખાલી હાથે પાછો ન જાય. એક વખત એક બ્રાહ્મણ યુધિષ્ઠિર પાસે દાન લેવા ગયો. યુધિષ્ઠિર કામમાં હોવાથી બ્રાહ્મણને કહ્યું, આવતી કાલે આવજે !

બ્રાહ્મણ નિરાશ થઈ પાછો વળ્યો - રસ્તામાં ભીમ મળ્યો. ભીમે બ્રાહ્મણ પાસેથી વાત જાણી તેને ખૂબ ખેદ થયો.

ભીમે આયુધશાળામાં જઈ ભંભા વગાડી. રાજ્યના નિયમ પ્રમાણે વિજય થાય તો જ ભંભા વગાડી શકાય. નાગરિકોને આશ્ચર્ય થયું. ભંભાના અવાજથી બધે દોડાદોડી થઈ કે ભંભા કેમ વગાડી ? તપાસ કરતાં યુધિષ્ઠિરે ભીમને પૂછયું. ભીમ કહે ! ભાઈ, કાળ જિતાયો તેથી મેં ભંભા વગાડી. યુધિષ્ઠિરે ભીમને પૂછ્યું, ભાઈ, કોણે કાળને જીત્યો ? ભીમે બ્રાહ્મણની વાત કરી ને કહ્યું, ભાઈ, આપે દાન માટે બ્રાહ્મણને 'કાલે આવજો' કહ્યું તેથી મેં માન્યું કે આપે કાળને જીત્યો. આપ તો સત્યવચની છો.' યુધિષ્ઠિરે ભૂલ સુધારવા બ્રાહ્મણને પાછો બોલાવી તુરત દાન આપ્યું.

શ્રીકૃષ્ણે યોગશક્તિથી અર્જુનને બ્રાહ્મણનું રૂપ આપ્યું અને સ્વયં પણ બ્રાહ્મણના

રૂપમાં પરિવર્તિત થઈને પહોંચ્યા મહારાજા યુધિષ્ઠિર પાસે. ત્યાં જઈને ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું :

'અમને એક મણ ચંદનનાં સૂકાં લાકડાં જોઈએ છે, એ તમારા જેવા દાતા પાસેથી જ મળી શકે એમ છે, બીજે ક્યાંય નહીં, કારણકે અત્યારે વરસાદ પડે છે.'

યુધિષ્ઠિર : 'અત્યારે ? અત્યારે સૂકાં લાકડાં ક્યાંથી લાવીશું આ વરસાદમાં ? અને તમને તો સૂકાં લાકડાં જોઈએ છે ને ?'

શ્રીકૃષ્ણ : 'હા, એકદમ સૂકાં જોઈએ. અમને યજ્ઞ માટે જરૂરી છે.'

યુધિષ્ઠિર : 'જો એકાદ શેર જોઈતાં હોય તો આપી શકત, પણ મણ લાકડાં માટે તો થોડી રાહ જોવી પડશે.'

યુધિષ્ઠિરની પરીક્ષા લીધા બાદ બંને બ્રાહ્મણ વેશમાં કર્ણ પાસે પહોંચ્યા અને એને પણ એ જ કહ્યું : 'અમને એક મણ ચંદનનાં સૂકાં લાકડાં જોઈએ છે.'

કર્ણ : 'અત્રે તો વરસાદ પડે છે, પરંતુ થોભો ભૂદેવ ! મારા મહેલના દરવાજાનાં લાકડાં ચંદનનાં છે અને સૂકાં છે. એ હું હમણાં તમને આપી દઉં છું.'

આમ કહીને કર્ણે પોતાના મહેલના દરવાજા કાઢી આપ્યા. પલંગ વગેરે બીજું જે કંઈ ચંદનમાંથી બનાવેલું રાચરચીલું હતું એ બધું પણ કાઢી આપ્યું અને બ્રાહ્મણ વેશધારી શ્રીકૃષ્ણ અને અર્જુનની મનોવાંચ્છા પૂરી કરી.

ત્યારે બ્રાહ્મણ વેશધારી શ્રીકૃષ્ણે કહ્યું : 'કર્ણ ! તમે અમારી આ તુચ્છ ઇચ્છા માટે મહેલના દરવાજા શા માટે કાઢી આપ્યા ?'

કર્ણ : 'બ્રાહ્મણદેવતા ! **કોને ખબર કાલે હું જીવતો હોઈશ કે નહીં,** તેથી આજે જ આ હાથથી જેટલું સત્કર્મ થઈ જાય એટલું સારું છે. કોને ખબર કાલે મોત આવી જાય તો ?'

મૃત્યુ ક્યારેય પણ આવી શકે છે, ક્યાંય પણ આવી શકે છે, કોઈ પણ નિમિત્તે આવી શકે છે. આ વાત આપણે સદૈવ યાદ રાખવી જોઈએ.

## જ્ઞાન, સાધના અને વિનય

જ્ઞાનપ્રાપ્તિની પૂર્ણ શરત વિનય છે. વિનય વિના વિદ્યા ચડે નહીં અને વિનયથી જ વિદ્યા શોભે છે. ગુરુ પ્રત્યે અર્પણભાવ અને જેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તેના પ્રત્યે પરમ વિનયભાવ જ જ્ઞાન અને વિદ્યાના અધિકાર બનાવશે. આ સંદર્ભે રાજા




શ્રેણિકના જીવનનો પ્રસંગ રસપ્રદ છે.

શ્રેણિક મહારાજાના સમયમાં, એક હરિજન સગર્ભા પત્નીને કેરી ખાવાની ઇચ્છા થઈ, પરંતુ ઋતુ વિના આમ્રફળ ક્યાંથી મળી શકે ?

શ્રેણિકરાજાના દરબારમાં ઝાડુ કાઢવા જતી એક બાઈએ આ શુદ્રને બાતમી આપી કે રાજ્ય દરબારમાં એક આંબો છે, તે ત્રણે ઋતુમાં પાકે છે (ફળો આપે છે) અને તેનો ઉપભોગ માત્ર રાજપરિવાર કરે છે. આંબાના વૃક્ષનું ધ્યાન રાખવા માટે ચોકીદારનો સખત બંદોબસ્ત છે, તેથી તેની કેરી કોઈ લઈ શકે તેમ નથી. આ સાંભળી આ હરિજન નિરાશ થવાને બદલે આનંદમાં આવી ગયો. કારણ કે તેની પાસે અપહરણવિદ્યાનું જ્ઞાન હતું માટે આંબા પરથી કેરી દરરોજ લાવીને તેની પત્નીને ખાવા માટે આપવા લાગ્યો, આ રીતે આંબા ઉપરથી હંમેશાં એક કેરી ઓછી થતી જોઈને ચોકીદારો વિસ્મય પામ્યા અને આ બાબતની રાજાને જાણ કરવાથી, રાજાએ તપાસ કરવાનો હુકમ કર્યો પણ તપાસ કર્યા પછી પણ ચોરનો પત્તો ન લાગવાથી છેવટે ચોરને માફી આપવાનું રાજાએ જાહેર કરવાથી, હરિજન જાતે હાજર થયો અને પોતે અપહરણવિદ્યા વડે કેરીઓ ચોરી જાય છે એવી હકીકત જાહેર કરી. આ જાણીને શ્રેણિક રાજાને આશ્ચર્ય થયું અને શુદ્ર-હરિજનને આ વિદ્યા પોતાને શીખવવાનો હુકમ કર્યો.

શ્રેણિકરાજા સિંહાસન ઉપર બિરાજમાન હતા અને હરિજન નીચે દૂર બેઠો હતો. આ સ્થિતિમાં વિદ્યા શીખવવી શરૂ કરી, બે-ત્રણ વાર હરિજને મહેનત કરી, પણ શ્રેણિકરાજા એ વિદ્યા શીખી શક્યા નહીં. આ જોઈને બુદ્ધિશાળી રાજપુત્ર અભયકુમારે વિનય સહિત કહ્યું, ''પિતાજી, વિનય વિના વિદ્યા મળે નહીં'' આ સાંભળીને ચતુર રાજા ચેતી ગયા અને શુદ્ર હરિજનને-ગુરુના સિંહાસન પર બેસાડી પોતે નીચેબેઠા, એટલે તરત જ રાજાને વિદ્યા પ્રાપ્ત થઈ.

આમ વિનય વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી.



# મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે?

મોક્ષમાર્ગમાં જવાના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું, દિગંતમાં જવું હતું, દિગંત એટલે જ્યાં દશે દિશાઓ વિલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંતના માર્ગે જવાનું દ્વાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો, કેટલાક પંડિતોએ-વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'અમે જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે દ્વાર ખોલી નાખો!

દ્વારપાલે કહ્યું, અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે, સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. સ્વ ઉપદેશનું મૂલ્ય છે – તમને મોક્ષમાં પ્રવેશ નહીં મળે.'

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે, કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનું પાલન કર્યું છે. અમારે માટે મોક્ષમાર્ગનો દ્વાર ખોલો.'

દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત-નિયમોનું પાલન અને તપ ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે... હા તમે ત્યાં યશ પ્રતિષ્ઠા અને માનસન્માન પામવાની ઈચ્છાથી અને સ્વર્ગનાં સુખો પામવાની ઈચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ ત્યાગ અને વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો. બાહ્યતપ સાથે

અંતરતપની જરૂર હતી. કામેચ્છારહીત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું માટે અહીં પ્રવેશ ન મળે... અહીંથી પાછા જાઓ.

ભીડ કંઈક ઓછી થઈ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઈએ.' દ્વારપાળ કહે તમારા દાન પાછળ પ્રછન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છુપાયેલી હતી. માટે શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી!

ભીડ ચાલી ગઈ, પરંતુ સૌથી પાછળ એક મનુષ્ય ઊભો હતો. દ્વારપાળે એને પૂછ્યું, 'ભાઈ તું હજુ કેમ ઊભો છે? અહીં શા માટે આવ્યો છે? તેણે કહ્યું, કોણ મને અહીં લઈ આવ્યું છે તેની મને ખબર નથી. મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી. મેં ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી. આમ મારી પાસે કશું નથી.'

'હા કોઈ જીવ સાથે મારે શત્રુતા ન હતી, કોઈને હું નડ્યો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. **મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે.** કોઈને દુઃખી જોઈ મારાં નયનો કરુણાજલથી છલકાઈ ઊઠતા સંતો અને સજ્જનો જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો પણ માધ્યસ્થ ભાવ વડે હું તેની ઉપેક્ષા કરતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાના પ્રવેશ દ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી. માટે હું પણ પાછો વળું છું.' પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાલે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાંખ્યું હતું.

શાંત સુધારસનું પાન કરાવનાર આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષ માર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.



# ભૂમિનો પ્રભાવ

માનવ સહિત સકળ જીવસૃષ્ટિ પર ભૂમિનો પ્રભાવ અનિવાર્ય રીતે પડતો હોય છે. અમૂક સ્થળે બેસવાથી કે પસાર થતી વખતે આપણને શાંતિની અનુભૂતિ થતી હોય છે, કોઈક સ્થળે આપણને અજંપ ઉચાટનો અનુભવ થાય. આવું કેમ? એ સ્થળના વાયુ મંડળ, વાઈબ્રેશન સ્પંદનોને કારણે આપણને આવો અનુભવ થાય.

જે સ્થળે હિંસાત્મક પ્રવૃત્તિ થતી હોય કે થઈ હોય, દૂરાચાર, વ્યભિચાર અને પાપકારી પ્રવૃત્તિ થતી હોય તે ભૂમિનાં અશુભ વાતાવરણની અસર હોય ત્યાં અશાંતિ થાય. જ્યાં સત્કાર્યો પૂણ્ય કાર્યો, સદાચાર, ધર્મઆરાધના થઈ હોય તે ભૂમિના પરમાણુઓ શુભ હોય. પવિત્ર વાયુમંડળને કારણે અહીં માનવીની ચેતના જાગૃત થાય છે. આમ આપણા મન વચન અને કર્મ પર ધરતીનો પ્રભાવ પડતો હોય છે. માટે જ જ્યાં તીર્થંકરો ઋષિમુનિઓ એ સાધના અને વિચરણ કર્યું હોય તેવા પહાડો પર તીર્થસ્થાનોની સ્થાપના થઈ છે. વળી જે વન, જંગલ, નદી કીનારા, ગુફા જેવા સ્થળોએ રામકૃષ્ણ અને મહાવીર જેવા ભગવંતો એ વિચરણ કર્યું હોય તે તીર્થ તીર્થસ્થાનો બની જાય છે. ત્યાં સદૈવ શાંતિ અને પ્રસન્નતાની અનુભૂતિ થાય છે.

ભારત યાત્રા કરી રહેલા આદ્ય શંકરાચાર્યજીને કર્ણાટક બાજુમાં ઋષિઓના એક મઠની સ્થાપના કરવી હતી. તેઓ પવિત્ર સ્થળની શોધમાં

હતાં. એક દિવસ તેમણે એક દૃષ્ય જોયુ. ધગધગતી રેતીના ખાડામાં ફસાયેલો દેડકો, રેતીની ગરમીથી તરફડતો હતો. થોડીક વારમાં તે જોઈને એક સર્પ ત્યાં ધસી આવ્યો, તેણે તે દેડકા ઉપર ફણા કરીને છાંયડો કરી દીધો. સૂર્યાસ્ત સુધી સર્પે તે જ હાલતમાં સ્થિર રહી દેડકાને બચાવ્યો.

આવું કરૂણાસભર, મૈત્રીભાવયુક્ત દૃષ્ય જોઈ શંકરાચાર્યજીને વિસ્મય થયું. તેમણે આજુબાજુના ગામલોકોને આ ધરતી અને સ્થળના ભૂતકાળ વિશે પુછતાછ કરી. શૃંગેરી નામના મહાન તપસ્વીનો આશ્રમ ત્યાં હોવાની જાણ મળી. **શંકરાચાર્યજીએ એ ભૂમિને મઠ માટે પસંદ કરી** અને ત્યાં હમ્પીમાં શૃંગેરી મઠની સ્થાપના કરી.

યુદ્ધભૂમિના સ્થળની શોધમાં પાંડવો શ્રીકૃષ્ણ સાથે ફરી રહ્યાં હતાં. ફરતાં ફરતાં તેઓ એક ખેતર-વાડી પાસેથી પસાર થઈ રહ્યા હતાં. યુવાન પુત્ર અને પિતા કૂવામાંથી રેંટ વડે પાણી સીંચી રહ્યાં હતાં. એવામાં એક ઝેરી સાપે પુત્રને દંશ લીધો તત્કાળ પુત્ર મૃત્યુ પામ્યો. પિતાએ પુત્રના શબને આંબાના ઝાડની છાંયામાં મૂક્યું અને સ્વસ્થતાથી કામ કરવા લાગ્યો એટલામાં જ યુવાન પુત્રવધૂ ભાત (જમવાનું) લઈને આવી. સસરાએ પૂત્રવધૂને ઘટનાની જાણ કરી. બન્નેએ હાથ મોં ધોઈ લીધા અને શબ પર જમવાનું રાખી અને જમી લીધું. આખીએ ઘટનાનું નિરિક્ષણ કર્યા પછી કૃષ્ણએ કહ્યું કે આ ભૂમિ જ યુદ્ધને માટે યોગ્ય છે.

પાંડવોએ પશ્ન કર્યો, કેમ?

યુવાન પુત્ર અને યુવાન પતિના મૃત્યુનો આઘાત કોઈપણ પ્રત્યાઘાતમાં ન પરિણમ્યો, નિષ્ઠુર પરિણામી, બુઠ્ઠી સંવેદના અને પથ્થર જેવું હૈયું આ ભુમિનો પ્રભાવ છે. આ ભૂમિ યુદ્ધની અતિ દારૂણ કે ભયંકર ઘટનાને પચાવી શકશે શ્રી કૃષ્ણે જવાબ આપ્યો.

અને ભાવિમાં એ ભૂમિ કુરુક્ષેત્રની સંહારલીલાની સાક્ષી બની.

માતૃ-પિતૃ ભક્ત શ્રવણ, યાત્રા દરમ્યાન પાણીપતના મેદાનમાં દાખલ થતાની સાથે જ તેને વિચાર આવ્યો કે અરે! હું માણસ છું, માતા પિતા પણ માણસ છે તો મારે મારા મા-બાપનો ભાર શા માટે ઉપાડવો જોઈએ? એમ વિચારી ધડ દઈને કાવડ ધરતી પર મૂકી દીધી કારણ એ કે પાણીપતની ધરતીપર ખેલાયેલા ભયંકર યુદ્ધોથી ધરતી, ક્રોધ-કષાયના, અશુદ્ધ પરમાણુઓથી છલોછલ ભરેલી હતી, તેથી આયોગ્ય વિચાર આવી ગયો. આ મેદાન પસાર થઈ જતા શ્રાવણના વિચારોમાં મા-બાપ પ્રત્યે ભક્તિભાવ પૂર્વવત ઝલક્યો.

આ પ્રસંગમાં આપણને ભૂમિના પ્રભાવના દર્શન થાય છે.



# આપઘાઈ પશુ

જે દુધાળુ પશુ પોતાનું દુધ પોતે જ પી જાય તેને આપઘાઈ પશુ કહેવાય છે.

ગાય કે બકરી એ પોતાના બચ્ચાને દુધ આપવું જોઈએ તો જ બરાબર તેનું પોષણ થાય. વળી વધેલુ દુધ માલીકને આપવું જોઈએ કારણ કે માલીક તેનું ભરણ પોષણ કરે છે આમ દુઝણા પશુની પોતાના માલીક અને સંતાન પ્રત્યે ફરજ હોય છે.

હજારમાં એકાદ બે બકરી કે હજારોમાં એકાદ ગાય આપઘાઈ હોય છે તે ફરજથી ચ્યુત થાય છે પરંતુ માલીક તેના બચ્ચા માટે અને પોતાના માટે આપઘાઈ પશુના આંચળને એક કોથળી બાંધી દે છે. આવી કોથળી પહેરાવાથી તે પોતાનું દુધ પી શકે નહિ.

જ્ઞાનીઓ કહે છે કે હજારોમાં એકાદ આવું પશુ નિકળે પણ માણસનું શું?

વ્યક્તિ લાખો કરોડોની કમાણી કરે પોતાના સુખ, સગવડ અને ઈન્દ્રીયોના ગમતા વિષય માટે લખલુટ ખર્ચ કરે, પણ કેટલા લોકો ધર્મશાસન, સમાજ કે રાષ્ટ્રના હિત માટે દાન કે મદદ દ્વારા પોતાના ધનનો સદ્‌ઉપયોગ કરે છે?

સામાજીક, શૈક્ષણિક ધાર્મિક કે રાજકીય સંસ્થાઓમાં હોદ્દો લઈ સેવાના

નામે પરિગ્રહ કરી પોતાના સુખ માટે ઉપભોગ કરે છે આ બન્ને પ્રકારની વ્યક્તિઓને જ્ઞાનીઓએ આપધાઈ પશુ સાથે સરખાવેલ છે. જે નિષ્ઠાવાનો સેવાના ક્ષેત્રમાં છે અને જે દાનવીરો પોતાના પરિગ્રહના પહાડમાં તિરોડ પાડી દાનની ગંગા વહાવે છે તેને કામધેનુ સાથે સરખાવી શકાય.

એક વયસ્ક સંત દસ કિલોમિટરનો પાદ વિહાર કરીને સવારે ધર્મ સ્થાનકમાં પહોંચ્યા. રસ્તામાં પગમાં કાંટો વાગ્યાથી પીડા પણ હતી. છતાંય ધર્મ સભામાં પ્રવચન આપવા ઉભા થયા. ભક્તોએ કહ્યું મહારાજ સાહેબ! વિહારનો થાક છે અને પગમાં કાંટાની પીડા પણ હશે. તો આજે વ્યાખ્યાન મોકૂફ રાખો. સંતે સહજ વાત કરી. આ ધર્મસ્થાનકમાં આવી મેં ગરમ પાણી વાપર્યું. વળી આજે આહાર પણ હું ભક્ત જનોના ઘરેથી લાવીને જ કરીશ તેથી મારી ફરજ છે કે ધર્મ સભામાં મારે ધર્મ વાર્તા કરવી જ જોઈએ. પીડાને વિસારે પાડી તેમણે એક કલાક વ્યાખ્યાન આપ્યું.

એક વાર બંગાળના બાઉલ સંતે આ અંગે એક માર્મિક વાત કહી.; આપણાં કેટલાક ધાર્મિક પુરુષો પણઃ સબભૂમિ ગોપાલકીઃ ગણી ને બકરીની જેમ ઠેક ઠેકાણેથી શ્રુતી, સ્મૃતિ વેદ, વેદાંત વગેરેના ઝાડપાન ખાઈ અને અનુભવનું દુધ તો બનાવે છે પણ સમાજને પોષાણ માટે આપવાને બદલે જાતે જ હિમાલયમાં જઈ પી જાય છે,

પશુના આંચળને કોથળી પહેરાવી ભરવાડ કે ગોવાળ આપધાઈ ને નિયંત્રિત કરી શકે છે પણ માનવો માટે આવી કોઈ કોથળીની શોધ થઈ છે ખરી?

આપ્યું તે આપણું,
રાખ્યું તે રાખ થયું.



# યજ્ઞનું રહસ્ય

ઘણાં સમય પછી ઉપરા-ઉપરી અનાવૃષ્ટિના કારણે પ્રદેશ વેરાન બની રહ્યો હતો. તીવ્રતમ ઉષ્ણતા અને રોગો ને કારણે લોકો ત્રાહિમામ હતા.

રાજા વિચારે છે કે મારી પ્રજામાં હિંસા અને દુરાચારનું પ્રમાણ ખૂબ વધી ગયું હોય તો જ આવું બને.

હંમેશ પ્રજાની હિત ચિંતા કરવાવાળા રાજાએ કુળપુરોહિત બ્રાહ્મણો અને બુદ્ધિમાન મંત્રીઓને બોલાવી અને આનો ઉપાય સૂચવવા જણાવ્યું.

સર્વેએ યજ્ઞ કરવાનું સૂચવ્યું અને યજ્ઞની સંપૂર્ણ વિધિ સમજાવી. રાજન કહે છે કે આવા નિર્દોષ પશુઓને હોમી હિંસા કરવાથી શું ફળ મળે? રાજન મંત્રોચ્ચાર સાથે જે પ્રાણીઓ યજ્ઞમાં મૃત્યુ પામે તેને સ્વર્ગ મળે છે - રાજન વિચારે છે કે સ્વર્ગના ઉત્તમ સુખો કોને ન ગમે? ને આમજ થતું હોય તો બ્રાહ્મણો પશુને સ્થાને યજ્ઞમાં કેમ મૃત્યુને પસંદ કરતાં નથી? પરંતુ વિવેકી રાજાએ મૌન રહી વાતને બીજા વિષયમાં ફેરવી વિસારે પાડી.

થોડા સમય પછી પુનઃ રાજાને યજ્ઞ માટે આગ્રહ કર્યા કે પ્રજાના કલ્યાણ માટે યજ્ઞ એ આપનું કર્તવ્ય છે, ને યજ્ઞ એ દેવઋણની મૂક્તિનો એક માત્ર ઉપાય છે. વળી વિનંતીના ઉચ્ચ સૂરમાં કહે છે કે, પ્રજાના ધર્મ અર્થ અને કામ અંગેના કાર્યમાં આપ નિપૂણ છો તો હવે વિલંબ નિવારો હે બોધિસત્વ! યજ્ઞ કરવાથી આપ દેશ દેશાવરમાં યજ્ઞ જાતક રૂપે પ્રસિદ્ધિ પામશો.

ગહન ચિંતન મનન પછી ચતુર રાજન કહે છે કે હું સહસ્ત્ર નરમેઘ મહાયજ્ઞ કરવા ઇચ્છું છું. આપ સૌ રાજના હિતચિંતક છો. મહા આત્માઓ, મંત્રીઓ, પુરોહિતો યજ્ઞની તૈયારી કરો જેથી આપણે તુરંત યજ્ઞનો આરંભ કરી શકીએ.

પુરોહિત કહે રાજા ધીરજ રાખો યજ્ઞની તૈયારીમાં ત્રણ માસનો સમય જોઈએ વળી એક સાથે સો નર-પશુઓને પકડવાથી પ્રજાપણ નારાજ થશે. રાજાએ કહ્યું કે હું એ રીતે કાર્ય કરીશ કે પ્રજાએ જરા પણ નારાજ નહિ થાય.

રાજાએ નગર અને ગ્રામવાસીઓની એક સભામાં કહ્યું કે હું સહસ્ત્ર નરમેઘ યજ્ઞ પ્રજાના કલ્યાણ માટે કરવા ઈચ્છું છું. પરંતુ પુણ્યવાન સદાચારી મનુષ્યને યજ્ઞ માટે પશુને સ્થાને મૂકવા ઈચ્છતો નથી પણ જે દુર્જન અને દુરાચારી હશે તેનેજ પકડવામાં આવશે. નગર-ગ્રામવાસીઓએ રાજાના વચનનો સ્વીકાર કરી લીધો.

રાજાએ ગામે ગામ ઢંઢેરો પીટાવ્યો. ઘોષણા કરી કે નરમેઘ યજ્ઞ માટે રાજાનું ફરમાન છે કે ચોર, લુંટારા, દુરાચારી, મારામારી, ઝઘડા કરનાર અન્યને પીડા દેનાર પાપીઓને હજારોની સંખ્યામાં પકડીને યજ્ઞ માટે પશુને સ્થાને મૂકવામાં આવશે. મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સાંમતો સહિત તમામ વર્ણની વ્યક્તિઓ માટે આ આજ્ઞા શિરોધાર્ય રહેશે.

ત્રણ માસ પછી **કરોડો સૈનેયાના વ્યયે આ યજ્ઞ કરવામાં આવશે** આને માટે રાજ્યના ગુપ્તચરો, સામંતો, રાજપુરુષો અને પોલીસો ગામો અને નગરોમાં પાપીઓની શોધ કરશે.

મૃત્યુના ભય, પરલોકની ચિંતા, કુળ અભિમાન અને લજ્જાને કારણે લોકો ધર્મ પરાયણ બનવા માંડ્યા પ્રજામાં વિવાદ ને સ્થાને સંવાદ સ્થપાયો હિંસાના સ્થાને દયા. વાયુમંડળમાં પવિત્રતા પ્રસરી ગઈ લોકોમાં પાપવૃત્તિને સ્થાને ધર્મ અને પુણ્ય કાર્યોની પ્રતિષ્ઠા થઈ ગુપ્તચરો અને સામંતોએ કહ્યું કે ત્રણ મહિના પૂર્ણ થવા આવ્યા પણ યજ્ઞ માટે માણસો મળતા નથી. કારણ પ્રજા ધર્માચરણમાં જીવે છે. પાપી મળતાં નથી. રાજાએ ગુપ્તચરોને પારિતોષિક થી નવાજ્યા.

રાજાએ સામંતોને અને મંત્રીઓને કહ્યું કે જે ધન યજ્ઞમાં વાપરવાનું હતું તે હવે પ્રજાના કલ્યાણમાં વાપરીયે. ઠેર ઠેર દાનશાળા ખોલી દરિદ્રોને દાન આપવાનું શરૂ કર્યું. રોગીઓ માટે ઔષધિ-ઉપાચારનું દાન શરૂ કર્યું. રાજ્યમાં પૂણ્ય કાર્યો વધવાથી પ્રકૃતિ પ્રસન્ન થઈ વર્ષાની મહેર થઈ ઔષધિઓ પહેલા કરતાં વધુ ગુણકારી થઈ. પ્રજા રોગોથી મુક્ત થઈ.

આદર્શ રાજાની અહિંસક વિચારધારા અને પ્રજાને સદાચારી જીવનશૈલીની પ્રેરણાથી પ્રકૃતિ અને ઋતુ સહાયક બની. સમગ્ર રાજ્યમાં આનંદ અને પ્રસન્નતા છવાઈ ગઈ.



# મૃત્યુનો પગરવ .....

આગમ યુગના લખાણો અને કથાનુયોગમાં ભરતના આંતરવૈભવ દર્શાવતા કેટલાક જૈનાચાર્યો અને વિદ્વત્તજનોએ ટીકામાં લખેલા પ્રસંગો મળે છે. તેમાંથી એક પ્રસંગ પ્રેરક રસપ્રદ છે.

એક દિવસ એક બ્રાહ્મણે આવીને ભરતને કહ્યું કે, લોકો આપને વૈરાગી સમજે છે. આપ આવા ભવ્ય મહેલમાં રહો છો તો વૈરાગી કઈ રીતે ?

મારું મન કહે છે કે, ભરત ચક્રવર્તી વૈરાગી છે, તો મહેલમાં કેમ રહે છે ? અને મહેલમાં રહે છે તો તેને વૈરાગી કઈ રીતે કહી શકાય ? મને આશ્ચર્ય એ વાતનું છે કે, રાજા વૈરાગી છે તો આવા આશ્ચર્ય વચ્ચે રાણીઓના રંગ-રાગ વચ્ચે કેમ? અને રાણીઓના રંગરાગ વચ્ચે તે વૈરાગી શી રીતે રહી શકે? મને એ સમજાતું નથી કે સિંહાસન પર, રાજમુગટ સાથે શોભતી વ્યક્તિ વૈરાગી કઈ રીતે? મહારાજ, મારી આ જિજ્ઞાસનું સમાધાન કરો. શું આપના મનમાં પાપ-વિકાર વાસના નથી ઊઠતી? આવી જીવનસ્થિતિમાં આપ વૈરાગી કઈ રીતે રહી શકો છો તે મને સમજાવો.'

ચક્રવર્તી ભરતે કહ્યું, 'વિપ્રદેવ, તમારી શંકા ઉચિત છે. આપને એનું સમાધાન જરૂર મળશે. પરંતુ એ પહેલાં આપે મારી એક આજ્ઞાનું પાલન કરવું પડશે.' આજ્ઞા કરો મહારાજ, હું તૈયાર છું' વિપ્રે કહ્યું.

મહારાજા ભરતે તેલથી છલોછલ ભરેલો એક વાટકો બ્રાહ્મણના હાથમાં પકડાવતાં કહ્યું કે, તમારે મારા અંતઃપુરમાં જવાનું છે. અંતઃપુરના એક-એક ખંડમાં મારી દરેક રાણીને જોવાની છે અને પછી મને બતાવવાનું છે કે મારી સૌથી સૌંદર્યવાન રાણી કઈ

છે? અને સમસ્ત અંતઃપુરમાં તમને કઈ વિશિષ્ટતા લાગી ?

બ્રાહ્મણે તો રાજી થઈને કહ્યું કે, 'મહારાજ હમણાં જ તમારી આજ્ઞાનું પાલન કરીને આવું છું.'' ભરતે કહ્યું, ભાઈ ! 'ઉતાવળ ન કરો. મારી બીજી વાત સાંભળો.' વિપ્ર કહે, શું ? ભરતરાજાએ કહ્યું કે, 'તમારે અહીંથી અંતઃપુરમાં જવાનું છે. અંતઃપુરની વિશિષ્ટતાનાં દર્શન કરવાના છે. આવતા-જતા તમારા હાથમાં સંપૂર્ણ તેલથી છલોછલ ભરેલો કટોરો હશે. તમારી પાછળ બે સૈનિક ખૂલ્લી તલવાર લઈને ચાલતા હશે. જો રસ્તામાં તમારા હાથમાં રહેલા કટોરામાંથી એક ટીપું પણ તેલ ઢોળાશે તો સૈનિક તમારી ગરદનને ધડથી અલગ કરી દેશે. બ્રાહ્મણ ભયભીત થઈને કહે કે, આ શરત તો બહુ આકરી છે.રાજા કહે, 'હા, કઠિન તો છે, પરંતુ જે અંતઃપુરમાં રાજા સિવાય કોઈ પણ વ્યક્તિને પ્રવેશ ન મળી શકે ત્યાં તમને પ્રવેશ મળશે, જે રાણીઓના સૌંદર્યનું દર્શન દેવોને પણ દુર્લભ છે તે તમને મળશે.'

વિપ્ર તો હાથમાં કટોરા સાથે પૂરા ધ્યાનથી સંપૂર્ણ સાવધાનીથી અંતઃપુર તરફ એક એક ડગ માંડવા લાગ્યો. અંતઃપુરની સુંદર સજાવટ, ફૂલો, નૃત્ય, વાજિંત્રો, ગીતો, અત્તરની ખુશ્બુ અને સૌંદર્યસુંદરીઓ પાસેથી પસાર થઈ ગયો. સમગ્ર અંતઃપુરની પરિક્રમા કરી અને ખૂબ હાંફતો હતો. રાજા ભરતે પૂછ્યું કે, બતાવો મારી સૌથી સુંદર રાણી કઈ ? મારા અંતઃપુરમાં શું વિશિષ્ટ લાગ્યું ?

રાજા ! આપ કઈ રાણીની વાત કરો છો ? રાણીઓ ક્યાં હતી ? કેવી હતી ? કેટલી હતી ? તે મને કશું દેખાયું જ નથી. મેં તમારું અંતઃપુર જોયું જ નથી, તો તેની વિશિષ્ટતા તમને શું કહું ?

રાજા કહે, આ સેવકો તો કહે છે કે, તમે સમગ્ર અંતઃપુરને પરિક્રમા લગાવી છે, તો ત્યાં શું જોયું ?

વિપ્ર કહે, હું શું કહું, મેં શું જોયું ?

**'તેલથી છલછલતા ભરેલા કટોરામાં મેં માત્ર મારા મોતનું પ્રતિબિંબ,** ચમચમતી ઉઘાડી તલવાર સાથે ચાલતા સૈનિકોના પ્રત્યેક કદમમાં મને મૃત્યુ મારી નજીક આવતું દેખાયું હતું.'

રાજા કહે, 'મારી રાણીઓનું સૌંદર્ય તમને ન દેખાયું ? અંતઃપુરમાં ચાલી રહેલા સુંદર નૃત્યને તમે ન જોયાં ?'

વિપ્ર કહે, 'મને ક્ષણે ક્ષણે મૃત્યુનો બિહામણો અને વિકરાળ ચહેરો દેખાતો હતો. અંતઃપુરમાં નૃત્ય નહીં, મને ખૂલ્લી તલવાર સાથે ચાલતા સૈનિકોમાં, મારા મોતનું તાંડવનૃત્ય દેખાતું હતું. હે રાજન, મને મૃત્યુનું સ્મરણ હતું.

ચક્રવર્તી ભરત કહે, 'ભાઈ ! આ જ તમારી જિજ્ઞાસાનું સમાધાન છે. ભાઈ, જે રીતે રાણીની સમીપ જવા છતાં તમને રાણી પ્રત્યે કોઈ પાપ વિકાર ન જાગ્યો. માત્ર તમને મૃત્યુ જ દેખાયું તેમ મને પણ આ અપાર સમૃદ્ધિ અને વૈભવ પ્રત્યે આસક્તિ નથી, પરંતુ મને સતત મૃત્યુનું સ્મરણ છે. મૃત્યુનાં પગલાંનો અવાજ મને સતત મારી તરફ આવતો

સંભળાય છે. મારા માથે મોત ભમે છે, એ ગમે ત્યારે ત્રાટકશે તેનાથી હું સભાન છું. એટલે જ આ વૈભવી વાતાવરણમાં વાસનાના કાદવ-કીચડ મને સ્પર્શતાં નથી. અને હું આ કીચડ ઉપર કમળની જેમ ખીલીને રહી શકું છું. રંગ-રાગમાં પણ હું વૈરાગ્યની ચાદર ઓઢીને નિર્લેપભાવે જીવી શકું છું. હું સુવર્ણ સિંહાસન પર મણિમુગટ ધારણ કરી બેસું છું. રાણીઓ સાથે બેસું છું - ઊઠું છું. રાજ્યની ધુરાને સંભાળું છું. દરેક કર્તવ્ય બજાવવાની સાથે મૃત્યુનો પગરવ સતત મારા તરફ આવતો સાંભળતો રહું છું. એટલે જ પાપ વિકાર મને સ્પર્શતા નથી. માયાથી હું પ્રભાવિત થતો નથી. પરંતુ દિવ્ય આત્મા સાથે મારું સતત અનુસંધાન છે એટલે જ લોકો મને વૈરાગી કહેતા હશે.'

ભરતરાજાએ ભવ્યતાના પ્રદર્શન વચ્ચે દિવ્યતાને સંગોપી દીધી છે એ જ તેમના ઉત્કૃષ્ટ અનાસક્ત ભાવનું રહસ્ય છે.

# ગુરુજીની વિશિષ્ટ કસોટી

**વિ**દ્યાવાન અને અવિદ્યાવાનની પરખ માત્ર એ કેટલું ભણેલ છે, તેણે કેવી પદવી પ્રાપ્ત કરી છે તેના પરથી નથી કરી શકાતી.

જેની વ્યાવહારિક, સાત્ત્વિક અને ધર્મયુક્ત બુદ્ધિ, બૌદ્ધિ પ્રતિભા, સિદ્ધાંતનિષ્ઠા, તત્ત્વાર્થ શ્રદ્ધા, જેની વિવેકયુક્ત બુદ્ધિનું ઝરણું પ્રજ્ઞા તરફ પ્રવાહિત થતું હોય તે જ સાચો વિદ્યાવાન છે. આના સંદર્ભે ઉપનિષદમાં એક સુંદર પ્રસંગ મળે છે.

આચાર્ય દ્રુમતકૌશલે પોતાની પત્નીને કહ્યું કે, ભદ્ર ! મનુષ્યની સંપૂર્ણ સફળતાનો આધાર વિદ્યા છે. ભગવતી ! આપણી કન્યા જે સર્વ પ્રકારે વિદ્યાવાન, ગૃહકાર્યમાં નિપુણ, સુશીલ છે એવો જ વિદ્યાવાન પુરુષ તેને વર તરીકે મળે તો તેના જીવનમાં સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય !

આચાર્યપત્નીએ કહ્યું, 'હે આર્યશ્રેષ્ઠ, આવા આદર્શ યુવકની શોધ કરવી આપને માટે કઠીન નથી, કારણ કે તમારા ગુરુકુળમાં માત્ર સામાન્ય નાગરિકો જ નહીં પરંતુ કુરુ, કૌશલ, કાંચી, મગધ, અરૂ, અર્પમારણ્ય, કમ્બોજ, વારાણસી અને અલકાદ્વીપના રાજકુટુંબોના અનેક શ્રેષ્ઠીપુત્રો વિદ્યાભ્યાસ



માટે આવે છે તેમાંથી આપ એક પ્રતિભાવંત યુવાનને શોધી કાઢો.

વિદ્યાનો અર્થ માત્ર બૌદ્ધિક પ્રતિભા જ નહીં, નીતિપૂર્ણ વ્યાવહારિક જીવન, સત્ત્વશીલ આચરણ જ વિદ્યાવાનનું લક્ષણ છે. હું છાત્રોની પરીક્ષા કરીશ, કદાચ એમાંથી કોઈ વિદ્યાવાન મળી પણ જાય. આચાર્ય દ્રુમતકૌશલે કહ્યું.

આચાર્યે ગુરુકુળના સમસ્ત સ્નાતક છાત્રોને આમંત્રિત કરીને કહ્યું કે, ‘તમે સૌ જાણો છો કે મારી કન્યા વિવાહ કરવાને યોગ્ય ઉંમરે પહોંચી છે. મારી પાસે ધન નથી, તમે દરેક પોતપોતાના ઘરે જઈને મારી કન્યા માટે એક-એક આભૂષણ લઈ આવો જે, સર્વશ્રેષ્ઠ ઘરેણું લાવશે તેની સાથે હું મારી કન્યાના વિવાહ કરીશ. પરંતુ મારી એક શરત છે. આ આભૂષણ લાવાની વાત ગુપ્ત રાખવી પડશે. માતા-પિતા તો શું, અગર ડાબો હાથ આભષૂણ લાવે તો જમણા હાથને પણ ખબર ન પડવી જોઈએ.’

દ્રુમત ઉપકૌશલાચાર્યની કન્યા અસાધારણ વિદુષી સુશીલ અને ગુણવતી હતી. પ્રત્યેક યુવાન તેને પામવા ઉત્સુક હતો. તેથી દરેક પોતાના ઘેરથી ચોરીછુપીથી આભૂષણ લાવવા માંડ્યા, ઘરેણાનો ઢગલો થયો, **આચાર્યને જે ઘરેણાની ઝંખના હતી તે આભૂષણ કોઈ ન લાવ્યું.**

બધાની પાછળ છેલ્લે વારાણસીનો રાજકુમાર બ્રહ્મદત્ત આવ્યો,

નિરાશ વદને ખાલી હાથે. આચાર્યએ પૂછ્યું, 'વત્સ ! તું કાંઈ ન લાવ્યો ?' તેણે વિનયપૂર્વક કહ્યું, 'હા ગુરુદેવ ! આપે આભૂષણ લાવવા સાથે શરત પણ રાખી હતી, જમણો હાથ આભૂષણ લાવે તો ડાબાને ખબર ન પડે તેમ ગુપ્ત રીતે આ કાર્ય કરવાનું હતું. ખૂબ જ યુક્તિપ્રયુક્તિ કરી છતાં આવું એકાંત મને ન મળ્યું. મારા માટે આ શરત પૂર્ણ કરવી અસંભવ લાગી.' આચાર્યે કૃત્રિમ ક્રોધ સાથે વિસ્મયપૂર્વક પ્રશ્ન કર્યો, 'વત્સ ! શું તારાં માતા-પિતા કે અન્ય કુટુંબીજનો સૂતાં નથી ? રાતના આભૂષણ લઈ શકાય. બધા જ છાત્રો લગભગ આ જ રીતે આભૂષણો લાવ્યા છે.'

બ્રહ્મદત્તે વિનમ્રતાથી જવાબ આપ્યો, 'ગુરુદેવ, અન્ય મનુષ્યો વિનાનું એકાંત તો મળવું સુલભ હતું પરંતુ મારો આત્મા જે અનંતજ્ઞાની પરમાત્મા સ્વરૂપ છે તેની ઉપસ્થિતિની અનુભૂતિ મને થતી હતી. તેનાથી છુપાવીને ઘરેણાં-આભૂષણ લાવવાનું મારે માટે અસંભવ બન્યું. આ કારણે હું આપની શરત પૂરી કરી શકું એમ ન હતું.

આચાર્યની આંખો આનંદથી ચમકી ઉઠી. તેમણે સ્નાતક બ્રહ્મદત્તને છાતી સરસો ચાંપી તમામ સ્નાતકોનાં આભષૂણો પરત કરી પોતાની દૈદીપ્યમાન કન્યાનો હાથ બ્રહ્મદત્તને સોંપ્યો.

સદાચાર જીવનનું આભુષણ છે.

# ગુણવંત બરવાળિયાનાં પુસ્તકો, સર્જન તથા સંપાદન

ખાંભા (અમરેલી)ના વતની ગુણવંતભાઈએ C.A સુધી અભ્યાસ કર્યા બાદ, હાલ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે. જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વ વાત્સલ્ય પ્રયોગિક સંઘ, મુંબઈ-ચીંચણી, કાલ્પતરુ સાધના કેન્દ્ર-દેવલાલી, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ-અમદાવાદ, પ્રાણગુરુ જૈન સેન્ટર, અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર, એમી.બી. બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટિક ઈન્સ્ટિટયૂટ વગેરેમાં ટ્રસ્ટી છે. ઘણી સંસ્થાઓનાં મુખપત્રમાં તંત્રી તરીકે સેવા આપેલ છે. અમેરિકા, સિંગાપોર વગેરેમાં તેમના સફળ પ્રવચનો યોજાયાં છે. તેમનાં ધર્મપત્ની મધુબહેને હિન્દી સાહિત્યમાં ડૉક્ટરેટ કરેલ છે. તેમના મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલા લેખના ''પ્રથમ જૈન પત્રકાર એવોર્ડ'' તથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો તેમના પુસ્તક ''વિશ્વ કલ્યાણની વાટે'' ને પ્રથમ એવોર્ડ મળેલ, તેમને જૈન તત્વજ્ઞાન અને સાહિત્યના કાર્ય માટે, ઈન્સ્ટીટયુટ ઓફ જૈનોલોજી લંડન UK તરફથી Life time achivement award અર્પણ કરવામાં આવેલ.

• પ્રીત-ગુંજ • શ્રીમદ્ રાજચંદ્ર એક દર્શન • અમૃતધારા • સમરસેન વયરસેન કથા • સંકલ્પસિદ્ધિનાં સોપાન • Glimpsis of world Religion • Introduction of Jainisim • Cemmentray on non-violence Kamdhenu (wish cow) • Glorry of detechment • ઉપસર્ગ અને પરિસહ પ્રધાન જૈન કથાઆ • વિનયધર્મ • ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના-ભારતીય સંસ્કૃતિમાં ગુરુમહિમા • આગમ અવગાહન • જ્ઞાનધારા (ભાગ-૧થી૨૦) • કલાપી દર્શન (ડૉ. ધનવંત શાહ સાથે) • જૈન ધર્મ (પરિચય પુસ્તિકા) • અહિંસા મીમાંસા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) • ચંદ્રસેન કથા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) • અમરતના આરાધક • જૈનદર્શનમાં કેળવણી વિચાર • જૈનદર્શન અને ગાંધીવિચારધારા • અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી • આપની સન્મુખ • મર્મ સ્પર્શ (ડૉ. જયંત મહેતા સાથે) • વિતરાગ વૈભવ • આગમદર્શન • જૈન કથાનકોમાં આત્મદર્શન • જીવન-સંધ્યાએ અરુણોદય • સર્વધર્મદર્શન • આદર્શ કેળવણીનું ઉપનિષદ • અણગારનાં અજવાળાં (પ્રો. પ્રવીણાબહેન ગાંધી સાથે) • ઉરનિર્ઝરા (કાવ્યસંગ્રશ) • ઉત્તમ શ્રાવકો • દામ્પત્ય વૈભવ • જૈન મંત્ર સ્તોત્ર • ભગવાન મહાવીર અને સંયમજીવન • Aagam An Introduction • Development & Impact of Jainism is India & Abroad • જૈન પત્રકારિત્વ • અધ્યાત્મ આભા • શ્રી ઉવ્વસગ્ગહરં સ્તોત્ર : એક અધ્યયન • શ્રુતજ્ઞાનનાં અજવાળાં • શૈલેષી • જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો • જૈન વિશ્વકોશ ખંડ : ૧-૫ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે • પાકિસ્તાનના જૈન મંદિરો (અનુવાદ) • જૈન ધર્મ ગઈકાલ, આજ અને આવતીકાલ • ભગવાન મહાવીરની વાણીઃ અગમ • આધ્યાત્મિક કાવ્યોમાં આત્મદર્શન. સાંપ્રત સમસ્યાનું ધર્મમાં સમાધાન • જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર • વિચાર મંથન

E-mail : gunvant.barvalia@gmail.com 022-2500 0900